અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

18 FEBRUARY-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 227 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથેની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહીશ: ગયા વર્ષે પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારાથી.....

4 
વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં ભારત 138મા સ્થાને


6 
ટીમ ઈન્ડિયામાં ફેરફારના એંધાણ! આ બે સ્ટાર ગુજરાતી ખેલાડીઓને અપાઈ શકે છે આરામ

7 
સેન્સેક્સ 173 પોઈન્ટ વધીને 83,450 પર બંધ: નિફ્ટીમાં 42 પોઈન્ટનો વધારો, બેંકિંગ અને આઈટી શેરોમાં ખરીદી જોવા મળી

## તારિક રહેમાન બાંગ્લાદેશના નવા વડાપ્રધાન બન્યા

### સંસદ ભવનમાં શપથ લીધા, 25 કેબિનેટ અને 24 રાજ્યમંત્રીઓ સરકારમાં સામેલ

ઢાકા, તા.17





BNPના અધ્યક્ષ તારિક રહેમાને બાંગ્લાદેશના નવા વડાપ્રધાન પદના શપથ લીધા છે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને સંસદ ભવનમાં તારિકને વડાપ્રધાન પદના શપથ લેવડાવ્યા. તારિક રહેમાને પીએમ પદના શપથ લેતા જ બાંગ્લાદેશને 36 વર્ષ પછી કોઈ પુરુષ PM મળ્યા છે. રહેમાન ઉપરાંત, 25 કેબિનેટ મંત્રીઓ અને 24 રાજ્યમંત્રીઓએ પણ શપથ લીધા. જેમાં એક હિન્દુ મંત્રીનો પણ સમાવેશ થાય છે. 25 કેબિનેટ મંત્રીઓમાંથી 17 નવા ચહેરાઓ છે. રાજ્યમંત્રીઓમાંથી ચોવીસ નવા છે. વડાપ્રધાન તારિક રહેમાન પણ પહેલી વાર મંત્રીમંડળમાં સભ્ય બની રહ્યા છે. આ સમારોહમાં હાજરી આપવા માટે વિવિધ દેશોના પ્રતિનિધિઓ ઢાકા પહોંચ્યા હતા. આ સાથે, લોકસભા સ્પીકર ઓમ બિરલા ભારત વતી શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા ઢાકા પહોંચી ગયા હતા. આ દરમિયાન, બંધારણીય સુધારાઓ પર રાજકીય સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. 12 ફેબ્રુઆરીની સંસદીય ચૂંટણીઓ સાથે જુલાઈ ચાર્ટર પર લોકમત યોજવામાં આવ્યો હતો. તેમાં 62% લોકોએ 'હા' મત આપ્યો. જુલાઈ ચાર્ટર મુજબ, નવી સંસદ 180 દિવસ માટે બંધારણ સભા તરીકે કાર્ય કરશે. આ સમયગાળા દરમિયાન, તેની પાસે બંધારણ અને લોકશાહી સંસ્થાઓમાં સુધારો કરવાની સત્તા હશે. જુલાઈ ચાર્ટરનો ઉદ્દેશ્ય દેશમાં સત્તાના એકાધિકારનો અંત લાવવા અને બેલેન્સ કરવાનો હતો. તે વડાપ્રધાનની તાકાત ઘટાડશે અને રાષ્ટ્રપતિને અધિકાર આપશે. BNPએ જુલાઈ ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ તેના નેતાઓ ઘણી જોગવાઈઓ સામે વાંધો ઉઠાવી રહ્યા છે, અને કહી રહ્યા છે કે ચાર્ટરનો મુસદ્દો તૈયાર કરતી વખતે તેમની કોઈ સલાહ લેવામાં આવી ન હતી. શપથ ગ્રહણ સમારોહ માટે 13 દેશોને સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યું હતું, જેમાં ભારત, ચીન, પાકિસ્તાન જેવા મોટા નામ સામેલ હતા. ભારત તરફથી લોકસભા સ્પીકર ઓમ બિરલા પહોંચ્યા હતા. તેમની સાથે વિદેશ સચિવ વિક્રમ મિસરી પણ સામેલ થયા. સમારોહમાં કુલ લગભગ 1,200 મહેમાનો સામેલ થયા. BNP સ્થાયી સમિતિના સભ્ય અને સાંસદ સલાહુદ્દીન અહેમદે જણાવ્યું હતું કે કોઈપણ પક્ષના સાંસદો કાઉન્સિલના સભ્ય તરીકે શપથ લેશે નહીં. વર્તમાન બંધારણમાં આવી કાઉન્સિલની જોગવાઈ નથી, કે તેમાં અલગ શપથ ફોર્મેટ નથી. તેમનું કહેવું છે કે સંસદના સભ્યો ફક્ત સંસદમાં સેવા આપવા માટે ચૂંટાય છે, બંધારણીય સુધારણા પરિષદ માટે નહીં. આ કાઉન્સિલને કાયદેસર બનાવવા માટે, તેને પહેલા બંધારણમાં સુધારો કરીને સમાવિષ્ટ કરવી પડશે, પછી સંસદ દ્વારા અપનાવવામાં આવશે, અને તે પછી જ તેને શપથ ગ્રહણ માટે કાનૂની આધાર મળશે. આ કાઉન્સિલ જુલાઈ ચાર્ટર હેઠળ બંધારણીય સુધારાઓ લાગુ કરવા માટે બનાવવામાં આવી હતી.

યોજના એવી હતી કે નવા સંસદ સભ્ય તેમજ આ કાઉન્સિલના સભ્ય બને અને બંને માટે શપથ લે, પરંતુ BNPએ તેને ગેરબંધારણીય ગણાવ્યું અને ફક્ત સંસદ સભ્ય તરીકે શપથ લીધા. BNP સુધારાઓમાં ભાગ લેવા તૈયાર છે, પરંતુ જો પ્રક્રિયા સંપૂર્ણપણે બંધારણીય અને કાયદેસર રીતે યોગ્ય હોય તો જ. આ બીએનપીની સાવધ અને સૈદ્ધાંતિક સ્થિતિને દર્શાવે છે, જેથી ભવિષ્યમાં કોઈ કાનૂની પડકારો ન આવે. જુલાઈ ચાર્ટર વડાપ્રધાન માટે 10 વર્ષ (અથવા મહત્તમ બે ટર્મ) ની કડક ટર્મ લિમિટ લાદે છે, જે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ વ્યક્તિ લાંબા સમય સુધી સત્તામાં રહી શકે નહીં. PM પક્ષના વડાનું પદ સંભાળી શકતા નથી, ઈમરજન્સીની જાહેરાત માટે મંત્રીમંડળ અને વિપક્ષી નેતાની લેખિત સંમતિની જરૂર પડશે; રાષ્ટ્રપતિની ભૂમિકા મજબૂત બનાવવામાં આવશે. જેમ કે, રાષ્ટ્રપતિને ઘણી સ્વતંત્ર સંસ્થાઓના વડાઓની નિમણૂકમાં વધુ સ્વતંત્ર સત્તાઓ મળશે, જે અગાઉ PMના પ્રભાવ હેઠળ હતી.

બાઈમેકરલ સંસદ (ઉપલા ગૃહ)ની રચનાથી પીએમ-કેન્દ્રિત નીચલા ગૃહના નિર્ણયોને નિયંત્રિત કરશે અને ઘણી સંસ્થાઓ માટે અલગ પસંદગી સમિતિઓની રચના કરવામાં આવશે, જે પીએમના એકપક્ષીય નિયંત્રણમાં ઘટાડો કરશે. NCPએ જાહેરાત કરી છે કે તે આજે સાંજે 4 વાગ્યે યોજાનાર મંત્રીમંડળના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે નહીં. NCPએ બપોરે 1:30 વાગ્યે તેના વેરિફાઈડ ફેસબુક પેજ પર આ જાહેરાત કરી. અગાઉ,NCPના 6 ચૂંટાયેલા સાંસદોએ શપથ લીધા હતા. તેમણે બંધારણીય સુધારા પરિષદના સભ્ય તરીકે પણ શપથ લીધા હતા. આ દરમિયાન, જમાત-એ-ઈસ્લામીના નવા ચૂંટાયેલા સભ્યોએ પણ શપથ લીધા હતા. સંસદના સભ્યો તરીકે શપથ લીધા પછી, જમાત-એ-ઈસ્લામી અને એનસીપીના ચૂંટાયેલા સંસદ સભ્યોએ પણ બંધારણીય સુધારા પરિષદના સભ્યો તરીકે શપથ લીધા, જેમાં બંને પક્ષોએ અગાઉ કહ્યું હતું કે તેઓ જોડાશે નહીં.

## મમતા બેનર્જીએ કહ્યું- ચૂંટણી પંચ તુઘલકી પંચ બન્યું: ભાજપના નિર્દેશ પર 58 લાખ મતદારોના નામ હટાવ્યા

કોલકાતા, તા.17



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચૂંટણી પંચ પર આકરો પ્રહાર કર્યો છે. કોલકાતામાં પત્રકારો સાથે વાત કરતા તેમણે પંચને તુઘલકી પંચ ગણાવ્યું અને આરોપ લગાવ્યો કે ભાજપના નિર્દેશ પર મતદાર યાદીમાંથી લાખો નામો હટાવવામાં આવી રહ્યા છે. મમતાએ રાજ્ય સચિવાલયમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું- ભાજપના IT સેલની એક મહિલા કર્મચારીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરીને બંગાળમાં 58 લાખ મતદારોના નામ હટાવી દીધા. મમતાએ આરોપ લગાવ્યો કે ભાજપના નિર્દેશ પર ચૂંટણી પંચ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન બંગાળના મતદારોના નામ હટાવી રહ્યું છે. પંચ લોકતાંત્રિક અધિકારો છીનવી રહ્યું છે અને સામાન્ય લોકો સાથે આતંકવાદીઓની જેમ વર્તી રહ્યું છે.

TMC સુપ્રીમોએ આરોપ લગાવ્યો કે ભાજપને ખુશ કરવા માટે બંગાળને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. મમતાએ ચૂંટણી પંચ દ્વારા સસ્પેન્ડ કરાયેલા સાત આસિસ્ટન્ટ ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર (AERO) નો પણ બચાવ કર્યો. મમતાએ કહ્યું- જો ચૂંટણી પંચે બંગાળ સરકારના અધિકારીઓને નિશાન બનાવ્યા, તો અમે તેમનું રક્ષણ કરીશું અને ડિમોટ કરાયેલા અધિકારીઓને પ્રમોટ કરીશું. મમતાએ ફરીથી પોતાનો દાવો દોહરાવ્યો અને કહ્યું કે SIR ના દબાણને કારણે 160 લોકોના જીવ ગયા.

મમતા બેનર્જીએ બંગાળમાં SIR વિરુદ્ધ પોતાની અરજી પર 4 ફેબ્રુઆરીએ પોતે દલીલો રજૂ કરી હતી. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ હતો જ્યારે કોઈ રાજ્યના વર્તમાન મુખ્યમંત્રીએ કોર્ટમાં હાજર થઈને પોતાની દલીલો રજૂ કરી હતી. કેસોમાં સામાન્ય રીતે મુખ્યમંત્રીઓના વકીલ કે સલાહકાર જ હાજર રહે છે. મમતાએ આરોપ લગાવ્યો હતો કે બંગાળ ચૂંટણી પંચના નિશાના પર છે. મમતાએ કહ્યું હતું કે - જે કામ 2 વર્ષમાં થવાનું હતું, તેને 3 મહિનામાં કરાવવામાં આવી રહ્યું છે. લોકોને પરેશાન કરવામાં આવી રહ્યા છે. આસામ અને નોર્થ ઈસ્ટના બાકીના રાજ્યોમાં SIR કેમ નથી થઈ રહ્યું. મમતાની અરજી પર બેન્ચે ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી પાસેથી 9 ફેબ્રુઆરી સુધીમાં જવાબ માંગ્યો. CJI સૂર્યકાંતની બેન્ચે કહ્યું હતું કે અસલી લોકો ચૂંટણી યાદીમાં જળવાઈ રહેવા જોઈએ.

3 ફેબ્રુઆરીએ મમતા બેનર્જીએ દિલ્હીમાં ચૂંટણી પંચ વિરુદ્ધ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આમાં મમતાએ કહ્યું હતું કે જો ચૂંટણી પંચ બંગાળ સરકારના અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે, તો રાજ્ય સરકાર તેમને "100 ટકા સુરક્ષા" આપશે. તેમણે કહ્યું કે રાજ્ય પ્રશાસનને ડરાવવાનો પ્રયાસ સહન કરવામાં આવશે નહીં. મમતાએ પંચ પર સવાલ ઉઠાવ્યો કે ચૂંટણી પહેલાં જ SIR શા માટે કરવામાં આવી રહ્યું છે? ચાર રાજ્યો બંગાળ, તમિલનાડુ, કેરળ અને આસામમાં ચૂંટણીઓ થવાની છે. SIR ત્રણ રાજ્યોમાં થઈ રહ્યું છે, પરંતુ ભાજપ શાસિત આસામમાં નહીં. કારણ કે તે 'ડબલ એન્જિન' રાજ્ય છે. મમતા બેનર્જીએ ઘૂસણખોરો પર કહ્યું કે આ લોકો (BJP) ઘૂસણખોરોની વાત કરે છે પરંતુ આ તમારી જવાબદારી છે. બોર્ડરની સુરક્ષા કેન્દ્રની જવાબદારી છે. આવી સ્થિતિમાં ઘૂસણખોરી માટે તે જ જવાબદાર છે. મમતા બેનર્જીએ સોમવારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વિરુદ્ધ કાળી શાલ ઓઢીને દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી હતી. તેમની સાથે SIR પ્રભાવિત 13 પરિવારો અને TMCના નેતાઓ પણ હતા. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે મમતાએ પોતાના મુદ્દા CECને જણાવ્યા, પરંતુ તેમનો જવાબ સાંભળ્યા વિના જ ગુસ્સે થઈને ચાલી ગયા. મુલાકાત બાદ મમતાએ કહ્યું, "હું ખૂબ દુઃખી છું.

## ફ્રાન્સના પ્રમુખ મેક્રોંને મળવા બોલિવૂડ સ્ટાર્સનો જમાવડો, અનિલ કપૂર સહિતના દિગ્ગજો નજરે પડ્યા

નવી દિલ્હી, તા.17



ફ્રાંસના રાષ્ટ્ર પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને પોતાના મુંબઈ પ્રવાસ દરમિયાન ઘણા બૉલીવુડ કલાકારો અને ફિલ્મી હસ્તીઓ સાથે મુલાકાત કરી હતી. તમામે ભેગા મળીને કળા અને સંસ્કૃતિની ગહન ચર્ચા કરી હતી. આ હસ્તીઓમાં શબાના આઝમી ઉપરાંત ઘણા જાણીતા અભિનેતા અને મ્યુઝિક કમ્પોઝર નજરે પડ્યા હતા. ફ્રાંસના રાષ્ટ્ર પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરવા શબાના આઝમી, અનિલ કપૂર, મનોજ બાજપેયી, ડાયરેક્ટર ઝોયા અખ્તર, ઋચ્ચા ચઢ્ઢા અને ગ્રેમી વિજેતા મ્યુઝિક કમ્પોઝર રિકી કેઝ પણ સામેલ હતા. આ દરમિયાન મેક્રોને ઘણા કલાકારો સાથે દિલ ખોલીને વાત પણ કરી હતી. ખાસ કરીને અનિલ કપૂરે રાષ્ટ્ર પ્રમુખ મેક્રોન સાથે લાંબી ચર્ચા કરી હતી. બૉલીવુડ હસ્તીઓએ મુલાકાત વખતે રાષ્ટ્ર પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ઘણી તસવીરો પણ પડાવી હતી. ચર્ચાઓ એ પણ થઈ રહી છે કે બૉલીવુડ દિગ્ગજો સાથેની આ મુલાકાત બાદ ભારત અને ફ્રાંસ વચ્ચે ફિલ્મોને લઈને પણ ભાગીદારી થઈ શકે છે. મેક્રોનના આજના કાર્યક્રમ મુજબ, બપોરે 3:15 વાગ્યે મુંબઈના લોક ભવનમાં PM મોદી અને મેક્રોન વચ્ચે બેઠક યોજાઈ હતી, ત્યારબાદ સાંજે 5:15 વાગ્યે તેઓ 'ભારત-ફ્રાંસ ઈનોવેશન વર્ષ 2026'નું ઉદ્ઘાટન કરશે અને ઉદ્યોગ જગતના નેતાઓ તથા સંશોધકોને સંબોધશે. આ મુલાકાત દરમિયાન સંરક્ષણ ઉપરાંત વેપાર, કૌશલ્ય વિકાસ, આરોગ્ય અને સપ્લાય ચેન જેવા ક્ષેત્રોમાં પણ લગભગ એક ડઝન જેટલા કરારો થવાની સંભાવના છે. ઈમેન્યુઅલ મેક્રોન 19 ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં 'AI ઈમ્પેક્ટ સમિટ'માં પણ હાજરી આપશે. બંને નેતાઓ રશિયા-યુક્રેન યુદ્ધ, ગાઝાની સ્થિતિ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ જેવા મહત્ત્વના વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે, જે બંને દેશોના મજબૂત થતા સંબંધોની નવી મિશાલ રજૂ કરશે.

## રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ રદ:કર્ણાટક ચૂંટણીમાં 40% કમિશનવાળી જાહેરાતનો મામલો, હાઈકોર્ટે ભાજપ નેતાની અરજી ફગાવી

બેંગલુરુ, તા.17



કર્ણાટક હાઈકોર્ટે મંગળવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી વિરુદ્ધના બદનક્ષી કેસને રદ કર્યો. આ કેસ 2023ની વિધાનસભા ચૂંટણી પહેલા '40% કમિશન' વાળી કોંગ્રેસની જાહેરાતોને લઈને ભાજપના નેતાની ફરિયાદ પર નોંધવામાં આવ્યો હતો. 'કરપ્શન રેટ કાર્ડ' વાળી આ જાહેરાતને રાહુલ ગાંધીએ પણ સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

આ પછી ભાજપના નેતા કેશવ પ્રસાદે રાહુલ ગાંધી, મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમનો આરોપ હતો કે કોંગ્રેસે ચૂંટણી પ્રચાર દરમિયાન જાહેરાતોમાં તત્કાલીન મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ સહિત ભાજપના નેતાઓ પર સરકારી કોન્ટ્રાક્ટમાંથી 40% કમિશન લેવાનો ખોટો આરોપ લગાવ્યો હતો.

આ કેસમાં કર્ણાટકની અદાલતે 23 ફેબ્રુઆરી 2024ના રોજ સિદ્ધારમૈયા, ડીકે શિવકુમાર અને રાહુલ ગાંધીને સમન જાહેર કર્યા હતા. મેજિસ્ટ્રેટ કોર્ટે 1 જૂન 2024ના રોજ સિદ્ધારમૈયા, શિવકુમારને અને 7 જૂન 2024ના રોજ રાહુલને જામીન આપ્યા હતા. જોકે, રાહુલ ગાંધીએ સમનને હાઈકોર્ટમાં પણ પડકાર્યો હતો.

હાઈકોર્ટના જસ્ટિસ સુનીલ દત્ત યાદવની સિંગલ બેન્ચે આદેશ પસાર કરતા કહ્યું કે રાહુલ ગાંધીની અરજી મંજૂર કરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે આ મામલાની કાર્યવાહી આગળ વધારવી એ કાયદાકીય પ્રક્રિયાનો ખોટો ઉપયોગ હશે.

કર્ણાટક વિધાનસભા ચૂંટણી 2023 દરમિયાન કોંગ્રેસે પોતાના અભિયાનમાં પૂર્વ CM બસવરાજ બોમ્મઈની તસવીરવાળા 'PayCM' લખેલા પોસ્ટર લગાવ્યા હતા. તેમાં QR કોડ સામેલ હતો, જેને સ્કેન કરવા પર '40 ટકા સરકાર' વાળી વેબસાઈટ ખુલતી હતી. કોંગ્રેસનો દાવો હતો કે ભાજપના શાસન દરમિયાન 40 ટકા કમિશન લેવામાં આવતું હતું.

કોંગ્રેસે દાવો કર્યો હતો કે BJP સરકારે 40% કમિશન રેટને મોડેલ બનાવી દીધું હતું. BJPના કાનૂની એકમના વકીલ વિનોદ કુમારે પણ આ અભિયાનને લઈને કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ મામલે કોર્ટે કોંગ્રેસ નેતાઓને 28 માર્ચ 2024ના રોજ MP/MLA કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. જ્યારે કર્ણાટક હાઈકોર્ટે રાજ્ય સરકારને '40 ટકા કમિશન'ના આરોપોની તપાસ 6 અઠવાડિયાની અંદર પૂરી કરવાનો આદેશ પણ આપ્યો હતો.

કર્ણાટકમાં કોંગ્રેસે 224માંથી 135 બેઠકો પર જીત મેળવી હતી. જ્યારે, BJP માત્ર 66 બેઠકો પર સમેટાઈ ગઈ હતી. છેલ્લા 34 વર્ષમાં રાજ્યમાં કોંગ્રેસની આ સૌથી મોટી જીત હતી. આ પહેલા વર્ષ 1989માં કોંગ્રેસે 178 બેઠકો જીતી હતી અને ભાજપને માત્ર 4 બેઠકો મળી હતી. આ જીત સાથે હવે દક્ષિણના કોઈપણ રાજ્ય (કર્ણાટક, કેરળ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ)માં BJPની સરકાર રહી નથી.

## ટ્રમ્પના ડ્રીમ પ્રોજેક્ટને મોટો ઝટકો! યુરોપમાંથી માત્ર 3 દેશોનું સમર્થન, ફ્રાંસ-ઈટાલી પણ થયા દૂર

વોશિંગ્ટન, તા.17



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આયોજિત 'ગાઝા પીસ બોર્ડ'ની મહત્ત્વની બેઠક 19 ફેબ્રુઆરીએ યોજાવાની છે, પરંતુ તે પહેલા ટ્રમ્પને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો ફટકો પડ્યો છે. ટ્રમ્પે આ શાંતિ પહેલ માટે વિશ્વના અંદાજે 60 દેશોને આમંત્રણ મોકલ્યું હતું, પરંતુ ફ્રાન્સ, જર્મની, બ્રિટન, ઈટાલી અને સ્વીડન જેવા શક્તિશાળી દેશોએ આ બેઠકમાં સામેલ થવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. ટ્રમ્પની આ વૈશ્વિક શાંતિ યોજનાને યુરોપમાં ધાર્યો પ્રતિસાદ મળી રહ્યો નથી, જેના કારણે બેઠકની સફળતા પર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

યુરોપના 15 દેશોમાંથી અત્યાર સુધી માત્ર ત્રણ દેશો-હંગેરી, બલ્ગેરિયા અને કોસોવોએ જ આ બેઠકમાં હાજરી આપવાની પુષ્ટિ કરી છે. જાન્યુઆરી 2026માં ટ્રમ્પે આ બોર્ડની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, આ મંચ ગાઝાના પુનઃનિર્માણની દેખરેખ રાખશે અને ભવિષ્યમાં વૈશ્વિક સંઘર્ષો ઉકેલવામાં મદદરૂપ થશે. જોકે, બેઠકના આડે હવે ગણતરીના દિવસો બાકી હોવા છતાં એશિયાના મોટા દેશો જેવા કે ભારત, ચીન અને જાપાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

બીજી તરફ, એશિયાઈ દેશોમાં પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાએ આ બેઠકમાં ભાગ લેવાના સંકેત આપ્યા છે, જ્યારે સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત(UAE) એ હજુ સુધી કોઈ મંજૂરી આપી નથી. આમ, ટ્રમ્પની આ મહત્ત્વાકાંક્ષી યોજનાને શરુઆતથી જ મોટા દેશોના વિરોધ અને ઉદાસીનતાનો સામનો કરવો પડી રહ્યો છે.



# અમદાવાદમાં હવે માત્ર એક ફોન કોલ પર તંત્ર ઘરે આવી લઈ જશે બાંધકામનો કચરો, હેલ્પલાઈન નંબર જાહેર

**અમદાવાદ, તા.17**



અમદાવાદ શહેરને વધુ સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ આપવાના હેતુ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે કન્સ્ટ્રક્શન ઍન્ડ ડિમોલિશન (C&D) વેસ્ટના સંચાલન માટે સુવ્યવસ્થિત અને સુવિધાસભર વ્યવસ્થા અમલમાં મૂકી છે. શહેરમાં રહેણાંક કે વ્યાવસાયિક એકમોમાં થતી રિપેરિંગ, રિનોવેશન, મરામત અથવા નવા બાંધકામ દરમિયાન ઊભો થતો માટી-પૂરણી તથા બિલ્ડિંગ ડેબ્રિજનો હવે યોગ્ય નિકાલ સુનિશ્ચિત કરવામાં આવશે. નાગરિકો માત્ર એક ફોન કોલ દ્વારા પોતાના વિસ્તારના ઝોન કંટ્રોલ રૂમનો સંપર્ક કરી કચરો ઉઠાવવાની સેવા મેળવી શકશે.

નાગરિકો દ્વારા તેમના મકાનોનું રિપેરિંગ, રિનોવેશન, મરામત કે નવા બાંધકામ વગેરે કારણસર ઉત્પન્ન થતા માટી-પૂરણી, બિલ્ડીંગ ડેબ્રિજ વગેરે જાહેર માર્ગો/સ્થળ કે અન્ય કોઈપણ જગ્યાએ નિકાલ ન કરતાં શહેરના 07 ઝોનમાં નક્કી કરવામાં આવેલા કુલ 25 જેટલા પ્લોટ-લોકેશન-જગ્યાઓ પર નાગરિકો પોતાના સ્વખર્ચે નિકાલ કરી શકશે. જેમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, મધ્ય, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનનો સમાવેશ થાય છે. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ જ ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં.

AMCની સોલિડ વેસ્ટ ટીમ નજીવી ફી લઈને સીધી નાગરિકોના ઘરે પહોંચીને બિલ્ડિંગ મટીરિયલ અને કન્સ્ટ્રક્શન વેસ્ટ એકત્રિત કરીને યોગ્ય સ્થળે નિકાલ કરી શકે તેની પણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સેવા મેળવવા માટે નાગરિકોએ સવારે 08:00 વાગ્યાથી સાંજે 06:00 વાગ્યા સુધી પોતાના ઝોન મુજબના સંપર્ક નંબર પર સંપર્ક કરવો રહેશે. મધ્ય ઝોન 6357516301, ઉત્તર ઝોન 6357516302, દક્ષિણ ઝોન 6357516303, પૂર્વ ઝોન 6357516304, પશ્ચિમ ઝોન 6357516305, ઉત્તર-પશ્ચિમ ઝોન 6357516306 અને દક્ષિણ-પશ્ચિમ ઝોન 6357516307.

આ ઉપરાંત રહેણાંક અથવા ફરિયાદના સ્થળ પરથી નિર્ધારિત સમય મર્યાદામાં ડેબ્રિજ ઉપાડી ન લેવામાં આવે તો સંબંધિત વ્યક્તિ પાસેથી નિયત ચાર્જ અને પેનલ્ટી વસૂલ કરવામાં આવશે. તેમજ જાહેર માર્ગ, ખુલ્લા પ્લોટ અથવા AMC દ્વારા નિર્ધારિત કર્યા સિવાયના સ્થળે C&D વેસ્ટ ખાલી કરવામાં આવશે તો વાહન જપ્ત કરવા સુધીના પગલાં લેવામાં આવશે. આ મિશનની અસરકારક અમલવારી માટે AMC દ્વારા સ્વચ્છતા સ્કવોડ રચવામાં આવ્યું છે, જે સાતેય ઝોનમાં સતત ચેકિંગ કરશે. ગેરકાયદે રીતે રોડ-રસ્તા અથવા જાહેર જગ્યાએ ડેબ્રિજ ફેંકતા જણાશે, તો જવાબદાર સામે કડક દંડની કાર્યવાહી કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિકોને અપીલ કરી છે કે, રોડ-રસ્તા પર બિલ્ડિંગ ડેબ્રિજ ન ફેંકે અને શહેરને સ્વચ્છ રાખવામાં સહભાગી બને. અમદાવાદને સી એન્ડ ડી વેસ્ટ મુક્ત બનાવવાના આ અભિયાનમાં સહયોગ આપી સ્વચ્છ અમદાવાદના સપનાને સાકાર કરવામાં નાગરિકોની ભાગીદારી અનિવાર્ય ગણાશે.

# કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત લથડી, હૃદયની નળીમાં 90 ટકા બ્લોકેજ

**અમદાવાદ, તા.17**



અમદાવાદની ખાડિયા-જમાલપુર બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને હૃદય સંબંધી તકલીફ થતાં શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગત રાત્રે અચાનક છાતીમાં દુખાવો થતા તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તપાસ દરમિયાન તેમના હૃદયની એક નળીમાં 90 ટકા જેટલું ગંભીર બ્લોકેજ હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે.

ઈમરાન ખેડાવાલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી મળતા કોંગ્રેસનાં આગેવાનો પણ હોસ્પિટલ ખાતે એકત્ર થયા હતા. હાલમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યુંહોવાથી મોટા ભાગનાં ધારાસભ્યો ગાંધીનગરમાં હાજર છે. તેવામા કોંગ્રેસી ધારાસભ્યો પણ ઈમરાન ખેડાવાલાના ખબરઅંતર પુછવા માટે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

મળતી માહિતી મુજબ, ધારાસભ્ય ખેડાવાલા ગત રાત્રે પોતાના ઘરે હતા. ત્યારે અચાનક તેમને છાતીમાં ભારે દબાણ અને અસહ્ય દુખાવો અનુભવાયો હતો. મોડી રાત્રે જ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કાર્ડિયોલોજિસ્ટ્સની ટીમ દ્વારા તાત્કાલિક તેમની એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. રિપોર્ટમાં જાણવા મળ્યું કે, હૃદયની મુખ્ય નળીઓ પૈકીની એકમાં 90 ટકા બ્લોકેજ છે. હાલ તેમની તબિયત સ્થિર છે, પરંતુ ડોક્ટરોની ટીમ તેમના સ્વાસ્થ્ય પર સતત દેખરેખ રાખી રહી છે. આગામી દિવસોમાં બ્લોકેજ દૂર કરવા માટે સ્ટેન્ટ મૂકવો કે કેમ, તે અંગેનો નિર્ણય લેવામાં આવશે.

જો કે ઈમરાન ખેડાવાલા અમદાવાદ પૂર્વનાં લઘુમતી સમુદાયનાં ખુબ જ લોકપ્રિય નેતા પૈકીનાં એક છે. જેથી તેમનું સ્વાસ્થય લથડતા મોડી રાતથી જ લોકો હોસ્પિટલ તેમના ખબર અંતર પુછવા માટે પહોંચવા લાગ્યા હતા. જેથી હોસ્પિટલની બહાર ભારે ભીડ જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2020માં જ્યારે કોરોના મહામારી ચરમસીમાએ હતી, ત્યારે ઈમરાન ખેડાવાલા પોતે કોરોના સંક્રમિત થયા હતા. તે સમયે મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ જ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે સ્વસ્થ થતાની સાથે જ તેઓ લોકોની સેવામાં લાગી ગયા હતા.

ઈમરાન ખેડાવાલાના બીમારીના સમાચાર મળતા જ તેમના મતવિસ્તારના લોકો અને કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ છે. અનેક રાજકીય નેતાઓએ હોસ્પિટલની મુલાકાત લીધી છે અથવા ટેલિફોનિક સંપર્ક કરીને તેમના ખબર-અંતર પૂછ્યા છે. હોસ્પિટલ પ્રશાસન મુજબ, તેમને થોડા દિવસો આરામ કરવાની અને ખોરાકમાં કડક પરેજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

# દારૂબંધીના કાયદાના લીરે લીરા ઉડ્યા: આણંદ એસઓજી કચેરીની સામે જ વિદેશી દારૂની ખાલી બોટલો

**આણંદ, તા.17**



આણંદ શહેરમાં દારૂબંધીના કાયદાના લીરે લીરા ઉડવાનો મામલો સામે આવ્યો છે. આણંદ શહેરમાં આવેલી એસઓજી કચેરીની સામે જ વિદેશી દારૂની ખાલી બોટલો પડેલી જોવા મળતાં એસઓજી પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

ચોંકાવનારી વાત એ છે કે એસઓજી કચેરીથી માત્ર 20 મીટર જેટલા અંતરે વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવી છે. રાજ્યમાં કડક દારૂબંધી લાગુ હોવા છતાં, કાયદાના રક્ષકોની "નાક નીચે" દારૂની મહેફિલો ચાલી રહી હોવાની ચર્ચા જોર પકડી રહી છે.સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો એસઓજી જેવી વિશેષ પોલીસ કચેરીની સામે જ દારૂની ખાલી બોટલો મળી આવે તો પછી, તો શહેરના અન્ય વિસ્તારોમાં શું હાલત હશે? દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂની બોટલો શહેરમાં ક્યાંથી આવે છે, કોણ તેને સપ્લાય કરે છે અને કોની મિલીભગતથી આ બધું ચાલી રહ્યું છે , એ તમામ પ્રશ્નો હાલ ચર્ચાના કેન્દ્રમાં છે.આ ઘટનાએ ગુજરાતની દારૂબંધીની અમલવારી પર મોટો પ્રશ્નચિહ્ન મૂક્યો છે. હવે જોવાનું રહ્યું કે ઉચ્ચ અધિકારીઓ આ મામલે શું પગલાં લે છે અને જવાબદાર તત્વો સામે ખરેખર કડક કાર્યવાહી થાય છે કે પછી આ મામલો પણ અન્ય કિસ્સાઓની જેમ દબાઈ જાય છે.

# મહેમદાવાદમાં વ્યાજખોરોનો ત્રાસ, યુવકની કાર-ચેક પડાવ્યા: વધુ પૈસા પડાવવા કોરા ચેકમાં રકમ ભરી કેસ કર્યો

**નડિયાદ, તા.17**




મહેમદાવાદ શહેરમાં વ્યાજખોરીનો ત્રાસ વધ્યો છે. અહીંના મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરી અને બળજબરીથી નાણાં પડાવવા અંગે એક ગંભીર ફરિયાદ નોંધાઈ છે. ગેરેજ ચલાવતા તનવીરહુસેન નાસીરહુસેન શેખ નામના યુવકે મુમતાજબેન ઉર્ફે મુન્ની, તેમના પુત્ર ઈકબાલ મન્સુરી અને ગનીભાઈ વ્હોરા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, આશરે એક વર્ષ પહેલા ફરિયાદી તનવીરહુસેનને ધંધાકીય જરૂરિયાત માટે 3,50,000 ની જરૂર પડી હતી. તેમણે મુમતાજબેન અને ઈકબાલ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. આ રકમના બદલામાં આરોપીઓએ સિક્યુરીટી પેટે ફરિયાદીની સ્વિફ્ટ કાર અને સહી કરેલા ચાર કોરા ચેક પડાવી લીધા હતા. આ નાણાં પર અઠવાડિયે રૂ. 25,000 જેવું ઊંચું વ્યાજ પણ નક્કી કરવામાં આવ્યું હતું.

ફરિયાદીએ ટૂંકા સમયમાં જ મુદ્દલ અને વ્યાજ સહિત કુલ 3,75,000 આરોપીઓને પરત ચૂકવી દીધા હતા. નાણાં પરત મળ્યા બાદ આરોપીઓએ ફરિયાદીની કાર તો પરત આપી દીધી હતી, પરંતુ સિક્યુરીટી પેટે રાખેલા ચાર કોરા ચેક 'ઘરમાં ક્યાંક મુકાઈ ગયા છે' તેમ કહી પરત આપ્યા નહોતા. ફરિયાદીએ વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપીઓ ખોટા બહાના બતાવીને ચેક આપવાનું ટાળતા રહ્યા હતા.

આ મામલે વળાંક ત્યારે આવ્યો જ્યારે ફરિયાદીને મહેમદાવાદ કોર્ટ તરફથી સમન્સ મળ્યું. તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપીઓએ મેલી મુરાદથી ગનીભાઈ વ્હોરા નામના વ્યક્તિને ઊભા કરી, ફરિયાદીના એક ચેકમાં 2,50,000 ની રકમ ભરીને કોર્ટમાં કેસ દાખલ કરાવી દીધો હતો. આરોપીઓએ ફરિયાદી પાસેથી વધુ નાણાં પડાવવા માટે આ કાવતરું રચ્યું હોવાનું બહાર આવ્યું છે.

જ્યારે ફરિયાદીએ આ બાબતે આરોપીઓનો સંપર્ક કર્યો, ત્યારે આરોપીઓએ તેમને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ ધમકી આપી હતી કે જો વધુ નાણાં નહીં ચૂકવે તો બાકીના ચેકો પણ બાઉન્સ કરાવી અલગ-અલગ કોર્ટોમાં કેસ કરવામાં આવશે. સતત મળતી ધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને અંતે ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. હાલમાં મહેમદાવાદ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ડ્રગ્સ માફિયાઓ બેફામ? ગુજરાતમાં એક જ વર્ષમાં રૂ.2240 કરોડનું સિન્થેટિક ડ્રગ્સ ઝડપાયું

**અમદાવાદ, તા.17**



વિકાસશીલ અને સરહદી રાજ્ય ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સ સહિતની બદીઓ વિસ્તરી રહી છે. ત્યારે સરકારી એજન્સીઓ કડક કાર્યવાહી કરી રહી છે, વર્ષ 2025 દરમિયાન જ ગુજરાતમાંથી 2240 કરોડ રૂપિયાનું સિન્થેટીક ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. આ ડ્રગ્સ બનાવતી અડધો ડઝન જેટલી ફેક્ટરીઓ પકડવાની કામગીરી રાજ્ય અને કેન્દ્રની એજન્સીઓ દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતના દરિયાકાંઠેથી ડ્રગ્સ ઘુસાડવાની પ્રવૃત્તિ પર અંકુશ મેળવાયા પછી ગુજરાતમાં ગેરકાયદે સિન્થેટીક ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ ઉપર પસ્તાળ પાડવામાં આવી છે. વર્ષ 2025માં જ ગુજરાતમાંથી 2240 કરોડ રૂપિયાની કિંમતનું સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ગેરકાયદે ધમધમતી અડધો ડઝન જેટલી ફેક્ટરીઓ પકડી પાડવામાં આવી હતી. આ ફેક્ટરીઓમાંથી 2240 કરોડ રૂપિયાનું 20823 કિલો સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડમાં આવ્યું છે. છેલ્લા 10 વર્ષ દરમિયાન ગુજરાતમાંથી કુલ 13,939 કરોડ રૂપિયાની કિંમતનું 1.74 લાખ કિલો સિન્થેટીક ડ્રગ્સ એજન્સીઓએ પકડી પાડ્યું છે.

વર્ષ 2024 દરમિયાન કુલ 588 કેસ કરીને 1479 કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડ્યા પછી વર્ષ 2025માં 980 કેસ કરીને 2240 કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. રાજ્યમાંથી પકડાયેલા ડ્રગ્સમાં મોર્ફિન, કોડેઈન, હેરોઈન, મેથએમ્ફેટામાઈન જેવા ડ્રગ્સનો સમાવેશ થાય છે.

સૂત્રોના જણવ્યાનુસાર, ગુજરાતના વિશાળ દરિયાકાંઠેથી સિન્થેટીક ડ્રગ્સ ઘુસાડવામાં આવે છે અને તે અન્ય રાજ્ય, દેશોમાં મોકલવામાં આવે છે. ગાંધીધામ નજીકથી દરિયાકાંઠેથી પકડાયેલા કરોડો રૂપિયાના ડ્રગ્સનો જથ્થો કોણે મોકલ્યોને ક્યાં જવાનો હતો તેની જાણકારી બે વર્ષે પણ મળી નથી. બીજી તરફ, દવાઓના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. દવાના ઉત્પાદનના બહાને ગેરકાયદે ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ વર્ષ 2025માં પણ પકડાઈ ચૂકી છે. દેશ-દુનિયામાં ડિમાન્ડ વધતાં સિન્થેટીક ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદે ઉત્પાદન મુદ્દે ગુજરાત કેન્દ્રસ્થાને રહ્યું છે. ગુજરાત પોલીસ, એટીએસ ઉપરાંત ડીઆરઆઈ અને એનસીબી સહિતની કેન્દ્રિય એજન્સીઓ ડ્રગ્સના ગેરકાયદે કારોબાર સામે સક્રિય કામગીરી કરી રહી છે.

# વિદ્યાનગર વિનુકાકા માર્ગ પર અડધો કિમી સુધી કચરાના ઢગ ખડકી દેવાતા રોગચાળાની દહેશત

**આણંદ, તા.17**



કરમસદ આણંદ મનપામાં વિદ્યાનગરનો સમાવેશ થયા બાદ સફાસફાઈના અભાવે શહેર નકાગારમાં ફેરવાઈ રહ્યું છે. વિદ્યાનગર શહેરના ખુલ્લા પ્લોટમાં કચરા નિકાલ કરવામાં આવે છે.મૃત પશુઓ ફેંકી જતા હોવાથી સ્થાનિક રહીશોને રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઇ રહી છે.જે બાબતે સ્થાનિક રહીશો દ્વારા મનપામાં વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવાતા નથી. જેને લઈને નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિદ્યાનગર શહેરમાં છેલ્લા કેટલાંક સમયથી સાફસાફાઈનો અભાવ જોવા મળે છે. વિદ્યાનગરનો આણંદ મનપામાં સમાવેશ થયો હોવા છતાં ડમ્પીંગ સાઈડમાં કચરાનો નિકાલ કરવા માટે કોઈ જ આયોજન હાથ ધરવામાં આવતું નથી. હાલમાં વિદ્યાનગર શહેરના વિનુકાકા માર્ગ નજીક એક ખુલ્લો પ્લોટ આવેલો છે. જેમાં છેલ્લા કેટલાંય સમયથી કચરો ઢાલવવામાં આવતો હોવે છે. જેના કારણે કચરાના ઢગ એકાદ કિમી દૂર ખટકાય ગયા છે. તેમજ કેટલાંક લોકો મૃત પશુઓ નાંખી જાય છે. જેના કારણે ભારે દુર્ગંધ મારે છે. આજુબાજુ નાની મોટી 20થી વધુ સોસાયટીઓ આવેલી છે. હાલમાં ગંદકીને કારણે ચાલીને નીકળતા લોકોને મોઢા પર રૂમાલ રાખીને પસાર થવું પડે છે.ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. તેમ છતાં મપના દ્વારા કોઈ જ પગલાં લેવાતા નથી.

વિદ્યાનગર પાલિકા હતી ત્યારે કચરાન નિકાલ માટે કરમસદ કે આણંદ ડમ્પીગ સાઈડ નાંખવા માટે મંજૂરી લઈને નાણાં ભરવા પડતા હતા. ત્રણ વર્ષ અગાઉ આ બાબતે પાલિકામાં ડંખો થયો હતો. જો કે હાલમાં મનપા હેઠળ આણંદ,કરમસદ સહિતના તમામ ડમ્પીગ સ્ટેશન આવેલા છે. તેમ છતાં વિદ્યાનગરના કચરાનો નિકાલ ડમ્લીંગ સ્ટેશન કયાં કારણોસર કરવામાં આવતો નથી. તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે.હાલમાં તો કચરા વિદ્યાનગર શહેરના ખુલ્લા પ્લોટોમાં કરવામાં આવતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

# આજથી CBSE બોર્ડ પરીક્ષાનો પ્રારંભ, 46 લાખથી વધુ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા...

**અમદાવાદ, તા.17**



સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓનો દેશભરમાં પ્રારંભ થયો છે. આ વર્ષે ભારત સહિત વિશ્વના 26 દેશોમાંથી કુલ 46 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે. ગુજરાતની વાત કરીએ તો, રાજ્યભરમાંથી અંદાજે 80 હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાના સુચારુ સંચાલન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને દેશ-વિદેશમાં હજારો પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે.

પરીક્ષા સવારે 10:30 વાગ્યે શરૂ થશે, પરંતુ વિદ્યાર્થીઓએ સમયનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને સવારે 9:00 વાગ્યાથી પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી. નોંધનીય છે કે સવારે 10:00 વાગ્યા પછી કોઈ પણ વિદ્યાર્થીને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પરીક્ષા ખંડમાં 10:15 વાગ્યે પ્રશ્નપત્ર આપવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને પેપર વાંચવા માટે 15 મિનિટનો વધારાનો સમય મળી રહે અને તેઓ શાંતિથી પરીક્ષા આપી શકે.

# નડિયાદ મહાનગરપાલિકાનો નવો ટેક્સ રદ: ધારાસભ્યની રજૂઆત બાદ 3 વર્ષ જૂના દર મુજબ વેરો વસૂલાશે....

**નડિયાદ, તા.17**



નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ શહેરના નાગરિકો પર નવા ટેક્સનો બોજ આવ્યો હતો, જેના કારણે ભારે રોષ જોવા મળ્યો હતો. સરકારે સ્પષ્ટ સૂચના આપી હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા નવા દર મુજબ ટેક્સ વસૂલવાનું શરૂ કરાતા વિવાદ વધ્યો હતો. જોકે, ધારાસભ્યની રજૂઆત બાદ મુખ્યમંત્રીએ હસ્તક્ષેપ કરી આગામી ત્રણ વર્ષ સુધી કોઈ નવો ટેક્સ ન વસૂલવાનો આદેશ આપ્યો છે.

છેલ્લા એક અઠવાડિયાથી નડિયાદના પેરીફરી વિસ્તારના વેપારીઓ અને કોમર્શિયલ મિલકત ધારકો નવા ટેક્સ બિલોને કારણે ચિંતિત હતા. મહાનગરપાલિકાના અધિકારીઓએ નવી આકારણી કરીને હજારો રૂપિયાના ટેક્સ બિલો મોકલ્યા હતા. વેપારીઓએ આક્ષેપ કર્યો હતો કે સુવિધાઓ પૂરી પાડવામાં આવી ન હોવા છતાં આટલો મોટો આર્થિક બોજ લાદવામાં આવ્યો છે.

આ ગંભીર મુદ્દે નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ તાત્કાલિક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ સાથે બેઠક કરી હતી. તેમણે સ્થાનિક પરિસ્થિતિની જાણકારી આપી રજૂઆત કરી હતી કે, નડિયાદને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત સમયે ગૃહમાં આગામી ત્રણ વર્ષ સુધી નવો ટેક્સ નહીં લાદવાની ખાતરી અપાઈ હતી.

ધારાસભ્યની રજૂઆત બાદ રાજ્ય સરકારે ત્વરિત નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને સૂચના આપી છે કે નવી આકારણી મુજબ અપાયેલા ટેક્સના બિલો તાત્કાલિક રદ કરવામાં આવે. આગામી ત્રણ વર્ષ સુધી શહેરીજનો પાસેથી જૂની પદ્ધતિ અને જૂના દર મુજબ જ ટેક્સ વસૂલવામાં આવશે, જેથી સામાન્ય જનતાને રાહત મળશે.

આ સમગ્ર વિવાદમાં અધિકારીઓની કાર્યશૈલી સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. અધિકારીઓએ નિયમોનું અર્થઘટન કરીને મિલકતોના સ્ક્વેર ફૂટ અને મીટર મુજબ ઊંચા ભાવ ગણી આકારણી કરી હતી. સરકારના આદેશ છતાં નવા બિલો કઈ રીતે ફાડવામાં આવ્યા તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે.

ધારાસભ્ય પંકજ દેસાઈએ એવા મિલકત ધારકો માટે પણ ચિંતા વ્યક્ત કરી છે જેમણે નવા ટેક્સની રકમ ચૂકવી દીધી છે. તેમણે જણાવ્યું કે, જે લોકોએ વધારાના નાણાં ચૂકવ્યા છે, તે રકમ પરત મળે અથવા આવતા વર્ષના બિલમાં મજરે આપવામાં આવે તે માટે મ્યુનિસિપલ કમિશનર અને વહીવટદાર સમક્ષ રજૂઆત કરાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથેની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહીશ: ગયા વર્ષે પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારાથી તેમને બુદ્ધિ આવી

વૉશિંગ્ટન, તા.17

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે તેઓ અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી પરમાણુ કાર્યક્રમ પરની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહેશે. તેમણે એર ફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન આ વાત કહી.



આ નિવેદન ઈરાન સાથે પરમાણુ કાર્યક્રમને લઈને બીજા તબક્કાની વાતચીત પહેલા આવ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાતચીત આજે (17 ફેબ્રુઆરી 2026) જીનીવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં થઈ રહી છે. આ પહેલા ઓમાનમાં 6 ફેબ્રુઆરીએ પહેલી બેઠક થઈ હતી.

ટ્રમ્પે કહ્યું, 'હું તે વાતચીત પર નજર રાખીશ.' તેમણે સંકેત આપ્યો કે ઈરાન આ વખતે સમજૂતીને લઈને ગંભીર છે. ડીલની સંભાવના પર ટ્રમ્પે કહ્યું કે ઈરાન તેને લઈને કડક વલણ અપનાવતું રહ્યું છે, પરંતુ ગયા વર્ષે અમેરિકા દ્વારા ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારો કરવાથી તેમને બુદ્ધિ આવી.

તેમણે ચેતવણી આપતા કહ્યું, 'મને નથી લાગતું કે તેઓ સમજૂતી ન કરવાના પરિણામો ભોગવવા ઈચ્છશે.' અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી પરોક્ષ પરમાણુ વાટાઘાટોનો સૌથી મોટો અને મુખ્ય વિવાદ ઈરાનનો યુરેનિયમ સંવર્ધન છે. ટ્રમ્પ પ્રશાસનની માંગ છે કે ઈરાન પોતાની જમીન પર યુરેનિયમ સંવર્ધન સંપૂર્ણપણે બંધ કરી દે અથવા ખૂબ મર્યાદિત સ્તર સુધી જ રાખે, કારણ કે તેઓ તેને પરમાણુ હથિયાર બનાવવાનો રસ્તો માને છે.

બીજો મહત્વનો મુદ્દો ઈરાનનો સંવર્ધિત યુરેનિયમનો સ્ટોકપાઈલ છે. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન પોતાની પાસે રહેલા ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમ (લગભગ 2000 કિલોગ્રામ, 3.67% થી 60% સુધી) ને પાતળું કરે, નષ્ટ કરે અથવા બહાર મોકલી દે. તેના બદલામાં અમેરિકા પ્રતિબંધો હટાવવા પર વિચાર કરી શકે છે.

ત્રીજો મુદ્દો પ્રતિબંધો હટાવવાનો છે. ઈરાનની મુખ્ય માંગ છે કે અમેરિકા પોતાના લગાવેલા આર્થિક પ્રતિબંધો હટાવે, ખાસ કરીને તેલ નિકાસ, બેંકિંગ અને વૈશ્વિક નાણાકીય પહોંચ પર.

એસોસિએટેડ પ્રેસ (AP) અનુસાર, ઈરાને સોમવારે થોડા જ અઠવાડિયામાં બીજી વખત નૌકાદળનો અભ્યાસ શરૂ કર્યો. આ અભ્યાસ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, પર્શિયન ગલ્ફ અને ગલ્ફ ઓફ ઓમાનમાં થઈ રહ્યો છે. તેનો હેતુ ગુપ્તચર અને ઓપરેશનલ ક્ષમતાઓની તપાસ કરવાનો છે.

દરિયાઈ સુરક્ષા કંપની EOS રિસ્ક ગ્રુપે જણાવ્યું કે આ વિસ્તારમાંથી પસાર થતા જહાજોને રેડિયો પર ચેતવણી આપવામાં આવી કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝના ઉત્તરીય માર્ગમાં મંગળવારે લાઈવ-ફાયર ડ્રિલ થઈ શકે છે. જોકે ઈરાની સરકારી ટીવીએ લાઈવ-ફાયર અભ્યાસનો ઉલ્લેખ કર્યો નથી.

જાન્યુઆરીના અંતમાં થયેલા આવા જ અભ્યાસ દરમિયાન અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે કડક નિવેદન બહાર પાડ્યું હતું. તેણે કહ્યું હતું કે ઈરાનને આંતરરાષ્ટ્રીય હવાઈ અને દરિયાઈ ક્ષેત્રમાં વ્યાવસાયિક રીતે કામ કરવાનો અધિકાર છે, પરંતુ તેણે અમેરિકી યુદ્ધ જહાજો કે વેપારી જહાજોને પરેશાન ન કરવા જોઈએ.

વ્હાઈટ હાઉસનું કહેવું છે કે તે એક એવો કરાર ઈચ્છે છે, જેનાથી ઈરાન પરમાણુ હથિયારો વિકસાવી ન શકે. જ્યારે, રવિવારે ઈરાનના ઉપ વિદેશ મંત્રી મજીદ તખ્ત-રવાંચીએ અમેરિકા સાથે પરમાણુ કરારને લઈને વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

તેમણે BBCને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે જો અમેરિકા પ્રતિબંધો હટાવવા પર વાત કરવા તૈયાર છે, તો અમે અમારા પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા ઘણા મુદ્દાઓ પર સમજૂતી કરવા માટે તૈયાર છીએ.

જ્યારે અમેરિકી અધિકારીઓ વારંવાર કહેતા રહ્યા છે કે પરમાણુ વાટાઘાટોમાં પ્રગતિ અટકવાનું કારણ ઈરાન છે, અમેરિકા નહીં.

ઈરાન અને અમેરિકા વચ્ચેનો પરમાણુ કરાર લાંબા સમયથી ચાલી રહેલી વિવાદાસ્પદ વાતચીત છે, જેનો હેતુ ઈરાનના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવાનો છે. જેથી તે પરમાણુ હથિયારો ન બનાવી શકે.

મજીદ તખ્ત-રવાંચીએ કહ્યું કે ઈરાને 60% સુધી સમૃદ્ધ યુરેનિયમ ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ઈરાન પાસે 400 કિલોથી વધુ ઉચ્ચ સ્તરના સમૃદ્ધ યુરેનિયમનો ભંડાર છે. 2015ના પરમાણુ કરાર હેઠળ તેણે પોતાનું યુરેનિયમ રશિયા મોકલ્યું હતું. આ વખતે શું તે આવું કરશે, તેના પર તખ્ત-રવાંચીએ કહ્યું કે હાલ કંઈપણ કહેવું વહેલું ગણાશે. રશિયાએ ફરીથી આ સામગ્રી સ્વીકારવાની ઓફર કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેહરાન અસ્થાયી રૂપે યુરેનિયમ સંવર્ધન રોકવાનો પ્રસ્તાવ પણ આપી ચૂક્યું છે. ઈરાનની એક મોટી શરત રહી છે કે વાતચીત ફક્ત પરમાણુ મુદ્દા પર જ થાય. તખ્ત-રવાંચીએ કહ્યું કે તેમની સમજ છે કે જો સમજૂતી કરવી હોય તો ફોકસ પરમાણુ મુદ્દા પર જ રહેશે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી પરમાણુ સમજૂતીની વાતચીતમાં બેલેસ્ટિક મિસાઈલ પ્રોજેક્ટ સૌથી મોટો વિવાદનો મુદ્દો બની ગયો છે. ઈરાન આના પર બિલકુલ પણ સમજૂતી કરવા તૈયાર નથી અને તેને પોતાની રેડ લાઈન માને છે.

ઈરાનનું કહેવું છે કે આ તેનો બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ સંરક્ષણ માટે જરૂરી છે. જ્યારે જૂન 2025માં ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કર્યો, ત્યારે ઈરાનની મિસાઈલોએ જ તેનું રક્ષણ કર્યું. આ ઉપરાંત અમેરિકા ઈચ્છે છે કે ઈરાન હિઝબુલ્લાહ, હુતી જેવા પ્રોક્સી જૂથોને સમર્થન આપવાનું બંધ કરે. અમેરિકા આ મુદ્દાને પણ સામેલ કરવા માંગે છે, પરંતુ ઈરાન મુખ્યત્વે માત્ર પરમાણુ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.

ઈરાની અધિકારીઓએ વારંવાર કહ્યું છે કે મિસાઈલ કાર્યક્રમ પર કોઈ વાતચીત થશે નહીં. આ ઈરાનની રક્ષણાત્મક ક્ષમતા છે અને તેને છોડવું એટલે પોતાને નબળા પાડવા. ઈરાન કહે છે કે વાતચીત માત્ર પરમાણુ કાર્યક્રમ સુધી મર્યાદિત રહેશે, મિસાઈલ કે પ્રાદેશિક જૂથો પર નહીં.

# ભારતની દીકરી પણ એપસ્ટીનનો શિકાર બની: ચોંકાવનારો ઘટસ્ફોટ

## પીડિતાને વળતર આપવા અમેરિકન અધિકારીઓએ શોધખોળ કરી, પૂર્વ કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધનનો પણ ઉલ્લેખ

વૉશિંગ્ટન, તા.17

યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંબંધિત નવી ફાઈલોમાં ખુલાસો થયો છે કે એક ભારતીય છોકરી પણ તેનો શિકાર બની હતી. દસ્તાવેજો અનુસાર, અમેરિકી અધિકારીઓએ તેને પીડિત વળતર ફંડમાંથી ચુકવણી અપાવવા માટે ભારતમાં શોધખોળ શરૂ કરી હતી.

13 જાન્યુઆરી 2020ના એક ઈ-મેલમાં અમેરિકી અધિકારીઓ વચ્ચે થયેલી વાતચીત સામે આવી છે, જેમાં ભારતમાં હાજર પીડિતાનું સરનામું અને માહિતી એકત્રિત કરવાનું કહેવામાં આવ્યું છે, જેથી ભારત સ્થિત અમેરિકી દૂતાવાસ દ્વારા તેનો સંપર્ક કરી શકાય. આ ઈ-મેલ એપસ્ટીનના ઓગસ્ટ 2019માં જેલમાં થયેલા મૃત્યુ પછીનો છે.

રિલીઝ કરાયેલા દસ્તાવેજોમાં આ મેલનું ટાઈટલ 'એપસ્ટીન વિક્ટિમ્સ' છે, જોકે અધિકારીઓનાં નામ અને કેટલીક માહિતી છુપાવી દેવામાં આવી છે.

નવી ફાઈલોમાં 5 જૂન 2014ના રોજ બિલ ગેટ્સ અને એપસ્ટીન વચ્ચેની વાતચીતનો એક ઈ-મેલ સામેલ છે. આમાં એપસ્ટીન બિલ ગેટ્સને પૂછે છે કે શું ડો. હર્ષ વર્ધન સાથે 17 સપ્ટેમ્બરે ભારતમાં તેમની મિટિંગ છે. એ સમયે હર્ષવર્ધન કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી હતા.

આ ઉપરાંત 2 એપ્રિલ 2017ના એક ઈ-મેલમાં ભારતના PR કંપની



પ્રમોટર દિલીપ ચેરિયનનો પણ ઉલ્લેખ છે. આ મેલમાં એપસ્ટીનના સહયોગી ગિનો યુએ તેમને પૂછ્યું કે શું તેઓ દિલીપ ચેરિયનને મળવા માગશે. ઈ-મેલમાં લખ્યું છે કે દિલીપ પેરિસમાં 3થી 6 એપ્રિલ સુધી રહેશે અને તેમણે 160 મિલિયન અમેરિકી ડોલરમાં પોતાની જાહેરાત અને પીઆર કંપની વેચી છે.

8 જુલાઈ 2010ના એક ઈ-મેલમાં એક મહિલાએ એપસ્ટીનને પોતાના ફ્લાઈટ અનુભવ વિશે લખ્યું. તેણે જણાવ્યું કે તેની પાસે બેઠેલી એક વૃદ્ધ ભારતીય વ્યક્તિએ દારૂ પીધો હતો અને તે વારંવાર તેની સાથે વાત કરી રહી હતી અને તેને સ્પર્શી રહી હતી.

મેલમાં લખ્યું છે કે તે વ્યક્તિ સૂઈ ગયા પછી જાગી અને તેણે મહિલાને ગળે લગાવતાં કહ્યું કે તે તેને પ્રેમ કરે છે.

જેફ્રી એપસ્ટીન ન્યૂયોર્કનો કરોડપતિ ફાઈનાન્સર હતો. તેની મોટા નેતાઓ અને સેલિબ્રિટીઝ સાથે મિત્રતા હતી.

તેના પર 2005માં સગીર છોકરી સાથે યૌનશોષણનો આરોપ લાગ્યો. 2008માં તેને સગીર સાથે સેક્સની માગણી કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો. તેને 13 મહિનાની જેલ થઈ. 2019માં જેફ્રીને સેક્સ ટ્રાફિકિંગના આરોપોમાં ધરપકડ કરવામાં આવી. પરંતુ કેસ પહેલાં જ તેણે જેલમાં આત્મહત્યા કરી લીધી.

તેની પાર્ટનર ઘિસલીન મેક્સવેલને 2021માં તેની મદદ કરવાના આરોપોમાં દોષિત ઠેરવવામાં આવી. તે 20 વર્ષની સજા ભોગવી રહી છે.

# અમેરિકામાં હાઈસ્કૂલની હોકી મેચમાં 14 રાઉન્ડ ફાયરિંગ

## પતિએ પત્ની અને 2 બાળક ઉપર ગોળીબાર કરી પોતે આત્મહત્યા કરી, 2નાં મોત, લોકોમાં નાસભાગ

વૉશિંગ્ટન, તા.17

અમેરિકાના રોડ આઈલેન્ડમાં સોમવારે બપોરે હાઈસ્કૂલ હોકી મેચ દરમિયાન ગોળીબાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલામાં હુમલાખોર સહિત 2 લોકોનાં મોત થયાં છે. અન્ય ત્રણ લોકોની હાલત ગંભીર છે. ઘટના બપોરે લગભગ 2:30 વાગ્યે બની હતી. પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે તેને 'ટાર્ગેટ હુમલો' ગણાવ્યો છે. પ્રારંભિક માહિતી અનુસાર, આ મામલો પારિવારિક વિવાદ સાથે સંબંધિત હોઈ શકે છે, જોકે હેતુ હજુ સ્પષ્ટ નથી.

પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે બંને ટીમો સિનિયર નાઈટની ઉજવણી કરી રહી હતી ત્યારે ગોળીબાર શરૂ થયો. મેદાનમાં બે ટીમ સામસામે હતી. આ ટીમોમાં આસપાસની ઘણી શાળાઓના ખેલાડીઓ સામેલ હતા. ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. મેયર ડોનાલ્ડ આર. ગ્રેબિયને આ ઘટનાને ખૂબ જ ભયાનક અનુભવ ગણાવી. તેમણે કહ્યું, 'આ હાઈસ્કૂલનાં બાળકો હતાં, પરિવારો તેમની સાથે મેચ જોઈ રહ્યા હતા. ખુશીનો માહોલ અચાનક ડર અને દહેશતમાં બદલાઈ ગયો.'

ફોક્સ ન્યૂઝ અનુસાર, રોડ આઈલેન્ડમાં એક હોકી ગેમ દરમિયાન એક વ્યક્તિએ કથિત રીતે તેની પત્નીની હત્યા કરી અને તેનાં બે બાળકને ગોળી મારી



હુમલાખોર તેની પત્ની સાથે મૃત્યુ પામ્યો છે, પરંતુ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હોવાના અહેવાલ છે. CCTVમાં જોવા મળ્યું કે તે વ્યક્તિએ કુલ 14 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

મેચના લાઈવ સ્ટ્રીમમાં દેખાયું કે જેમ જ એક ટીમ ડિફેન્સમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે અચાનક ગોળીઓનો અવાજ ગુંજી ઊઠ્યો. ખેલાડીઓ બેન્ચ પાછળ છુપાવવા લાગ્યા. રેફરીએ તરત જ સીટી વગાડીને મેચ રોકી અને આઈસ રિંકમાંથી બહાર નીકળી ગયા.

થોડી જ સેકન્ડમાં બંને ટીમો રિંગ છોડીને બોર્ડ ઉપરથી કૂદતાં બીજી બાજુના એક્ઝિટ તરફ ભાગી. પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી. ઘટના બાદ વિસ્તારમાં ભારે પોલીસ બળ તહેનાત રહ્યું. સોમવાર સાંજ સુધી એરેનાની આસપાસના રસ્તાઓ પર પોલીસ પેટ્રોલિંગ ચાલુ રહ્યું.

કોવેન્ટ્રી પબ્લિક સ્કૂલ ડિસ્ટ્રિક્ટના સુપરિન્ટેન્ડેન્ટ ડોન કોવાર્ટે નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેમની હોકી ટીમના બધા વિદ્યાર્થીઓ સુરક્ષિત છે. તેમણે કહ્યું હતું કે કોવેન્ટ્રી પોલીસનો એક અધિકારી વિદ્યાર્થીઓ સાથે ઘટનાસ્થળે હાજર છે.

નોર્થ સ્મિથફિલ્ડ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડેન ગેરાગ્ટીએ પણ નિવેદનમાં જણાવ્યું હતું કે તેમના તમામ વિદ્યાર્થીઓ, ખેલાડીઓ અને દર્શકો સુરક્ષિત છે. આ સમાચાર હૃદયદ્રાવક છે. અમારો સમુદાય આનાથી હચમચી ગયો છે.

પોલીસ પ્રમુખે જણાવ્યું હતું કે કાયદા અમલીકરણ એજન્સીઓ શાળાઓ સાથે મળીને વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડશે. આ ઘટનાની અસર બાળકો પર મોડેથી પણ જોવા મળી શકે છે.

આ ઘટના એવા સમયે બની છે, જ્યારે લગભગ બે મહિના પહેલાં જ રોડ આઈલેન્ડની બ્રાઉન યુનિવર્સિટીમાં થયેલા હુમલાથી દહેશત ફેલાઈ હતી. એ હુમલામાં બે વિદ્યાર્થીનાં મોત થયાં હતાં અને નવ લોકો ઘાયલ થયા હતા.

# 5 દેશના 14 પૂર્વ-કેપ્ટનનો પાકિસ્તાન સરકારને પત્ર: લેટરમાં સુનીલ ગાવસ્કર, કપિલ દેવની પણ સહી, લખ્યું- ઈમરાન ખાનની સારવાર તાત્કાલિક કરાવો....

ઈસ્લામાબાદ, તા.17

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના ખરાબ સ્વાસ્થ્યને લઈને 5 દેશના 14 પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેપ્ટનોએ પાકિસ્તાન સરકારને પત્ર લખ્યો છે. 73 વર્ષના ઈમરાન ઓગસ્ટ 2023થી જેલમાં છે.

આ પત્ર પર ભારતના બે પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કર, કપિલ દેવ ઉપરાંત ગ્રેગ ચેપલ, બેલિન્ડા ક્લાર્ક, માઈકલ એથર્ટન, નાસિર હુસૈન, ઈયાન ચેપલ, એલન બોર્ડર, માઈકલ બ્રિયરલી, ડેવિડ ગાવર, કિમ હ્યુજીસ, ક્લાઈવ લોયડ, સ્ટીવ વો અને જોન રાઈટે હસ્તાક્ષર કર્યા છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, 14 દિગ્ગજ કેપ્ટનોએ પાકિસ્તાની પીએમ શહબાઝ શરીફને અપીલ કરી છે કે ઈમરાનને યોગ્ય સારવાર આપે. અહેવાલ મુજબ, આ પત્ર પર કોઈપણ પૂર્વ પાકિસ્તાની કેપ્ટને હસ્તાક્ષર કર્યા નથી, જોકે ગયા અઠવાડિયે વસીમ અકરમ, વકાર યુનિસ અને શાહિદ આફ્રિદી સહિત ઘણા પૂર્વ પાકિસ્તાની ક્રિકેટરોએ સોશિયલ મીડિયા પર ઈમરાન માટે યોગ્ય સારવારની માગ કરી હતી. ઈમરાન ખાન 1992માં વર્લ્ડ કપ જીતનારી પાકિસ્તાની ટીમના કેપ્ટન હતા. ક્રિકેટરથી નેતા બનેલા ઈમરાન ખાનની એક આંખની લગભગ 85% દૃષ્ટિ જતી રહી છે.



આ ખુલાસો પાકિસ્તાની સુપ્રીમ કોર્ટના આદેશ પર થયેલી તપાસમાં થયો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત વકીલ સલમાન સફદરે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે ઈમરાન ખાન જેલ પ્રશાસન સમક્ષ ઘણા મહિનાઓથી આંખોમાં ધૂંધળાપણાની ફરિયાદ કરી રહ્યા હતા. ઓક્ટોબર 2025 સુધી તેમની દૃષ્ટિ સામાન્ય હતી, પરંતુ પછીથી જમણી આંખની રોશની અચાનક ઓછી થઈ ગઈ.

તપાસ દરમિયાન પિમ્સ હોસ્પિટલના આંખના નિષ્ણાતને બોલાવવામાં આવ્યા હતા. ડોક્ટરોએ શોધી કાઢ્યું કે ઈમરાનની આંખમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો, જેનાથી ગંભીર નુકસાન થયું હતું. સારવાર અને ઈન્જેક્શન આપ્યાં પછી પણ તેમની જમણી આંખમાં હવે માત્ર લગભગ 15% દૃષ્ટિ બાકી છે. ઈમરાનનું કહેવું છે કે તેમને ખાનગી ડોક્ટર પાસેથી સારવાર કરાવવાની મંજૂરી આપવામાં આવી નથી.

રિપોર્ટ અનુસાર, ઈમરાન ખાનને ઓક્ટોબર 2023થી અડિયાલા જેલમાં સતત અલગ રાખવામાં આવ્યા છે. પૂર્વ પીએમના વકીલે જણાવ્યું હતું કે તેમનો નિયમિત બ્લડ ટેસ્ટ થયો નથી. બે વર્ષમાં તેમને દાંતના ડોક્ટર પાસે પણ લઈ જવામાં આવ્યા નથી, જ્યારે તેમણે ઘણી વખત તેની માગ કરી હતી. મુલાકાત દરમિયાન તેઓ ખૂબ જ પરેશાન અને માનસિક રીતે દબાણમાં જોવા મળ્યા.

રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે તેમના પરિવાર અને વકીલોને મળવા પર પણ પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા. અદાલતના આદેશ છતાં તેમની બહેનોને નિયમિત રીતે મળવા દેવાયાં નહોતાં, જોકે તાજેતરમાં જેલ પ્રશાસન બદલાયા પછી હવે તેમને તેમની પત્નીને અઠવાડિયામાં એકવાર 30 મિનિટ મળવાની મંજૂરી મળી છે. તેમના પુત્રો કાસિમ અને સુલેમાન સાથે 2025માં માત્ર બેવાર ફોન પર વાત કરવા દેવામાં આવી. છેલ્લા પાંચ મહિનાથી તેમને તેમના મુખ્ય વકીલ અને કાનૂની ટીમ સાથે પણ મળવા દેવામાં આવ્યા નથી.

રિપોર્ટના અંતમાં ચેતવણી આપવામાં આવી છે કે જો તાત્કાલિક સારી તબીબી તપાસ તેમજ પરિવાર અને વકીલોને મળવાની સુવિધા પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે તો તેમના સ્વાસ્થ્યને વધુ ગંભીર ખતરો થઈ શકે છે.

ઈમરાન ખાનની પાર્ટી PTIએ ગયા મહિને જણાવ્યું હતું કે ઈમરાન ખાનની જમણી આંખમાં સેન્ટ્રલ રેટિનલ વેઈન ઓક્લુઝન (CRVO) નામની બીમારી જોવા મળી છે. પાર્ટીએ કહ્યું હતું કે મેડિકલ નિષ્ણાતોના મતે યોગ્ય સારવાર ન મળવા પર ઈમરાનની આંખોની રોશની હંમેશાં માટે જઈ શકે છે. CRVO આંખનો એક ગંભીર રોગ છે. આમાં આંખની અંદર રહેલા રેટિનામાંથી લોહી બહાર લઈ જતી મુખ્ય નસમાં બ્લોકેજ થઈ જાય છે. રેટિના આંખનો એ ભાગ છે, જે જોવાનું કામ કરે છે. નસ બંધ થયા પછી લોહી રેટિનામાં જમા થવા લાગે છે. આનાથી સોજો આવે છે અને લોહીનો સ્ત્રાવ પણ થઈ શકે છે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે, તો રેટિનાને કાયમી નુકસાન થઈ શકે છે. નિષ્ણાતોના મતે, CRVO માં આંખોની રોશની ગુમાવવાનું જોખમ ત્યારે વધુ હોય છે જ્યારે સારવારમાં વિલંબ થાય. ખાસ કરીને જો બ્લોકેજ સંપૂર્ણ હોય, રેટિનામાં વધુ સોજો આવી જાય અથવા વારંવાર લોહીનો સ્ત્રાવ થવા લાગે. ઘણા કિસ્સાઓમાં, જો 24થી 72 કલાકની અંદર સારવાર ન મળે તો નુકસાન કાયમી થઈ શકે છે. CRVOની સારવાર સામાન્ય દવાઓ કે નાના ક્લિનિકમાં શક્ય નથી. આ માટે તાત્કાલિક રેટિના સ્પેશિયાલિસ્ટની જરૂર પડે છે. સારવાર દરમિયાન આંખની અંદર સોજો ઓછો કરવા માટે ખાસ ઈન્જેક્શન આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં લેસર ટ્રીટમેન્ટ પણ કરવી પડે છે. આ ઉપરાંત હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટેરોલ જેવા રોગોને નિયંત્રિત કરવા પણ જરૂરી છે, કારણ કે આ બ્લોકેજનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

# જેફ્રી એપસ્ટીન તેની નર્સરીમાં ધતૂરાનો છોડ વાવતો હતો: નશામાં ઉપયોગ થાય છે, ધતૂરાનું ફૂલ ભગવાન શિવ સાથે જોડાયેલું

વોશિંગ્ટન, તા.17

હાલમાં જાહેર થયેલી એપસ્ટીન ફાઈલ્સના ઈમેઈલ્સમાં, યૌન શોષણનો ગુનેગાર જેફ્રી એપસ્ટીનની ઝેરી છોડમાં રુચિ વિશે ચોંકાવનારી માહિતી સામે આવી છે. આ ઈમેઈલ્સમાં ખાસ કરીને 'ટ્રમ્પેટ પ્લાન્ટ્સ' (ધતૂરાનો છોડ) નો ઉલ્લેખ છે.

ઈમેઈલ્સમાં એવા લેખો ફોરવર્ડ કરવામાં આવ્યા હતા, જેમાં કોલંબિયામાં તેના ઉપયોગનો ઉલ્લેખ હતો. જણાવવામાં આવ્યું હતું કે તેની અસર હેઠળ વ્યક્તિને ક્યાંય પણ 'લઈ જઈ' શકાય છે, કારણ કે તે સંપૂર્ણપણે કન્ટ્રોલમાં આવી જાય છે.

હિંદુ પરંપરામાં ધતૂરો ભગવાન શિવ સાથે જોડાયેલો છે. પૌરાણિક કથાઓ અનુસાર, સમુદ્ર મંથન દરમિયાન જ્યારે વિષ નીકળ્યું, ત્યારે શિવજીએ સંસારની રક્ષા માટે તેને પી લીધું. શિવ મંદિરોમાં ધતૂરાના ફૂલ અને ફળ ચઢાવવામાં આવે છે.

ઈમેલના સ્ક્રીનશોટ પરથી જાણવા મળે છે કે તેના ફાઈનાન્સરે આવા છોડમાં રસ દાખવ્યો હતો. ધતૂરાના છોડમાંથી સ્કોપોલામાઈન નામનું રસાયણ નીકળે છે, જે મગજ પર ભારે અસર કરે છે. સ્કોપોલામાઈન યાદશક્તિ નબળી પાડી શકે છે, વ્યક્તિને ભ્રમની સ્થિતિમાં મૂકી શકે છે. આ જ કારણોસર કેટલાક નિષ્ણાતો તેને 'ઝોમ્બી બ્રીથ' પણ કહે છે.

તેમાં જણાવાયું હતું કે આ દવા લોકો પર ખૂબ જ અસર કરે છે અને તેમને સરળતાથી કન્ટ્રોલ કરી શકાય છે.

ઈમેઈલ દર્શાવે છે કે એપસ્ટીન ધતુરાના છોડ વિશે પૂછપરછ કરી રહ્યો હતો. જોકે, તેણે તેનો ઉપયોગ કર્યો હતો કે નહીં તે સ્પષ્ટ નથી.


વળી, 2022ના અન્ય એક ઈમેઈલમાં એક પીડિતાના નિવેદનનો ઉલ્લેખ છે, જેમાં સ્કોપોલામાઈનના સંપર્કમાં આવવાની વાત કહેવામાં આવી છે.

આ દસ્તાવેજો પરથી સ્પષ્ટ થાય છે કે એપસ્ટીન એવા છોડ સાથે સંકળાયેલો હતો, જેમાં મગજને પ્રભાવિત કરવાની શક્તિ હોય છે.

આ ઈમેઈલ સીધો એપસ્ટીને 'એન રોડ્રિગ્ઝ' નામના એક વ્યક્તિને મોકલ્યો હતો. ઈમેઈલમાં તેમણે લખ્યું હતું કે નર્સરીમાં વાવેલા તેમના ટ્રમ્પેટ છોડ વિશે ક્રિસને પૂછો. આનાથી સ્પષ્ટ સંકેત મળે છે કે એપસ્ટીનની નર્સરીમાં ટ્રમ્પેટ પ્લાન્ટ એટલે કે ધતૂરાના છોડ વાવેલા હતા.

એવું કહેવાય છે કે આ ઈમેઈલ ફ્રેન્ચ ફેશન ફોટોગ્રાફર એન્ટોની વેરગ્લાસ દ્વારા આગળ મોકલવામાં આવ્યો હતો. ઈમેઈલ્સમાં જે "ઝોમ્બી ફ્લાવર" નો ઉલ્લેખ છે, તે ખરેખર ટ્રમ્પેટ આકારના છોડ છે. ફોરવર્ડ કરાયેલા એક મેસેજનું શીર્ષક હતું- "સ્કોપોલામીન: કોલંબિયાના જંગલોમાં ઉગતી એક શક્તિશાળી દવા, જે મનુષ્યની ચેતનાનો નાશ કરે છે."

આ મેસેજ ડેઈલી મેલ અને વાઈસના એક રિપોર્ટ સાથે જોડાયેલો હતો. રિપોર્ટમાં



સ્કોપોલામીનને એવો પદાર્થ ગણાવવામાં આવ્યો હતો, જેની અસરથી વ્યક્તિ કન્ટ્રોલમાં આવી છે.

લેખની કેટલીક પંક્તિઓને ખાસ કરીને ચિહ્નિત કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે આ નશાના પ્રભાવમાં વ્યક્તિને ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને તે નાના બાળકની જેમ વર્તન કરવા લાગે છે.

ત્રીજો દસ્તાવેજ સીધો એપસ્ટીન સાથેની વાતચીત નથી. આ ગિલેરમો ફારિનાસ નામના વ્યક્તિ દ્વારા જુઆન એન્ટોનિયો ગોન્ઝાલેઝને મોકલવામાં આવેલો એક ઈમેઈલ હોવાનું જણાવાયું છે, જેની કોપી જોસેફ મંઝારોને પણ મોકલવામાં આવી હતી. હાલમાં એ સ્પષ્ટ નથી કે આ લોકો કોણ છે.

આમાં મંઝારોએ ડિસેમ્બર 2014ની એક કથિત ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. તેમનો દાવો છે કે તેમને સ્કોપોલામીન નામના નશીલા પદાર્થ દ્વારા બેભાન કરવામાં આવ્યા. આ પદાર્થ કેટલાક ખાસ છોડમાંથી બને છે, જેમાં ટ્રમ્પેટ પ્લાન્ટ એટલે કે ધતૂરો પણ સામેલ છે.

નિવેદનમાં સ્પષ્ટપણે સ્કોપોલામીનનું નામ લેવામાં આવ્યું છે. મંઝારોનો આરોપ છે કે તેમને લઈ જઈ રહેલા બે લોકોમાંથી એકે કહ્યું હતું, "મેં તેને પૂરતા પ્રમાણમાં સ્કોપોલામીન આપી દીધું છે." આ પછી તેણે યાદશક્તિ ગુમાવવા અને ખૂબ જ વધારે ઘેન ચઢવા જેવી સ્થિતિનો દાવો કર્યો છે.

હિંદુ પરંપરામાં ધતૂરાનું ફૂલ પવિત્ર માનવામાં આવે છે. તે ભગવાન શિવ સાથે સંકળાયેલું છે. એવી માન્યતા છે કે સમુદ્ર મંથન દરમિયાન નીકળેલું ઝેર ભગવાન શિવએ પીધું હતું, જેનાથી સૃષ્ટિનું રક્ષણ થયું હતું. ધતૂરાને તે ઝેર સાથે સંકળાયેલું પ્રતીક માનવામાં આવે છે.

ભારતમાં ઘણા મંદિરોમાં, ખાસ કરીને મહાશિવરાત્રીના સમયે, ધતૂરાના ફૂલ અને ફળ ચઢાવવામાં આવે છે. જોકે આ છોડ ઝેરી હોય છે, તેમ છતાં તેને આધ્યાત્મિક શક્તિ અને સુરક્ષાનું પ્રતીક માનવામાં આવે છે. જોકે, આ ધાર્મિક મહત્વનો એપસ્ટીન ફાઈલોમાં જણાવેલ સંદર્ભ સાથે કોઈ સીધો સંબંધ નથી.

યૌન શોષણનો ગુનેગાર જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલી નવી ફાઈલોમાં ખુલાસો થયો છે કે એક ભારતીય છોકરી પણ તેનો શિકાર બની હતી. દસ્તાવેજો અનુસાર, અમેરિકી અધિકારીઓએ તેને પીડિત વળતર ફંડમાંથી ચુકવણી અપાવવા માટે ભારતમાં શોધ શરૂ કરી હતી.

13 જાન્યુઆરી 2020 ના એક ઈમેલમાં અમેરિકી અધિકારીઓ વચ્ચે થયેલી વાતચીત સામે આવી છે. તેમાં ભારતમાં રહેતી પીડિતાનું સરનામું અને માહિતી એકત્રિત કરવાનું કહેવામાં આવ્યું છે, જેથી ભારતમાં સ્થિત અમેરિકી દૂતાવાસ દ્વારા તેનો સંપર્ક કરી શકાય. આ ઈમેલ એપસ્ટીનના ઓગસ્ટ 2019માં જેલમાં થયેલા મૃત્યુ પછીનો છે.

રિલીઝ કરાયેલા દસ્તાવેજોમાં આ મેલનું શીર્ષક 'એપસ્ટીન વિક્ટિમ્સ' છે, જોકે અધિકારીઓના નામ અને કેટલીક માહિતી છુપાવવામાં આવી છે.

જેફ્રી એપસ્ટીન ન્યૂયોર્કનો કરોડપતિ ફાઈનાન્સર હતો. તેની મોટા નેતાઓ અને સેલિબ્રિટીઝ સાથે મિત્રતા હતી.

તેના પર 2005માં સગીર છોકરીનું યૌન શોષણ કરવાનો આરોપ લાગ્યો. 2008માં તેને સગીર પાસેથી સંબંધ બાંધવાની માંગણી કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો. તેને 13 મહિનાની જેલ થઈ. 2019માં જેફરીને સેક્સ ટ્રાફિકિંગના આરોપોમાં ધરપકડ કરવામાં આવી. પરંતુ કેસ પહેલા જ તેણે જેલમાં આત્મહત્યા કરી લીધી.

તેની પાર્ટનર ગિસ્લીન મેક્સવેલને 2021માં તેની મદદ કરવાના આરોપોમાં દોષિત ઠેરવવામાં આવી. તે 20 વર્ષની સજા ભોગવી રહી છે.

## તંત્રી લેખ

# ભારતની આઈટી કંપનીઓ માટે એન્થ્રોપિક ખલનાયક બની ગયું

શેરબજાર સાથે સંકળાયેલી આઈટી કંપનીઓમાં AI કંપની એન્થ્રોપિકનું ભૂત ધૂણી રહ્યું છે. ભારતની ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓમાં ગભરાટ એટલા માટે ફેલાયેલો છે કે એન્થ્રોપિકનાં ટૂલ્સને કારણે કંપનીઓનું નફાનું માર્જીન ઘટી જશે એવી દહેશત છે.

એન્થ્રોપિક એક અમેરિકન કંપની છે, જે AIના એડવાન્સ્ડ મોડલ તૈયાર કરી રહી છે. તે એવાં ટૂલ્સ બનાવી રહી છે, જે લિગલ વર્ક, ડેટા એનાલિસિસ, સેલ્સ વર્કફ્લો વગેરે જેવાં જટિલ બિઝનેસ રિલેટેડ કામ પણ કરી શકશે. એક તરફ દિલ્હી ખાતે AI મહાકુંભમાં વિવિધ દેશની કંપનીઓ સાથે સંકળાયેલા AI ટેકનોલોજીસ્ટો વિશ્વ માટે ઉપયોગી ટેકનોલોજી કેવી રીતે બનાવી શકાય તેની ચર્ચામાં વ્યસ્ત છે, તો બીજી તરફ એન્થ્રોપિકની નેગેટીવ અસરમાંથી ભારતની આઈટી કંપનીઓ હજુ બહાર નીકળી શકી નથી. ટીસીએસ અને ઈન્ફોસિસ જેવી કંપનીઓએકુલ આઠ લાખ કરોડના ધોવાણનો સામનો કર્યો છે. આ ધોવાણ પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સીધી અસર હોવાની ચર્ચા થઈ રહી છે. માત્ર ૮ સેશનમાં વેલ્યૂમાં કુલ આઠ લાખ કરોડ રૂપિયાનું ગાબડું આઈટી ક્ષેત્રમાં ખળભળાટ મચાવનારૂં સાબિત થયું છે. આઈટી કંપનીઓ રોકાણકારોને એવું સમજાવવાનો પ્રયાસ કરે છે કે AIના પગલે બધું નિરાશૉજનક નથી થવાનું કે નથી તો કંપનીના સર્વિસ મોડલને કોઈ નુકશાન થવાનું. વળી, જોબની છટણી પણ નહીં થાય. જોકે AIના કારણે અચોક્કસ સ્થિતિ ઊભી થઈ છે તે રોકાણકારો સમજવા લાગ્યા છે.

ભારતની આઈટી કંપનીઓનો પ્રભાવ ભારતના શેરબજાર પર ઘણા સમયથી રહ્યો છે. આઈટી કંપનીઓના શેર સૌના પોર્ટફોલિયોમાં લગડી શેર્સ ગણાતા રહ્યા છે. ભારતની આઈટી કંપનીઓને તગડી માનવામાં આવે છે. તેમાં કરેલું રોકાણ લાંબા ગાળે કમાવી આપનારૂં સાબિત થયું છે, પરંતુ એન્થ્રોપિકનાં AI ટૂલ્સને પગલે ભારતમાં આઈટી કંપનીઓએ ગભરાટ વ્યક્ત કર્યો, જેની સીધી અસર તેમના શેરના ભાવો પર પડી હતી. ઈન્ફોએજના ફાઉન્ડર સંજીવ ભીખાચંદાનીએ દિલ્હીની સમિટમાં કહ્યું હતું કે યુવા આઈટી પ્રોફેશનલ્સે કેટલાક AI ટૂલ્સને શીખી લેવા પડશે કે જેથી તે AIના ઉપયોગમાં પાછળ ના રહી જાય. તેમણે એમ પણ કહ્યું હતું કે ઉત્પાદન વધારવામાં AI મદદ કરશે, તે જોબ કાપશે તે વાત સાથે હું સંમત થતો નથી. ભીખાચંદાની માને છે કે નવી સિસ્ટમની ચિંતા કરવાના બદલે પોતાની કરીઅર અને જોબમાં AIને શી રીતે વણી શકાય અને કંપનીના ઉપયોગમાં કેવી રીતે લાવી શકાય તેનો વિચાર કરવો જોઈએ. એચસીએલના ભૂતપૂર્વ સીઈઓ વિનીત નાયરે કહ્યું હતું કે AI જોબ આંચકી નથી લેવાનું, પણ હાલની જોબ પૈકીની ૫૦ ટકા જેટલી નોકરીઓને તે નવેસરથી અપડેટ કરશે અને સૌને AIનો ઉપયોગ કરવાની તક પૂરી પાડશે. કંપનીઓમાં કામ કરતાં મોટી ઉંમરના લોકોનો ગ્રાસ્પિંગ પાવર ઓછો હોવાથી તેમને નવી ટેકનોલોજી શીખતાં કદાચ વાર લાગશે, યુવા પ્રોફેશનલ્સે ૧૦થી ૧૫ જેટલાં AI ટૂલ્સ શીખી લેવા જોઈએ. સમિટમાં એમ પણ કહેવાયું છે કે દરેક ક્ષેત્રે AI આવી ગયું છે. જો તમે તેને શીખવા અને સમજવાનો પ્રયાસ નહીં કરો તો તમે કંપનીના મુખ્ય પ્રવાહમાંથી દૂર થઈ જશો. એન્થ્રોપિક કંઈ નવી કંપની નથી. ડિસેમ્બર ૨૦૨૫માં એન્થ્રોપિકે ચેટજીપીટી પ્રકારના ચેટબોટ ક્લાઉડનું ૪.૧ વર્ઝન બહાર પાડયું હતું. ત્યાર પછી ૨૫ દિવસમાં અનેક કંપનીઓએ નવાં ટૂલ્સ બહાર પાડયાં હતાં. એન્થ્રોપિકનું ક્લાઉડ ૪.૫ મોડલ પણ આવ્યું. તે સિંગલ મોડયુલ નથી, પણ તેમાં સોનેટ ૪.૫, હાઈકુ ૪.૫ અને ક્લાઉડ ઓપસ ૪.૫ સમાયેલા છે. તે કોડિંગ, ઓટોનોમસ વર્ક અને ગૂંચવાડાભર્યાં કામોનો ઉકેલ લાવી શકે છે. અન્ય AI મોડલ કરતાં તે જુદું એટલા માટે તરી આવે છે કે તેમાં કંપનીની પ્રોડક્ટના ઉત્પાદનની કિંમત ઘટાડવાની ક્ષમતા સમાયેલી છે. ક્લાઉડ ૪.૫ એન્થ્રોપિકનું થર્ડ જનરેશનનું મોડલ છે. ૪ ફેબુરઆરીએ એન્થ્રોપિકનું ટૂલ બહાર પડયું તે સાથે જ આઈટી શેરોમાં ગાબડાં પડવા લાગ્યાં હતાં.

**ભારતની 60 કરોડ વસતીને દરરોજ પીવાના અને વપરાશના પાણીની વ્યવસ્થા કરવા માટે સંઘર્ષ કરવો પડે છે. 2030 સુધીમાં ભારતમાં પાણીની માગ બમણી થઈ જશે. આજે સ્થિતિ એવી છે કે, વિશ્વમાં જેટલું કુલ સ્વચ્છ પાણી છે તેનો માત્ર 4 ટકા ભાગ જ ભારત પાસે છે જ્યારે તેની સરખામણીએ દુનિયાની કુલ વસતીની 17 ટકા વસતી ભારતમાં રહે છે : 2013 બાદ ભારતમાં પીવાના પાણીની ગુણવત્તામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તાજેતરમાં જારી થયેલી યાદીમાં પણ તે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. હાલની યાદીમાં ભારતને ઈપીઆઈ માત્ર 25.5 છે. રવાન્ડા, યુગાન્ડા અને સાઉથ આફ્રિકા જેવો ભારતનો ઈપીઆઈ છે**

# વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં ભારત 138મા સ્થાને

## 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' થકી વિકાસની કપોળ કલ્પનાઓ નહીં પણ 'એક્ચ્યુઅલ ઈન્ડિયન્સ'ની વાસ્તવિક સ્થિતિ સુધારવાને વિકાસ ગણાય તે સમજવું પડશે

ભારતને આજે વિશ્વની સૌથી ઝડપથી વિકાસ કરી રહેલા અર્થતંત્ર તરીકે જોવામાં આવે છે. ભારતમાં આમૂલ પરિવર્તન આવેલું છે. આર્થિક વિકાસ થઈ રહ્યો છે, રોજગારના અવસરો મળી રહ્યા છે, લોકોના સ્કિલમાં વધારો થઈ રહ્યો છે, દેશમાં સામાન્ય જનજીવનને અસર કરે તેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો થઈ રહ્યો છે, ગામડાઓ સુધી વિકાસ પહોંચ્યો છે અને હવે તો એઆઈ અને ટેક્નોલોજી મુદ્દે પણ ભારતે હરણફાળ ભરી છે. આવા અનેક કપોળ કલ્પિત વચનો, વાક્યો અને વાયદા સાથેના પોસ્ટરો દેશભરમાં સરકાર દ્વારા લગાવાયા છે, કરોડો રૂપિયા ખર્ચીને તેની જાહેરાતો કરાઈ છે. શાસકપક્ષના નેતાઓ દ્વારા જનતાના ઘર ઘર સુધી તેની દાંડીઓ પીટવામાં આવી છે. હવે વિશ્વના સૌથી મોટા એઆઈ સમીટનું આયોજન કરવાનો જશ ખાટવામાં આવી રહ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા દેશનો વિકાસ કરવાની જે કપોળ કલ્પનાઓ કરાઈ રહી છે તેની જગ્યાએ એક્ચ્યુઅલ ઈન્ડિયન્સની રોજિંદી જરૂરિયાતો પૂરી કરાયને તો પણ વિકાસ થયો જ ગણાય. દેશમાં લોકોને પીવા માટે સ્વચ્છ પાણી નથી મળતું અને સરકારે ચંદ્ર સુધી પોતાની કામગીરીઓની વાહવાહીના ઝંડા લહેરાવા માગે છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં પાણીની પાઈપલાઈનોમાં થયેલા ડખામાં ઘણા નિર્દોષ બાળકો સહિત લોકોના જીવ ગયા હતા. લોકોને દુષિત, ગંધાતું અને વિષયુક્ત પાણી પીવા મળે છે. આવા જ કિસ્સા ગાંધીનગર અને તેની આસપાસના કેટલાક ભાગમાં બન્યા હતા. સરકાર એક તરફ દેશના વિકાસને હિમાલયની ટોચે હોવાનું બતાવે છે જ્યારે તળેટીમાં નજર કરીએ તો પીવાના પાણીના સ્વચ્છ અને સુરક્ષિત સંશાધનો મામલે ભારત વિશ્વમાં અત્યંત પાછળ છે. તાજેતરમાં વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂ દ્વારા વોટર



ક્વોલિટી ઈન્ડેક્સની જાહેરાત કરવામાં આવી હતી. આ ઈન્ડેક્સમાં ૧૭૨ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, વિશ્વની ચોથા ક્રમની સૌથી મોટી ઈકોનોમી હોવાનો જશ લેતા ભારતનો ક્રમ આ યાદીમાં ૧૩૮મો છે. આફ્રિકા અને અન્ય પછાત દેશોની સાથે ભારતનું નામ આવે છે.

ચિંતાજનક બાબત એ છે કે, ૨૦૧૩ બાદ ભારતમાં પીવાના પાણીની ગુણવત્તામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. તાજેતરમાં જારી થયેલી યાદીમાં પણ તે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. હાલની યાદીમાં ભારતને ઈપીઆઈ માત્ર ૨૫.૫ છે. રવાન્ડા, યુગાન્ડા અને સાઉથ આફ્રિકા જેવો ભારતનો ઈપીઆઈ છે. ભારતમાં વધતી જતી વસતી અને વિકાસનું કથિત મોડલ આજે લોકોને સ્વચ્છ અને સ્વસ્થ જીવન આપવામાં સદંતર નિષ્ફળ જઈ રહ્યું છે. સામાન્ય માણસ માટે સ્વચ્છ પાણી અને ભોજન મેળવવા એક પડકાર સમાન બની ગયા છે અને છતાં દેશ મહાન હોવાના ઢોલ પીટવામાં આવે છે. ભારતમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક રીતે એટલું વિશાળ પરિવર્તન આવ્યું છે કે, આપણે પોતે પણ આ સ્થિતિ માટે દોષિત છીએ. જે નદીઓ આપણી લોકમાતા કહેવાય છે, આપણા ધર્મ અને સંસ્કૃતિના ઓળખનું કેન્દ્ર છે તેને આજે આપણે પ્રદુષણનું કેન્દ્ર બનાવી દીધી છે.

ચિંતાજનક બાબત એ છે કે, ગરમીઓમાં નદીઓ સુકાઈ જાય છે અને જે વધી ઘટી હોય છે તેમાં ગંદા પાણી જાય છે. જે નદીઓ ગામડા અને શહેરોને પીવાનું પાણી પૂરું પાડે છે તેમાં જ આપણે આપણી ગંદકી ઠાલવીએ છીએ. ઉદ્યોગોના ગંદા પાણી, કચરો અને બીજો વેસ્ટ, મેડિકલ વેસ્ટ, ગટરોનું ગંદું પાણી અને અન્ય કચરો નદીઓ અથવા તો બીજા જળ સ્રોતમાં ઠાલવવામાં આવે છે. બીજા જળ સ્રોતમાંથી આ કચરો અને ઝેર નદીઓ સુધી પહોંચે છે. હવે તો નદીઓ થકી આ ઝેરી કેમિકલ્સ સમુદ્ર સુધી પહોંચતા થઈ ગયા છે. ખેતી, ઉદ્યોગો અને શહેરમાં સતત વધી રહેલી વસતી દ્વારા પારંપરિક જળસ્રોતનો અત્યંત વપરાશ કરવામાં આવી રહ્યો છે. આ પાણીના વપરાશ બાદ જે ગંદકી સર્જાય છે તેને નદીઓમાં ઠાલવવામાં આવે છે. હકીકતે આપણે સામુહિક આપત્તી તરફ અને મહામારી તરફ આગળ વધી રહ્યા છીએ. તે ઉપરાંત નાની નદીઓ પણ હવે માત્ર ચોમાસાની ઋતુમાં ભરાય છે અને વરસાદી ઝરણા જેવી વહેતી હોય છે અને બે-ત્રણ મહિનાનું તેની આવરદા પૂરી થઈ જાય છે. ત્યારબાદ તેમાં ઉદ્યોગો અને શહેરી ગટરોનું ગંદુ પાણી જ વહેતું હોય છે.

દેશમાં લોકો જેને માતા કહે છે તે ગંગા, યમુના અને સાબરમતી જેવી નદીઓને પ્રદુષિત કરવામાં કોઈ કચાશ રાખતા નથી. તેમાંય અમદાવાદની સાબરમતી તો દેશની સૌથી પ્રદુષિત નદીઓમાં સ્થાન ધરાવે છે. યમુનાના પ્રદુષણ અંગે તો દાયકાઓથી મથામણ ચાલે છે અને કદાચ આગામી દાયકાઓ સુધી ચાલશે. તેમાં સરકારો પોતાના પહેલાની સરકારોનો દોષ દેતી આવે છે પણ કામગીરી કરતી નથી.

નદીઓને સ્વચ્છ કરવા માટે મંત્રાલય બનાવાયું છે પણ ક્યાંય કોઈ નદી સાફ થઈ હોય તેવા અહેવાલ ક્યારેય આવતા નથી. ગંગા સાફ કરવા માટે દાયકાથી કામ ચાલે છે પણ કયો કિનારો સાફ થયો અને ક્યાં પાણી ચોખ્ખું થતું તેના કોઈ અહેવાલ નથી.

દેશમાં પ્રદુષણ રોકવા માટેના કાયદા બનાવવામાં આવ્યા છે. આ તમામ કાયદા પુસ્તકોમાં અને કાગળમાં સાચવીને રાખવામાં આવ્યા છે. દેશમાં આજે સ્થિતિ એવી છે કે, ૭૦ ટકા પાણી કોઈને કોઈ રીતે પ્રદુષિત થઈ રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનો એક અહેવાલ જણાવે છે કે, ભારતમાં કે સંક્રમણથી બિમારીઓ ફેલાય છે તેના મુખ્ય કારણોમાં પાંચમું કારણ પ્રદુષિત પાણી છે. ઝાડા-ઉલટીના કારણે આજે પણ અંદાજે પાંચ લાખ કરતા વધારે નાના બાળકોનાં મોત થાય છે. તે ઉપરાંત બે લાખથી વધારે પુખ્ત વયના લોકો ગંદા પાણીના કારણે થતી બીમારીઓને પગલે પોતાનો જીવ ગુમાવે છે. એક અભ્યાસમાં સ્પષ્ટ થયું છે કે, ભારતની ૬૦ કરોડ વસતીને દરરોજ પીવાના અને વપરાશના પાણીની વ્યવસ્થા કરવા માટે સંઘર્ષ કરવો પડે છે. તેમને જેવું પણ પાણી મળે છે તો તરત જ તેઓ તેનો સંગ્રહ કરીને તેને પીવા અને વપરાશમાં લેવા માંડે છે. આ તેમની મજબૂરી છે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર સસ્ટેનિબિલિટીના અહેવાલમાં જણાવાયુ છે કે, હાલમાં દેશની જે સ્થિતિ છે તે આગામી પાંચ વર્ષમાં વધારે ભયાનક થશે. ૨૦૩૦ સુધીમાં ભારતમાં પાણીની માગ બમણી થઈ જશે. આજે સ્થિતિ એવી છે કે, વિશ્વમાં જેટલું કુલ સ્વચ્છ પાણી છે તેનો માત્ર ૪ ટકા ભાગ જ ભારત પાસે છે જ્યારે તેની સરખામણીએ દુનિયાની કુલ વસતીની ૧૭ ટકા વસતી ભારતમાં રહે છે.

દેશના ઘણા વિસ્તારોમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા જ નથી. બીજી તરફ જ્યાં પાણી આવે છે ત્યાં નાઈટ્રેટ, ફ્લોરાઈડ, આર્સેનિક, આયર્ન, ક્લોરાઈડ અને ઈકોલાઈ જેવા ઘાતક તત્ત્વનો અને જીવાણુઓ ધરાવતું પાણી આવે છે. થોડા સમય પહેલાં આવેલો એક અહેવાલ જણાવે છે કે, મધ્ય પ્રદેશોમાં ગ્રામ્ય વિસ્તારોમાં જે પીવાનું પાણી આવે છે તેના ૩૬.૭ ટકા નમૂના ચિંતાજનક ગુણવત્તા ધરાવે છે. દેશમાં પણ પીવાના પાણીના નમૂના તપાસવામાં આવ્યા તો તેમાંથી ત્રીજા ભાગના નમૂના ગુણવત્તાના માપદંડો ઉપર નિષ્ફળ નીવડે છે. ખાનગી અને સરકારી કોલોનીઓમાં પણ પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતું નથી. લોકો દ્વારા બેફામ રીતે બોર બનાવીને ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે.

આ પાણી પણ પ્રદુષિત થઈ ગયું છે. સરેરાશ એવું કહી શકાય કે રાજા અને પ્રજાએ ભેગા થઈને વિકાસના નામે કુદરતી વ્યવસ્થાનું નિકંદન કાઢયું અને નદીઓ પ્રદુષિત કરી નાખી. હવે પીવાના પાણી માટે વલખા મારવા પડે છે.

વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂ દ્વારા જે યાદી જાહેર કરવામાં આવી છે તેમાં યુરોપના દેશો ટોચના સ્થાને છે. તેમનો એન્વાયર્નમેન્ટલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ ૧૦૦ છે. કુલ ૧૦૦માંથી આ સ્કોર આપવામા આવે છે. તેમાં જર્મની, બ્રિટન, ઈટાલી, ગ્રીસ, સ્વિટ્ઝર્લેન્ડ, ફિનલેન્ડ અને આયર્લેન્ડનો ઈપીઆઈ ૧૦૦ છે. તેઓ ટોચના દેશો છે. ત્યારબાદ નોર્વે ૯૯.૯, લક્ઝમ્બર્ગ ૯૯.૮, કેનેડા ૯૯.૭, આઈસલેન્ડ ૯૯.૪ અને ઓસ્ટ્રેલિયા ૯૯.૨ ઈપીઆઈ ધરાવે છે. સૌથી ખરાબ ઈપીઆઈ ધરાવતા દેશોમાં ચાડ આવે છે. તેનો ઈપીઆઈ માત્ર ૪.૬ છે. ત્યારબાદ સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકનો ૯.૨, લેસોથોનો ૯.૮, નિગરનો ૧૨.૮ અને મડાગાસ્કરનો ૧૩.૫ છે. એશિયાની વાત કરીએ તો ભારતનો ઈપીઆઈ સૌથી ઓછો છે. ભારતનો ઈપીઆઈ ૨૫.૫ છે. ભારત કરતા પાણીની સ્વચ્છતા મુદ્દે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિતના તેના તમામ પાડોશી દેશો આગળ છે. પાકિસ્તાનનો ઈપીઆઈ ૨૭.૯, બાંગ્લાદેશનો ૩૨.૬ છે. અફઘાનિસ્તાનનો ઈપીઆઈ ૩૩.૧ છે જ્યારે નેપાળનો ૩૪.૭ છે. તેવી જ રીતે મ્યાંમારનો ૩૬.૨ ઈપીઆઈ છે અને ભુતાનનો ૩૯.૮ ઈપીઆઈ છે. શ્રીલંકા તો સૌથી આગળ ૫૧.૪ ઈપીઆઈ ધરાવે છે. આ મુદ્દે ચીનનો દબદબો છે. એશિયામાં ચીનનો ઈપીઆઈ સૌથી વધારે ૭૫.૭ છે. જાણકારો માને છે કે, ભારતમાં જે રીતે વિકાસની વ્યાખ્યા કરવામાં આવે છે અને જે રીતે વિકાસ બતાવવામાં આવે છે તે ખરેખર કાગળ ઉપરનો વિકાસ છે.

# ડેરેક ઓ બ્રાયનએ મોદીને 'ટેલીપ્રોમ્પ્ટર ટાઈકુન' કહ્યા

તૃણમુલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયન એમની તીખી કલમ અને કડવા વેણ માટે જાણીતા છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતા ખચકાતા નથી. રાજ્ય સભાના સાંસદ ડેરેકએ વડાપ્રધાનને 'ટેલીપ્રોમ્પ્ટર ટાઈકુન' કહ્યા હતા. જ્યારે કોઈ વ્યક્તિ પ્રવચન આપવા માટે લખાણ વાંચીને ટેલીવીઝન જેવા સ્ક્રીન ટેલીપ્રોમ્પ્ટરની મદદ લે છે એમને 'ટેલીપ્રોમ્પ્ટર ટાઈકુન' કહેવામાં આવે છે. ડેરેકે એમ પણ કહ્યું હતું કે મોદી સંસદમાં બોલવાથી ડરે છે અને એમના શબ્દો ખોખલા હોય છે. અમેરિકા સાથે ટ્રેડ એગ્રીમેન્ટમાં મોદી નિષ્ફળ રહ્યા હોવાનો આક્ષેપ પણ ડેરેકે કર્યો હતો. લોકસભામાં બજેટ વિશેની ચર્ચામાં જવાબ આપવા માટે ડરને કારણે મોદી નહીં આવ્યા હોવાનું પણ એમણે કહ્યું હતું.



કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગે અને ભાજપ પ્રદેશ પ્રમુખ વચ્ચે આરએસએસને લઈને દલીલ બાજી થઈ રહી છે. પ્રિયાંક ખડગેએ આરએસએસ પર મીન લોન્ડ્રીંગનો આરોપ મૂક્યો હતો. આ આરોપનો જવાબ આપતા ભાજપના બી વાય વિજયેન્દ્રએ કોંગ્રેસને પોતાનું અસ્તિત્વ સંભાળવા માટે કહ્યું હતું. ખડગેએ આરોપ મુક્યો છે કે આરએસએસ ૨૫૦૦થી વધુ સંગઠનોનું નેટવર્ક છે. બધા સંગઠનો પાસે આરએસએસ પૈસા લે છે. શું આ બધા સંગઠનો બંધારણથી ઉપર છે? આનો જવાબ આપતા વિજયેન્દ્રએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, મંત્રી પ્રિયાંક ખડગે પહેલા એ નક્કી કરી લે કે કોંગ્રેસ પક્ષની નોંધણી રદ નહીં થાય. રાજકીય રીતે કોંગ્રેસનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. ખડગે પરિવારે કલ્યાણ કર્ણાટકને દેશનો સૌથી પછાત વિસ્તાર બનાવવા સિવાય કઈ કર્યું નથી.

મધ્યપ્રદેશ કેડરના આઈએએસ અધિકારી અવિ પ્રસાદ ત્રીજી વખત લગ્ન કરીને ફરીથી સમાચારમાં ચમક્યા છે. એક જમાનામાં એમણે પોલીસની વરદી પહેરીને કામ કરવાનું સપનું જોયું હતું. ત્યાર પછી એમણે આઈએએસ તરીકે ટોપ રેન્ક મેળવ્યો હતો. મૂળ ઉત્તર પ્રદેશના સીતાપુરના રહેવાસી અવિ પ્રસાદ હંમેશા સમાચારોમાં રહ્યા છે. છૂટાછેડા લીધા પછી એમણે ત્રીજી વખત લગ્ન કર્યા છે. મજાની વાત એ છે કે અગાઉની એમની બંને પત્નીઓ પણ આઈએએસ ઓફિસર છે. હમણા આ બંને પત્નીઓ જિલ્લા કલેક્ટર તરીકે કામ કરે છે. એમના ત્રીજા પત્ની રાજ્ય મંત્રાલયમાં ડેપ્યુટી સેક્રેટરી છે. અવિ પ્રસાદ ૨૦૧૩ના વર્ષમાં આઈપીએસ બન્યા હતા. ૨૦૧૪માં તેઓ યુપીએસસીની પરીક્ષા પસાર કરી આઈએએસ બન્યા હતા. એમના દાદા તમ્બેશ્વર પ્રસાદ ઉર્ફ બચ્ચા બાબુ ભૂતપૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહની સરકારમાં મંત્રી હતા.

પશ્ચિમ બંગાળમાં થોડા અઠવાડિયામાં જ વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ શકે છે. પશ્ચિમ બંગાળ સરકાર અને ચૂંટણી કમિશન વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સુપ્રીમ કોર્ટમાં જાતે હાજર રહીને ચૂંટણી કમિશન વિરુદ્ધ દલીલો કરી હતી. ગીન્નાયેલુ ચૂંટણી કમિશન હવે બદલો લેવાના મૂડમાં છે. ચૂંટણી કમિશને મમતાના અધિકારીઓ પર દંડો ચલાવ્યો છે. ચૂંટણી કમિશને પશ્ચિમ બંગાળમાં ૭ અધિકારીઓને હાંકી કાઢયા છે. કમિશને આ અધિકારીઓ પર ફરજપાલનમાં બેદરકારી અને સત્તાના દુરઉપયોગનો આરોપ મૂક્યો છે. કમિશને જનપ્રતિનિધિત્વ કાયદા ૧૯૫૦ની કલમ ૧૩ સીસી હેઠળ પોતાના અધિકારનો ઉપયોગ કરીને આ નિર્ણય લીધો હતો. કમિશને પશ્ચિમ બંગાળના ચીફ સેક્રેટરીને સૂચના આપી છે કે, આ અધિકારીઓ વિરુદ્ધ તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે.

સામાન્ય રીતે પાકિસ્તાન અને રશિયાના સંબંધો કદી સુંવાળા રહ્યા નથી. હવે પાકિસ્તાન અને રશિયાએ એક બીજા સાથે સંબંધ સુધારવાની શરૂઆત કરી છે. ભારતની વિદેશ નીતિ માટે આ એક મોટો ફટકો છે. રશિયા અને પાકિસ્તાન જમીન માર્ગે અને હવાઈ માર્ગે સંપર્ક વધારીને વેપાર અને આર્થિક સંબંધો ગાઢ કરશે. તૂર્કીના ઈસ્તમબુલમાં મુસ્લિમ દેશો (ઓઆઈસી)ના ટ્રાન્સપોર્ટ મીનીસ્ટરોની કોન્ફરન્સમાં પાકિસ્તાનના મીનીસ્ટર અબ્દુલ સલીમ ખાન અને રશિયાના મંત્રી ડીમીત્રી સ્ટાનીસ્લાવોવીચ જેવરેવ વચ્ચે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મીટીંગમાં નક્કી થયું હતું કે મોસ્કો, ઈસ્લામાબાદ વચ્ચે સીધી ફલાઈટ તાત્કાલીક શરૂ કરવામાં આવશે. બંને મંત્રીઓએ પાકિસ્તાની માલવાહક ટ્રક ડ્રાયવરોને પરેશાન કરતી વીઝાની મુશ્કેલી દુર કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આસામ કોંગ્રેસના પ્રમુખ ભૂપેન બોરાએ આંતરીક ખટપટથી કંટાળીને રાજીનામું આપી દીધું હતું. આ સમાચાર જાણીને આસામના મુખ્યમંત્રી હિમત બિસ્વા સરમાએ એમને તરત જ ભાજપમાં આવવાનું આમંત્રણ આપી દીધું હતું. સરમાએ ત્યાં સુધી કહી દીધું હતું કે જો ભૂપેન બોરા ભાજપ સાથે જોડાય છે તો તેઓ જીતી શકે એવી સુરક્ષીત બેઠક પરથી એમને જીતાડવામાં આવશે. એમણે એમ પણ કહ્યું હતું કે તેઓ મંગળવારે બોરાના ઘરે જઈને ભવિષ્યની યોજના વિશે ચર્ચા કરશે. ભૂપેન બોરાએ કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેને રાજીનામું આપતી વખતે કહ્યું હતું કે પાર્ટી હાઈકમાન્ડ એમની અવગણના કરે છે. જોકે સમય પારખીને કોંગ્રેસ હાઈકમાન્ડે ભાજપની બાજી પલ્ટી નાખી હતી. રાજીનામું આપ્યા પછી ભૂપેન બોરાએ થોડા કલાકોમાં જ રાજીનામું પરત ખેંચી લીધું હતું. એઆઈસીસીના રાજ્ય પ્રભારી જીતેન્દ્ર સિંહના કહેવા પ્રમાણે પાર્ટી હાઈકમાન્ડએ તાત્કાલીક એક્શનમાં આવીને બોરા સાથે વાત કરી એમને મનાવી લીધા હતા.

કોંગ્રેસના બહુ બોલકા નેતા મણીશંકર ઐયર બોલવામાં કોઈની શરમ રાખતા નથી. અત્યાર સુધી ઐયરની ટીકાની તોપ વડાપ્રધાન મોદી તરફ મંડાયેલી રહેતી હતી. હવે એકાએક એમણે નીશાન બદલ્યું છે. મણીશંકર ઐયરે કેરળના મુખ્યમંત્રી પીનરઈ વિજયનના વખાણ કરીને તેઓ ફરીથી મુખ્યમંત્રી બનશે એવી આગાહી કરી હતી. ઐયરના આ નિવેદન પછી કોંગ્રેસ પક્ષમાં નાનકડો ધરતીકંપ આવી ગયો. ઐયરના નિવેદનની ટીકા કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડા તેમજ મહામંત્રી અને રાહુલ ગાંધીના સલાહકાર જયરામ રમેશએ કરી. પોતાની ટીકાથી સમસમી ગયેલા ઐયરએ પવન ખેડાને બરાબર ધોઈ નાંખ્યા. એમણે ખેડાને કઠપૂતળી તો કહ્યા જ પરંતુ એમ પણ કહ્યું કે તેઓ પક્ષના અધિકૃત પ્રવક્તા નથી. એમણે એમ પણ કહ્યું કે પવન ખેડા મહામંત્રી જયરામ રમેશ કહે એટલું જ કરે છે.

# પાણીથી ન્હાય તે "કપડાં" બદલી શકે છે, પણ પરસેવે ન્હાય તે "કિસ્મત" બદલી તંદુરસ્ત જીવન જીવી શકે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે,એક રાજા રહેતા હતા.તેમની પાસે બધી જ સુખ-સુવિધાઓ હતી અને અસંખ્ય નોકરો હંમેશા તેમની સેવા કરવા માટે ઉપલબ્ધ રહેતા હતા.તેમને કોઈપણ વસ્તુ ની કમી નહોતી. છતાં,રાજા પોતાના જીવનથી નાખુશ હતા. તેઓ સતત બીમારીઓથી પીડાતા હતા બધા શ્રેષ્ઠ ચિકિત્સકો દ્વારા તેમની સારવાર કરવામાં આવતી હતી,પરંતુ તેઓ સ્વસ્થ થઈ શકતા ન હતા. સમય જતાંતેમની બીમારી વધુ ખરાબ થતી ગઈ. રાજદરબાર ચિંતિત થઈ ગયો રાજાની બીમારી દૂર કરવા માટે દરબારી ઓએ શહેરમાં જાહેરાત કરી કે જે કોઈ તેમનું સ્વાસ્થ્ય પાછું લાવી શકશે તેને અસંખ્ય સોનાના સિક્કાથી પુરસ્કાર આપવામાં આવશે.આ સાંભળીને,એક વૃદ્ધ માણસ સારવાર માટે રાજાના મહેલમાં ગયો.વૃદ્ધ માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું: 'મહારાજ, જો તમે પરવાનગી આપો તો હું તમારી બીમારી મટાડી શકું છું.' રાજાની પરવાનગી મેળવીને, તેમણે જવાબ આપ્યો:'કૃપા કરીને સંપૂર્ણપણે ખુશ વ્યક્તિના વસ્ત્રો પહેરો;તમે ચોક્કસ સ્વસ્થ અને ખુશ થશો.' વૃદ્ધ માણસના શબ્દો સાંભળીને રાજાના બધા મંત્રીઓ અને નોકરો જોરથી હસવા લાગ્યા. આ સાંભળીને વૃદ્ધે કહ્યું,'મહા રાજ,તમે બધા ઉપાયો અજમાવી લીધા છે;આ પણ અજમાવી જુઓ;તમે ચોક્કસ સાજા થઈ જશો.'રાજા તેની સાથે સંમત થયા.'હું જઈશ.' રાજાએ તેની સાથે સંમતિ આપી અને પોતાના સેવકોને સુખી વ્યક્તિની શોધમાં રાજ્યના ખૂણે ખૂણે મોકલ્યા.પણ તેઓને કોઈ મળ્યું નહીં.તેના રાજ્યમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ વાતથી નાખુશ હતા.હવે રાજા પોતે સુખી વ્યક્તિની શોધમાં નીકળ્યો ઉનાળાનો દિવસ ખૂબ જ ગરમી હતી,જેના કારણે તે અસ્વસ્થ થઈ રહ્યો હતો,અને તે એક ઝાડ ની છાયા નીચે આરામ કરવામાટે રોકાઈ ગયો.ત્યારે જ,તેણે એક મજૂરને ગરમીમાં કામ કરતો જોયો,તેણે તેને પૂછ્યું,'શું તું સંપૂર્ણપણે ખુશ છે?' મજૂરે ખુશીથી અને સ્વાભાવિક રીતે જવાબ આપ્યો,'ભગવાનની કૃપાથી,હું સંપૂર્ણપણે ખુશ છું. રાજા ખૂબ ખુશ થયો.તેણે મજૂર તરફ ઉપરથી નીચે સુધી જોયું, અને જોયું કે તેણે ફક્ત ધોતી પહેરી હતી અને સખત મહેનત થી પરસેવાથી તરબોળ હતો.

આ જોઈને,રાજા સમજી ગયો કે એક સામાન્ય મજૂર પણ ફક્ત સખત મહેનતને કારણે ખુશ હોય છે,જ્યારે રાજા કામ ન કરવાને કારણે બીમારીથી ઘેરાયેલો હોય છે.પાછા ફરતા, રાજાએ વૃદ્ધ માણસની કૃપા સ્વીકારીને, તેને અસંખ્ય સોનાના સિક્કા આપ્યા.હવે રાજાએ પોતે આરામ અને આળસ છોડી દીધી અને સખત મહેનત કરવા લાગ્યો અંદર થોડા દિવસોમાં,રાજા સંપૂર્ણપણે સ્વસ્થ અને ખુશ થઈ ગયો.

અનાદિ કાળથી મનને વિષયોનું ચિંતન કરવાથી આદત પડી છે, પણ તે જ મન જો શ્રીકૃષ્ણ કથા નું ચિંતન કરે, તો વિષયોનું ચિંતન કરવાની આદત છૂટે.

ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. ગોકુળની શ્રીકૃષ્ણલીલાનું આ તાત્પર્ય છે. ગોપીઓને મરતાં પહેલાં મુક્તિ મળે છે. મુક્તિ મર્યા પછી નહીં, પણ મર્યા પહેલાં મળે છે.ગોપી ભલે ઘરમાં રહે પણ તેનું મન ઘરમાં નથી, તેનું મન પ્રભુમાં છે. કોઈ પણ સાધન કર્યા વગર ધ્યાન ધર્યા વગર, ધારણ કર્યા વગર. ગોપીઓના મનને શ્રીકૃષ્ણમાં નિરોધ થયો છે. મહાપ્રભુએ કહ્યું કે, હું ગોપીઓને માર્ગ બતાવું છું. હું નવું કાંઈ કહેતો નથી. લૌકિક રૂપમાં જેવી આસક્તિ છે તેવી ભગવદાસક્તિ થાય છે તો સંસારનું બંધન છૂટી જાય છે. શ્રીકૃષ્ણ સૌંદર્ય એવું છે કે, જેને જોયા પછી જગતનું સૌંદર્યજોવું ગમતું નથી.એસૌંદર્ય દેખાડી એક એક ઈન્દ્રિયને યુક્તિથી,વિષયો માંથી હઠાવી પરમાત્મા પોતાની પાસે ખેંચી લે છે.પરિણામે અનાયાસે શ્રીકૃષ્ણ કથામાં તન્મયતા થાય છે.

ભગવાનને પ્રાર્થના કરો કે,નાથ, મારા મનને ખેંચી લો.મારું મન શ્રીકૃષ્ણ વિના જગતના કોઈ જડ પદાર્થમાં ન જાઓ.પથરો પૂર્ણ જડ છે,મન પૂર્ણ જડ નથી. મન અર્ધચેતન અને અર્ધજડ છે. સંકલ્પ કરો તો મન હજારો માઈલ દૂર આવશે. મનનો જ્યારે લય થશે ત્યારે તે ઈશ્વરમાંજથશે મનનો લય જડ પદાર્થમાં થવાનો નથી.

સજાતીય વસ્તુ સજાતીયમાં ભળે છે. દૂધમાં મીસરી ભળે છે તેમ સજાતીય વસ્તુ વિજાતીયમાં નહીં ભળે. દૂધમાં પથ્થર નાંખશો તો ભળશે નહીં.જે ક્ષણે ક્ષણે સરે છે તે સંસારનો પ્રત્યેક પદાર્થ નાશવાન છે. મન નહીં ભળે. મન ઈશ્વરમાં જ ભળશે.ઈશ્વર સિવાય કોઈ વસ્તુમાં મન ભળતું નથી.ગોપીઓ શ્રીકૃષ્ણમાં મન રાખીને કામ કરતી. ઈશ્વરથી મન દૂર થશે તો બગડશે. ટૂંકમાં આપણે મનને મુક્ત કરવાનું છે, મનનો વિરોધ કરવાનો છે. મનને ઈશ્વર સાથે મેળવવાનું છે, બનાવવાનું છે.

ગોપીઓ જગતને ભૂલે અને શ્રીકૃષ્ણને એકલાને જ યાદ કરે છે. એને માટે આ શ્રીકૃષ્ણલીલા છે. તમે પણ શ્રીકૃષ્ણલીલામાં મન જોડી દો એટલે જગત ભૂલાશે.મરીને જીવે અને જીવીને મરે એ જ ખરો શૂરવીર.મરીને જીવે એને મુક્તિ મળે. મરણનું મરણ એ જ મુક્તિ છે.ગોપી ઘરનું કામ કરતી, પણ શ્રીકૃષ્ણ સાથે તે એવી તન્મય હતી કે, તે ન કરવાનું કામ કરી બેસતી એટલે ચૂલામાં લાકડાં સાથે રોટલી વણવાના વેલણ પણ બાળી મૂકતી.કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ એના કરતાં સાવધાન થઈ સમજપૂર્વક ઘર છોડવું સારું. બુદ્ધિ પરમાત્માને પકડી શકતી નથી. બુદ્ધિની શેખી ત્યાં નથી ચાલતી. ઉપનિષદનું વચન છે કે, આ પરમાત્મા વેદોનું અધ્યયન કરવાથી મળતો નથી, બુદ્ધિચાતુરી કે શાસ્ત્રના બહુ શ્રવણથી પણ પ્રાપ્ત થતો નથી, પરંતુ પરમાત્મા જેના ઉપર કૃપા કરે છે તેને પ્રાપ્તિ થાય છે, તેની જ આગળ એ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.પરમાત્મા જેને પોતાનો માને છે, અપનાવે છે તેને પરમાત્મા મળે છે.શ્રીકૃષ્ણ પરમ પ્રેમનું સ્વરૂપ છે. પ્રેમ અને પરમ પ્રેમમાં તફાવતછે.પુત્ર,પત્ની સાથે સ્નેહ એ પ્રેમ, સર્વ જીવો સાથે નિઃસ્વાર્થ સ્નેહ એ પરમ પ્રેમ. જીવ વારંવાર પાપ કરે છે, તો પણ ઈશ્વર તેના ઉપર પ્રેમકરે છે. ઈશ્વર જીવને પ્રેમ આપે છે. પ્રેમનો વરસાદ વરસાવે છે અને જીવ પાસે ફક્ત એક પ્રેમ જ માગે છે. પરમાત્મા સાથે જે ખૂબ પ્રેમ કરે તેને પરમાત્માવશ થાયછે પરમાત્માને પ્રેમબળ સિવાય બીજા કશાથી જીતી શકાશે નહીં શરીરબળ,દ્રવ્યબળ,જ્ઞાનબળ વગેરે સર્વ બળની હાર થાય છે, ત્યારે પ્રેમબળની જીત થાય છે. પ્રેમબળ એ સર્વથી શ્રેષ્ઠ છે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન પ્રેમ છે. પોતાની ઈચ્છા જેવું કંઈ રાખો નહીં અને પરમાત્માની કૃપા થી હું સુખી છું એવું સતત સ્મરણ કરો અને પ્રભુના નામનો જપ કરો તો પરમાત્મા સાથે પ્રેમ થશે.આ રીતે પરમાત્મામાં પોતાનો પ્રેમ જોડી વૈષ્ણવો પરમાત્મા સાથે તન્મય થાય છે. જીવ પૂર્ણપણે ભગવાન ઉપર પ્રેમ કરે તો ભગવાન દુર્બળ બને છે અને તેને વશ થાય છે.

## વિધાનસભા ખાતે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર

# આધુનિક સમયની માંગ મુજબ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ સર્વે માટે આ સુધારા વિધેયક આશીર્વાદરૂપ: શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા

## અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે

**ગાંધીનગર, તા.17**

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રીકુંવરજી બાવળીયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યુ હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતું.

ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિશે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઇન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઇ કરવામાં આવી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેમ જણાવતા મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, આજના આધુનિક સમયની માંગ મુજબ અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦થી ઓછા શ્રમયોગીઓ-કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના



વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે.

મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધીને ૧૦ કલાક કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાકથી વધીને ૬ કલાક કરવામાં આવી છે.

આ ઉપરાંત ઓવરટાઇમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે, જેનાથી ઉત્પાદકતામાં વધારો થશે. ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થતાં, શ્રમયોગીઓની નફામાં સહભાગિતા વધશે અને તેમની આર્થિક સુખાકારીમાં વધારો થશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ કહ્યું હતું કે, આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનું પ્રદાન ઝડપભેર વધી રહ્યું છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઇ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઇ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.

મહિલા સશક્તીકરણની વાત કરતા મંત્રીએ ઉમેર્યું હતુંકે, આપણો દેશ જ્યારે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે પોતાનુ આગવુ સ્થાન ધરાવે છે, ત્યારે મહિલાઓનો પણ દેશના આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો છે અને આ સુધારાથી મહિલાઓની રોજગારીની તકો વધતા તેઓ મુક્તપણે કોઇ પણ અડચણ વિના પોતાની પ્રતિભા સાબિત કરવાની વધુ સાનુકૂળ તકો પ્રાપ્ત થશે. આમ, ગુજરાત સ્ત્રી સશક્તીકરણની દિશામાં ખરેખર આગેકૂચ કરશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક ક્ષેત્રમાં "મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સીમમ ગવર્નન્સ"ની નીતિ અપનાવી છે. "વિકસિત ભારત@૨૦૪૭"ના વિઝન અંતર્ગત ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક, ૨૦૨૬ પ્રેરક બળ પૂરું પાડશે.

# ખેડા જિલ્લા ખાતે બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન રથનો પ્રારંભ કરવામાં આવ્યો

### ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન ધર્મિષ્ઠાબેન ગજ્જરની મુખ્ય ઉપસ્થિતિમાં બાળ લગ્ન મુક્ત રથનું પ્રસ્થાન






**નડિયાદ, તા.17**

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી સી. બી. પટેલ આર્ટસ કોલેજ નડિયાદ ખાતેથી બાળ લગ્ન અટકાવ અને જાગૃતિ હેતુ ૧૦૦ દિવસીય અભિયાનની શરૂઆત કરાવવામાં આવી. ચાઈલ્ડ વેલફેર ડેવલપમેન્ટ કમિટી, પ્રયાસ સંસ્થા ગુજરાત, જિલ્લા સામાજિક સુરક્ષા અને બાળ સંરક્ષણ વિભાગ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરની મુખ્ય ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમ હેઠળ સી.બી.પટેલ કોલેજથી બાળ લગ્ન મુક્ત રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન હેઠળ આ રથ જિલ્લાના વિવિધ ગામમાં ફરી પ્રચાર પ્રસાર દ્વારા સમાજમાં જન જાગૃતિ ફેલાવાનું કામ કરશે.

આ તકે બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે બાળ લગ્ન અટકાવમાં શિક્ષણની ભૂમિકાને સૌથી મહત્વપૂર્ણ ગણાવી હતી. ચેરપર્સનશ્રીએ ઉમેર્યું હતું કે દેશનું પ્રત્યેક બાળક સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવ્યું છે. ત્યારે બાળ લગ્નમુક્ત ભારતના નિર્માણમાં સરકાર સાથે સામાજિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોની ભૂમિકા પણ અતિ મહત્વપૂર્ણ છે. ચેરપર્સનશ્રીએ બાળ લગ્ન અટકાવ અંગેની સમજ ઘેર ઘેર સુધી પહોંચે તે હેતુ પ્રયાસો કરવા સૌને અપીલ કરી હતી.

કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌએ બાળ લગ્ન અટકાવ હેતુ અનિવાર્ય પ્રયાસો કરી બાળ લગ્ન મુક્ત ભારત નિર્માણ માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બાળ લગ્ન એ કાયદાકીય ગુનો છે. બાળ લગ્ન કરનાર અને કરાવનારને ૨ વર્ષ સુધીની જેલ અને ૧ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્ન એ બાળ લગ્ન તરીકે ગણાય છે. આવા લગ્ન કરાવવા, કરવા અથવા તેમાં ભાગ લેવો એ શિક્ષાપાત્ર ગુનો છે.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા પ્રોબેશન ઓફિસર શકિલ વોહરા, મહિલા અને બાળ વિકાસ અધિકારી ફરજાનાબેન, બાળ સુરક્ષા અધિકારીશ્રી મહેશ પટેલ, જિલ્લા ન્યાયાલય નડિયાદના ફૂલ ટાઈમ સેક્રેટરી શ્રી ડી. બી. જોશી, પ્રયાસ સંસ્થાના અધિકારી ઈન્દ્રજીત ચૌહાણ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્ય નલીનીબેન પટેલ, સી.બી. પટેલ આર્ટ્સ કોલેજના આચાર્ય મહેન્દ્રભાઈ, માતૃછાયા અને અર્થ આશ્રમના અધિક્ષક સંદીપ પરમાર સહિત અન્ય મહાનુભાવો, કોલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# SIR-2026 ના સંદર્ભે તા.17/02/2026ના રોજ ખેડા જિલ્લાની કુલ-06 વિધાનસભા મતવિસ્તારની આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી

**નડિયાદ, તા.17**

ભારતના ચુંટણી પંચ દ્વારા તા.01/01/2026 ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ. જે અન્વયે તા.19/12/2025 ના રોજ ખેડા જિલ્લાની સંકલિત મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવેલ. જે મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધિ બાદ આવેલ હક્ક-દાવા અને વાંધા અરજીઓના નિર્ણય બાદ આજ રોજ તા.17/02/2026 ના રોજ ખેડા જિલ્લાની કુલ-06 વિધાનસભા મતવિસ્તારના કુલ-1867 મતદાન મથકોની આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.

ખેડા જિલ્લામાં SIR-2026 ની જાહેરાત સમયે કુલ-16,55,062 નોંધાયેલ મતદારો હતા. જે પૈકી કુલ-14,62,360 મતદારોનો મુસદ્દા મતદારયાદીમાં સમાવેશ થયેલ. જ્યારે કુલ-14,81,238 મતદારોનો આખરી મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

115-માતરની મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધિ સમયે મતદારોની સંખ્યા 2,33,585 થી વધીને આખરી મતદારયાદી પ્રસિદ્ધિના રોજ 2,35,522; 116-નડિયાદની 2,21,521 થી 2,24,876; 117-મહેમદાવાદની 2,35,987 થી 2,38,898; 118-મહુધાની 2,32,782 થી 2,36,016; 119-ઠાસરાની 2,52,144 થી 2,55,411; 120-કપડવંજની 2,86,341 થી 2,90,515 એમ કુલ 14,62,360 થી 14,81,238 મતદાર સંખ્યા થઈ છે.

આખરી મતદારયાદીની તમામ-1867 મતદાન મથકો પર, તમામ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ, તમામ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ, જિલ્લાની ઓફિસિયલ વેબસાઈટ પર, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.

આખરી મતદારયાદી સંદર્ભે મતદાર નોંધણી અધિકારીના નિર્ણય સામે કોઈ મતદારને વાંધો હોય તો તેઓ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ,1950 ની કલમ 24(C) મુજબ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર, ખેડા-નડિઆદને પ્રથમ અપીલ કરી શકશે. તેમજ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ,1950 ની કલમ 24(C) મુજબ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર, ખેડા-નડિઆદના નિર્ણય સામે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે.

કોઈપણ મતદારોને મતદારયાદી સંદર્ભે વધુ જાણકારી મેળવવી હોય કે કોઈ સમસ્યા હોય તો Voter Helpline 1950 ટોલ ફ્રી નંબર પર કોલ કરી જાણકારી મેળવી શકશે.

મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ કામગીરી ખૂબ અસરકારક રીતે અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવામાં જેમનું મહત્વનું યોગદાન રહ્યું છે તેવા BLO, AERO, ERO, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, મદદ માટે જોડાયેલ અન્ય કર્મચારીઓ અને ખેડા જિલ્લાના તમામ મતદારોનો જિલ્લા ચુંટણી અધિકારીશ્રી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# 15 થી 29 વર્ષના યુવક-યુવતીઓ માટે યુથ એસેમ્બલી કાર્યક્રમમાં ભાગ લેવા અરજી કરવી

**નડિયાદ, તા.17**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,ખેડા (નડીઆદ) દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓ માટે યુથ એસેમ્બલી કાર્યક્રમ ૨૦૨૫-૨૬ નું આયોજન કરવામાં આવનાર છે.

લોકશાહી શાસન વ્યવસ્થાના મૂલ્યો યુવા વર્ગમાં વિકસે, મતદાનનું મહત્વ સમજાય તેમજ ચૂંટણી વ્યવસ્થાની માહિતી યુવાનો સુધી પહોચે તે હેતુસર રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા મત વિસ્તારોમાં આ કાર્યક્રમ યોજાનાર છે. યુવા વર્ગ રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગીદાર બને અને લોકતંત્ર વધુ સશક્ત બને તે માટે વિધાનસભા મતવિસ્તાર મુજબ આ આયોજન હાથ ધરવામાં આવનાર છે. ભાગ લેનાર સ્પર્ધકે અત્રેની કચેરી દ્વારા અહીં આપેલા વિષય પર પાંચ મિનીટ વક્તવ્ય આપવાનું રહેશે. વક્તવ્ય ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં આપી શકાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓએ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધી રૂબરૂમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મરીડા ભાગોળ રોડ, નડીઆદ જિ. ખેડા ખાતે નિયત નમૂનામાં અરજી મોકલવાની રહેશે. જેમાં જન્મના આધાર પુરાવો, બેન્ક એકાઉન્ટની વિગત સાથેની અરજી આપવાની રહેશે.

સ્પર્ધાના વિષયો:- (૧) ચુંટણીમાં મતદાનનું મહત્વ, (૨) ક્લાઈમેન્ટ ચેન્જ/ આબોહવા પરિવર્તન- પૃથ્વી માટે સૌથી મોટો ખતરો) (૩) A I- વરદાન કે અભિશાપ? (૪) ફિટ ભારત, હિટ ભારત (૫) આત્મનિર્ભર ભારત: ભારતમાં બનાવો, વિશ્વ માટે બનાવો, વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીનો સંપર્ક કરવો એમ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ખેડાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદમાં માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન

**અમદાવાદ, તા.17**

કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે પશ્ચિમ રેલવેના મંડલ રેલ પ્રબંધક (ડીઆરએમ) કાર્યાલય, અમદાવાદ ખાતે એક વિશેષ માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડલ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે કાર્યક્રમના ઉદેશ્ય પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે કર્મચારીઓમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધારવી, તણાવ નિયંત્રણ માટેના વ્યવહારિક ઉપાયો સાથે પરિચય કરાવવો અને સ્વસ્થ કાર્ય-જીવન સંતુલનને પ્રોત્સાહન આપવું અત્યંત જરૂરી છે.

આ કાર્યક્રમમાં ડૉ. મનોજ કુમાર દેવ, અપર મુખ્ય ચિકિત્સા અધિક્ષક (માનસિક રોગવિશેષજ્ઞ) એ પ્રેઝેન્ટેશનના માધ્યમથી વિસ્તૃત અને જ્ઞાનવર્ધક વ્યાખ્યાન આપ્યું. તેમણે જણાવ્યું કે માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ તેના કાર્યમાં વધુ કાર્યક્ષમ હોવા ઉપરાંત વ્યક્તિગત તથા સામાજિક જીવનમાં પણ સારો સંતુલન જાળવી શકે છે। તેમણે ડિપ્રેશન, ચિંતા, કાર્યસ્થળના તણાવ અને ભાવનાત્મક થાક જેવી સામાન્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની ઓળખ, તેમના પ્રારંભિક લક્ષણો અને સમયસર ઉપચારની જરૂરીયાત અંગે વિગતવાર માહિતી આપી.

ડૉ. દેવે માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલા વિષયો પર ખુલ્લેઆમ ચર્ચા કરવાની જરૂરીયાત પર ભાર મૂકતાં કહ્યું કે મદદ લેવા માં કોઈ પ્રકારનો સંકોચ ના હોવો જોઈએ. તેમણે સામાજિક કલંક (સ્ટિગ્મા) દૂર કરવા પર ભાર મૂકીને માનસિક સ્વાસ્થ્ય પરામર્શ અને ઉપચારને શારીરિક રોગોના ઉપચાર જેટલું જ મહત્વપૂર્ણ જણાવ્યું. સાથે જ કર્મચારીઓને નિયમિત વ્યાયામ, સંતુલિત આહાર, પૂરતો આરામ, સકારાત્મક વિચારધારા અને સંવાદને જીવનશૈલીનો ભાગ બનાવવા સલાહ આપી.



આ અવસરે ઉપસ્થિત મંડલ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે કર્મચારીઓ ને કલ્યાણ ને પ્રતિ રેલવે પ્રશાસનની પ્રતિબદ્ધતા પુનરાવર્તન કરી. તેમણે કહ્યું કે સ્વસ્થ અને સંતુલિત માનસિક સ્થિતિ જ ઉત્તમ કાર્યપ્રદર્શનનો આધાર છે. તેમણે અધિકારીઓ અને પર્યવેક્ષણકર્તાઓને પોતાના કર્મચારીઓની માનસિક સ્થિતિ પ્રત્યે સંવેદનશીલ રહેવા અને જરૂર પડતાં વિશેષજ્ઞ ચિકિત્સક પરામર્શ ઉપલબ્ધ કરાવવા ભાર મૂક્યો. પ્રેરણાદાયક ઉદાહરણો દ્વારા તેમણે સકારાત્મક વિચારધારા, સંવાદ અને સહયોગી કાર્ય સંસ્કૃતિ અપનાવવા પ્રોત્સાહિત કર્યા.

કાર્યક્રમ દરમિયાન આયોજિત પ્રશ્નોત્તર સત્રમાં કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈને માનસિક તણાવ, કાર્યસ્થળનો દબાણ, પરિવારિક-વ્યવસાયિક સંતુલન અને પરામર્શ સેવાઓ સાથે સંકળાયેલા પ્રશ્નો પુછ્યા। વિશેષજ્ઞ દ્વારા આપવામાં આવેલા વ્યવહારિક સૂચનોને ભાગ લેનારોએ ઉપયોગી અને માર્ગદર્શક માન્યા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોક નિરીક્ષક, કલ્યાણ નિરીક્ષક અને વિવિધ વિભાગોના કર્મચારીઓ હાજર રહ્યા.

પશ્ચિમ રેલવે દ્વારા આવા કાર્યક્રમો કર્મચારીઓના સર્વાંગી વિકાસ, સકારાત્મક કાર્ય પર્યાવરણ અને સ્વસ્થ કાર્ય સંસ્કૃતિને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. રેલવે પ્રશાસન ભવિષ્યમાં પણ આવા આયોજનોના માધ્યમથી કર્મચારીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપે છે.

# વટવામાં નશામાં ધૂત કારચાલકનો આતંક, અડફેટે આવતા ગાયનું મોત

**અમદાવાદ, તા.17**

અમદાવાદ શહેરમાં હજુ પણ દારૂ પીને વાહન ચલાવવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. ત્યારે વટવા વિસ્તારમાં આવેલા જોગણી માતાના મંદિર નજીક એક બેફામ કારચાલકે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ગાયનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

મળતી માહિતી અનુસાર, કારચાલક સંપૂર્ણપણે નશાની હાલતમાં હતો અને કાર ખૂબ જ સ્પીડમાં હંકારી રહ્યો હતો. અકસ્માત બાદ જ્યારે રોષે ભરાયેલા લોકોએ કારની તપાસ કરી, ત્યારે કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.



અકસ્માત સર્જી ભાગવા જઈ રહેલા કારચાલકને લોકો ઝડપી પાડ્યો હતો. લોકોએ તેને પકડીને પોલીસને હવાલે કરવાની તજવીજ હાથ ધરી હતી. ઘટનાની જાણ થતા જ વટવા પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો.

# રાજ્ય કક્ષાની દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૫ માટે અરજીઓ મંગાવાઈ

### જરૂરી દસ્તાવેજો સાથે તા. ૨૭/૦૨/૨૦૨૬ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફત અરજી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખેડાને મોકલવી

**નડિયાદ, તા.17**

દિવ્યાંગતા ધરાવતાં અંધ, બહેરા-મુંગા, શારીરિક અપંગતા ધરાવતાં તેમજ રક્તપિત અને માનસિક ક્ષતિ ધરાવતાં વ્યક્તિઓનાં ઉત્કૃષ્ટ કાર્યને પ્રોત્સાહન આપવા તેમજ તેમને સમાજની મુખ્ય ધારામાં સામેલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા વર્ષ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં દિવ્યાંગતા ધરાવતાં શ્રેષ્ઠ કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને રોજગાર આપતાં શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓને નોકરીમાં થાળે પાડવા માટે વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ ભાગ લઈ શકે છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે અરજીપત્રકનો નમુનો શ્રમ અને રોજગાર વિભાગન અધિકૃત વેબસાઈટ[www.talimrojgar.gujarat.gov.in](http://www.talimrojgar.gujarat.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. સાથે સાથે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, રૂમ નંબર ૨૦૧ થી ૨૦૬, એ- બ્લોક, બીજો માળ, સરદાર પટેલ ભવન, નડિઆદ ખાતે અરજીપત્રકો વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે.

ભરેલ અરજીપત્રકો જરૂરી આધાર દસ્તાવેજોના બિડાણો સાથે ત્રણ નકલમાં તા. ૨૭/૦૨/૨૦૨૬ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ખેડા-નડિઆદને મોકલી આપવાની રહેશે.

આ સ્પર્ધા દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની કાર્યક્ષમતાને માન્યતા મળશે તેમજ તેમને વધુ પ્રોત્સાહન મળી આત્મનિર્ભરતા તરફ આગળ વધવાની તક મળશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મોડેલ કેરિયર સેન્ટર, રૂમ નંબર ૨૦૧ થી ૨૦૬, એ- બ્લોક, બીજો માળ, સરદાર પટેલ ભવન, નડિઆદનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યું છે. દિવ્યાંગતા ધરાવતાં અંધ, બહેરા-મુંગા, શારીરિક અપંગતા ધરાવતાં તેમજ રક્તપિત અને માનસિક ક્ષતિ ધરાવતાં વ્યક્તિઓનાં ઉત્કૃષ્ટ કાર્યને પ્રોત્સાહન આપવા તેમજ તેમને સમાજની મુખ્ય ધારામાં સામેલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા વર્ષ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

# શૈલેષ પરમારે વિધાનસભામાં મોલ સંચાલકો અને શ્રમ વિભાગને આડે હાથ લીધા

**ગાંધીનગર, તા.17**

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે શ્રમ અને રોજગાર સેવા વિધેયક પરની ચર્ચા દરમિયાન વિપક્ષના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારની નીતિઓ અને કાયદાની અમલવારી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે રાજ્યમાં શ્રમિકોના થતા શોષણ અને સુરક્ષાના મુદ્દે સરકારને ભીંસમાં લીધી હતી.

શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યમાં મોટા શોપિંગ મોલ્સ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સની સંખ્યા વધી રહી છે, પરંતુ ત્યાં કામ કરતા કર્મચારીઓની હાલત દયનીય છે. તેમણે આક્ષેપ કર્યો કે મોલમાં કામ કરતા કર્મચારીઓ પાસે 12-12 કલાક સુધી વૈતરૂં કરાવવામાં આવે છે. કાયદા મુજબ સુવિધાઓ આપવાની જવાબદારી હોવા છતાં, શું આ મોટા મોલ્સમાં કર્મચારીઓ માટે 'ઘોડિયા ઘર' જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે? તેવો વેધક સવાલ તેમણે કર્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું કે, શ્રમિકોના હિત માટે કાયદાઓ તો બનાવવામાં આવે છે, પરંતુ તેની અમલવારી શૂન્ય છે. 'કાળો કાયદો' હોવા છતાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનારા મોલ સંચાલકો સામે આજ દિન સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. શ્રમ વિભાગ દ્વારા એક પણ વાર આવા સ્થળોએ તપાસ કે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું નથી.

# ટીમ ઈન્ડિયામાં ફેરફારના એંધાણ! આ બે સ્ટાર ગુજરાતી ખેલાડીઓને અપાઈ શકે છે આરામ

**નવી દિલ્હી, તા.17**

ભારતીય ટીમ સુપર-8 રાઉન્ડ માટે ક્વોલિફાય કરી ચૂકી છે, ત્યારે હવે નેધરલેન્ડ્સ સામેની છેલ્લી ગ્રુપ મેચમાં ટીમ નવા પ્રયોગો કરી શકે છે. જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને આરામ આપીને મોહમ્મદ સિરાજ અને શિવમ દુબેને તક મળવાની શક્યતા છે. આગામી મોટા પડકારો પહેલા ટીમ કોમ્બિનેશનને ચકાસવા માટે આ યોગ્ય સમય છે.



ટીમ ઈન્ડિયાએ ટી20 વર્લ્ડ કપ 2026ના સુપર-8માં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. હવે તેમની આગામી મેચ 18 ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે છે. ભારતે અત્યાર સુધી રમાયેલી ત્રણેય મેચો જીતી છે. પહેલા અમેરિકા અને ત્યારબાદ નામિબિયાને હરાવ્યા બાદ રવિવારે પાકિસ્તાનને પણ 'સૂર્યા બ્રિગેડે ' 61 રને હાર આપી હતી.

ભારત માટે આગામી મેચ કોઈ મોટો પડકાર નથી કારણ કે, ટીમ સુપર-8માં પહોંચી ગઈ છે. પરંતુ અસલી કસોટી સુપર-8માં થશે. જ્યાં ભારતનો સામનો વેસ્ટ ઈન્ડિઝ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા કે ઝિમ્બાબ્વે જેવી મજબૂત ટીમો સામે થઈ શકે છે. નેધરલેન્ડ્સ સામેની મેચ પોઈન્ટ ટેબલની દ્રષ્ટિએ મહત્વની ન હોવાથી ટીમ કેટલાક ફેરફાર કરીને મહત્વના ખેલાડીઓને આરામ આપે તેવી શક્યતા છે.

જસપ્રીત બુમરાહ : આ મહત્વપુર્ણ બોલરને આરામ આપવામાં આવી શકે છે. બુમરાહ તાવને કારણે અમેરિકા સામે રમી શક્યો નહોતો.

હાર્દિક પંડ્યા : આ મહત્વપુર્ણ ઓલરાઉન્ડરને આરામ મળી શકે છે, પંડ્યા અત્યાર સુધીની ત્રણેય મેચ રમ્યો છે જેના કારણે તેને આરામ આપવો જરૂરી છે.

મોહમ્મદ સિરાજ: બુમરાહની જગ્યાએ સિરાજને તક આપી તેની ક્ષમતા ચકાસી શકાય છે. અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બેટિંગ માટે સાનુકૂળ રહ્યું છે, તેથી બોલરો માટે અહીં અસલી પડકાર હશે.

શિવમ દુબે: હાર્દિકની ગેરહાજરીમાં શિવમ દુબે પાસે નવી બોલથી બોલિંગ કરાવી શકાય છે. તેને પૂરી ચાર ઓવર આપીને ચકાસણી કરી શકાય કે શું તે મોટી મેચોમાં બોલિંગની જવાબદારી ઉઠાવી શકશે.

અન્ય ફેરફારો: પંડ્યા ન રમે તો રિંકુ સિંહ અને અક્ષર પટેલને બેટિંગમાં વધુ સમય મળી શકે છે. આ ઉપરાંત ઈજા બાદ વોશિંગ્ટન સુંદરને પણ વરુણ ચક્રવર્તીના સ્થાને તક આપવામાં આવી શકે છે.

ઈશાન કિશન (વિકેટકીપર), અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, રિંકુ સિંહ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ.

# 6 છગ્ગા અને 11 ચોગ્ગા... યુવરાજે રચ્યો ઈતિહાસ, વર્લ્ડ કપમાં સદી ફટકારનારો સૌથી યુવાન ખેલાડી બન્યો......

**નવી દિલ્હી, તા.17**

ટી20 વર્લ્ડ કપ 2026માં કેનેડાના ઓપનિંગ બેટ્સમેન યુવરાજ સામરાએ ઐતિહાસિક સદી ફટકારી છે. ન્યૂઝીલેન્ડ સામેના 'કરો અથવા મરો' સમાન મુકાબલામાં તેણે માત્ર 65 બોલમાં 110 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જેમાં 6 છગ્ગા અને 11 ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ સાથે જ યુવરાજ સામરા ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બની ગયો છે. રસપ્રદ વાત એ છે કે, યુવરાજ સામરાના પિતાએ તેનું નામ ભારતના દિગ્ગજ ક્રિકેટર યુવરાજ સિંહના નામ પરથી રાખ્યું હતું.



ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં કેનેડાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યુવરાજ સામરા અને કેપ્ટન દિલપ્રીત બાજવા વચ્ચે પ્રથમ વિકેટ માટે સદીની ભાગીદારી થઈ હતી. ટીમની પ્રથમ વિકેટ 116 રનના સ્કોર પર કેપ્ટનની પડી હતી. જેણે 39 બોલમાં 36 રન કર્યા હતા. ત્યારબાદ યુવરાજે પોતાની આક્રમક બેટિંગ ચાલુ રાખી સદી પૂર્ણ કરી હતી.

રાત્રે પથુમ નિસાંકા આ વર્લ્ડ કપમાં સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. આજે યુવરાજ સામરાએ પણ સદી ફટકારીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તે એસોસિએટ નેશન તરફથી સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે. આ સાથે જ તે આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સૌથી મોટી વ્યક્તિગત ઈનિંગ રમનાર ખેલાડી પણ બની ગયો છે. કેનેડાએ નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 173 રન બનાવ્યા હતા.

યુવરાજ સામરાનો જન્મ 29 સપ્ટેમ્બર, 2006ના રોજ થયો હતો. તે ડાબોડી બેટ્સમેન છે, જે કેનેડાની નેશનલ ટીમ માટે અત્યાર સુધી 8 વનડે અને 18 ટી20 ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. આ ઉપરાંત તેણે 10 લિસ્ટ-એ મેચોમાં 267 રન બનાવ્યા છે. તેના પિતાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેમણે ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહની બેટિંગથી પ્રભાવિત થઈને પોતાના પુત્રનું નામ 'યુવરાજ' રાખ્યું હતું.

# ફરી વૃંદાવન પહોંચ્યા વિરાટ કોહલી અને અનુષ્કા, ભક્તોની વચ્ચે જમીન પર બેસી સાંભળ્યો પ્રેમાનંદ મહારાજનો સત્સંગ

**નવી દિલ્હી, તા.17**

ભારતીય સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને બોલીવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા ફરી એક વાર સંત પ્રેમાનંદ મહારાજની શરણે પહોંચ્યા છે. આ સ્ટાર કપલ આજે પ્રેમાનંદ મહારાજના દર્શન કરવા માટે વૃંદાવન પહોંચ્યુ હતું. જ્યાં તેમણે ખૂબ જ સાદગીથી ભક્તોની વચ્ચે જમીન પર બેસીને પ્રેમાનંદ મહારાજનો સત્સંગ સાંભળ્યો. આ દરમિયાન તેઓ ભક્તિમાં લીન હતા.



ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી અને અભિનેત્રી અનુષ્કા શર્મા પ્રેમાનંદ મહારાજના દર્શન કરવા માટે અને તેમના આશીર્વાદ લેવા માટે મથુરાના વૃંદાવન પહોંચ્યા હતા. તેઓ સવારે લગભગ 5:30 વાગ્યે વૃંદાવનના કેલી કુંજ આશ્રમમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે લગભગ એક કલાક વિતાવ્યો અને પ્રેમાનંદ મહારાજ સાથે વાત કરી હતી. આ દરમિયાન સ્ટાર કપલે ખૂબ જ ભક્તિ-ભાવથી અન્ય ભક્તો સાથે પ્રેમાનંદ મહારાજનો સત્સંગ સાંભળ્યો.

બીજી તરફ દર્શન કર્યા બાદ તેમની કાર કેલી કુંજ આશ્રમની બહાર ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ અને ચાહકો તેમને જોવા માટે ઉમટી પડ્યા હતા. બ્લેક કારમાં પહોંચેલા વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા પહેલા પણ ઘણી વખત પ્રેમાનંદ મહારાજજીના દર્શન કરવા માટે આવી ચૂક્યા છે.

રિપોર્ટ પ્રમાણે વિરાટ કોહલી ફેબ્રુઆરી 2026ના મધ્ય સુધીમાં લંડનમાં સમય વિતાવ્યા પછી ભારત (મુંબઈ) પરત ફર્યો હતો. હવે તે આગામી IPL 2026માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) તરફથી રમતો દેખાશે, જે આ વખતે તેના ખિતાબને ડિફેન્ડ કરવા માટે તૈયાર છે.

કોહલીએ તાજેતરમાં જ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની સીરિઝમાં રમતા જોવા મળ્યો હતો. ત્યાં તેણે ત્રણ મેચમાં 80ની એવરેજ અને 105.26ના સ્ટ્રાઈક રેટથી 240 રન બનાવ્યા હતા.

ગત વર્ષ 2025માં વિરાટ અને અનુષ્કા ત્રણ વખત વૃંદાવનની મુલાકાતે ગયા હતા. જાન્યુઆરીની શરૂઆતમાં વિરાટ, અનુષ્કા અને તેમના બાળકો પ્રેમાનંદજી મહારાજના આશીર્વાદ લેવા માટે વૃંદાવન ગયા હતા. મે મહિનામાં વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યાના એક જ દિવસ પછી બંનેએ મહારાજજીના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ તેઓ ડિસેમ્બરમાં પણ વૃંદાવન પહોંચ્યા હતા. આ દરમિયાન વિરાટ અને અનુષ્કા ખૂબ જ ભાવુક અને ભક્તિભાવમાં લીન દેખાયા હતા.

# ટી20 વર્લ્ડકપમાં ભારત સામે પરાજય બાદ પાકિસ્તાનના રાજકારણમાં પણ ડખા! નકવી પર ભડક્યા મુનિર...

**ઈસ્લામાબાદ, તા.17**

ભારત સામે પાકિસ્તાનની હાર બાદ ત્યાં હોબાળો મચી ગયો છે. જે ખેલાડીઓ ફેવરિટ હતા, હવે તેમની ટીકા થઈ રહી છે. સૌથી મોટો વિવાદ સરકારમાં સર્જાયો છે, જ્યાં હારને કારણે આર્મી ચીફ આસિમ મુનીર અને PCB ચીફ મોહસિન નકવી સામસામે આવી ગયા છે. આ હાર હવે માત્ર રમત પૂરતી મર્યાદિત ન રહેતા સત્તાના ગલિયારાઓમાં મોટી તિરાડમાં ફેરવાઈ ગઈ છે.



આ વિવાદનું મૂળ માત્ર ભારત સામેની હાર નથી, પરંતુ મોહસિન નકવીએ PSLની પ્રેસ કોન્ફરન્સમાં આપેલું તે નિવેદન છે જેણે અસલી આગ લગાડી છે. ICCની ધમકી સામે પડકાર ફેંકતી વખતે નકવીએ બિનજરૂરી રીતે જનરલ મુનીરનું નામ વચ્ચે લાવવાની ભૂલ કરી હતી. તેમણે જાહેરમાં એવું કહી દીધું હતું કે, 'પાકિસ્તાન સરકાર કોઈનાથી ડરતી નથી અને ફીલ્ડ માર્શલ સૈયદ આસિમ મુનીર પણ ક્યારેય પીછેહઠ કરતા નથી.'

નકવીના આ વિવાદાસ્પદ નિવેદનથી રાવલપિંડી સ્થિત સેનાના મુખ્યાલયમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સેનાના સૂત્રો મુજબ, જનરલ મુનીરની નારાજગીનું મુખ્ય કારણ એ છે કે, જે બાબત માત્ર ક્રિકેટ અને વહીવટ પૂરતી સીમિત હતી, તેમાં તેમને બિનજરૂરી રીતે ઢસેડવામાં આવ્યા. પાકિસ્તાની રાજનીતિમાં સેના પ્રમુખની મંજૂરી વિના તેમનું નામ વાપરવું એ ગંભીર મર્યાદા ભંગ ગણાય છે.

ભારત સામેની હારે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. પાકિસ્તાની સેના, જનતા અને રાજકારણીઓ માટે ભારત સામેની મેચ માત્ર રમત નહીં પણ 'ઈજ્જતનો સવાલ' હોય છે, જેમાં હારનો સ્વીકાર યુદ્ધમાં હાર સમાન ગણાય છે. જનરલ મુનીરે વડાપ્રધાનના આર્મી સેક્રેટરી મારફતે પોતાની ગંભીર નારાજગી વ્યક્ત કરી છે, જેમાં ટીમની નબળી તૈયારીઓ અને નકવીના બિનજરૂરી નિવેદનોને જવાબદાર ઠેરવ્યા છે. પૂર્વ બોલર શોએબ અખ્તરે લાઈવ ટીવી પર મોહસિન નકવીને 'અસમર્થ' અને 'અજ્ઞાની' ગણાવતા કહ્યું કે, જે વ્યક્તિને ક્રિકેટની કંઈ ખબર નથી તેને અધ્યક્ષ બનાવવો એ મોટો ગુનો છે. અખ્તરે નકવીના નેતૃત્વ હેઠળ પાકિસ્તાન ક્રિકેટની બરબાદી થવાની ભીતિ વ્યક્ત કરી છે.

ભારત સામેની હાર અને સેના પ્રમુખની નારાજગી બાદ ઈસ્લામાબાદમાં નકવીના ભવિષ્ય અંગે અટકળો તેજ થઈ છે. ચર્ચા છે કે, વડાપ્રધાન શહેબાઝ શરીફ ટૂંક સમયમાં પીસીબીના અધ્યક્ષ પદેથી નકવીની રજા કરી શકે છે.

# હું મારી ક્ષમતા મુજબ શ્રેષ્ઠ કામ કરતો રહું એ જ મારું ધ્યેય છે : અનિલ કપૂર

## ■ અનિલે ઈન્ટરવ્યુમાં કહ્યું, હું આજીવન નવું કામ કરવા માગું છું

**મુંબઈ, તા.17**

69 વર્ષની ઉંમરે પણ અવિરત કામ કરતા અને હંમેશા ઊર્જાથી છલકાતા અનિલ કપૂરે આ ઉંમરે પણ પોતાના જુસ્સાનું રસપ્રદ કારણ જાહેર કર્યું છે. તેણે કહ્યું કે તેની અંદરની અસુરક્ષા જ તેને સતત સક્રિય અને ઉત્સાહી રાખે છે. અનિલ કપૂરની 'સુબેદાર' પ્રાઈમ વીડિયો પર આવવાની છે, તે પહેલાં એક ખાસ ઈન્ટરવ્યુમાં તેણે આ અંગે વિગતે વાત કરી હતી. નિવૃત્તિની ઉંમરે પણ કોઈ વ્યક્તિ આટલી એનર્જેટિક કઈ રીતે રહી શકે, તે વિશે અનિલ કપૂરે કહ્યું, "મને લાગે છે કે આ મારી અસુરક્ષા છે. હું કામ કરવું માંગું છું. કામમાં મારી એનર્જી દેખાય છે તો તેનું કારણ એ છે કે હું હંમેશા પ્રસ્તુત રહેવા માગુ છું. મને કામ મળતું રહે, હું ત્યાં રહું - એ મારા માટે ખૂબ મહત્વનું છે. એથી જ એનર્જી આવે છે." તેણે વધુમાં ઉમેર્યું, "હું નકલી રીતે એનર્જી નથી બતાવી શકતો. મારી મુખ્ય પ્રેરણા એ છે કે 'મારે સારું કામ કરવું છે'. હું સારું કામ કરું તો દિગ્દર્શક પણ ખુશ રહે, હું મારી ક્ષમતા મુજબ શ્રેષ્ઠ આપું - એ જ મારું ધ્યેય છે. કદાચ મને લાગે છે કે મારું કામ હજુ પૂરતું નથી અને હજુ ઘણું શીખવાનું બાકી છે. તેથી વધુ સારી રીતે કામ કરવા માટે ફિટનેસ અને ઊર્જા જરૂરી છે." આ ઉપરાંત અનિલ કપૂરે આ ઈન્ટરવ્યુમાં તેના વિવિધ ફિલ્મોમાં એક્ટિંગ કરવાના કિસ્સા, અમરીશ પુરી અને ઓમ પુરી જેવા કલાકારો પાસેથી કામ શીખવાના અનુભવો વગેરે વિશે વાત કરી હતી. અનિલ કપૂર છેલ્લે 'વૉર 2'માં કર્નલ વિક્રાંત કૌલ તરીકે જોવા મળ્યા હતા. હવે તે એક્શન ડ્રામા સુબેદારમાં નજર આવશે. 'સુબેદાર'માં અનિલ કપૂર ઉપરાંત રાધિકા મદાન મુખ્ય ભૂમિકામાં છે. સાથે જ સૌરભ શુક્લા, આદિત્ય રાવલ, ફૈસલ મલિક અને મોના સિંહ પણ મહત્વના પાત્રોમાં છે. ઓપનિંગ ઈમેજ ફિલ્મ્સ અને અનિલ કપૂર ફિલ્મ એન્ડ કમ્યુનિકેશન નેટવર્ક ના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું નિર્માણ વિક્રમ મલ્હોત્રા, અનિલ કપૂર અને સુરેશ ત્રિવેણીએ કર્યું છે. ફિલ્મનું ડિરેક્શન સુરેશ ત્રિવેણીએ કર્યું છે અને તેમણે પ્રજ્વલ ચંદ્રશેખર સાથે મળીને સ્ક્રીનપ્લે લખ્યો છે.



# દીપિકા પાદુકોણ 'ધ વ્હાઈટ લોટસ'ની સીઝન-4માં જોડાઈ હોવાના અહેવાલ

**મુંબઈ, તા.17**

દીપિકા પાદુકોણનાં નામની 'ધ વ્હાઈટ લોટસ' સાથે જોડાવા અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. તાજેતરના અહેવાલો અનુસાર, તે આ લોકપ્રિય સિરીઝની આવનારી ચોથી સીઝનમાં જોડાઈ શકે છે. ડેકન ક્રોનિકલના અહેવાલ મુજબ, દીપિકા એમી એવોર્ડ વિજેતા ડાર્ક કોમેડી એન્થોલોજીની સીઝન 4માં જોવા મળી શકે છે. રિપોર્ટ મુજબ તે હેલેના બોનહામ કાર્ટર અને ક્રિસ મેસીના સહિતના કલાકારો સાથે સ્ક્રીન શેર કરશે. આ અહેવાલો મુજબ નવી સીઝનનું શૂટિંગ ફ્રાન્સમાં થશે અને સેંટ ટ્રોપેઝ ખાતે આવેલ શેટો દી લા મેસાર્દિયર હોટેલને મુખ્ય લોકેશન તરીકે પસંદ કરવામાં આવી છે. જો કે, સ્ટુડિયો અથવા નિર્માતાઓ તરફથી કે પછી દીપિકા તરફથી તેમાં દીપિકાના જોડાવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. હાલ તેની હાજરી અંગે અનુમાનના આધારે ચર્ચા ચાલી રહી છે. દીપિકાનું નામ આ પહેલાં પણ આ સિરીઝ સાથે જોડાયું છે. 2024માં આવેલા અહેવાલો મુજબ તેની સીઝન 3માં બ્લેકપિંકની લિસા સાથે જોડાવાની ચર્ચા હતી. પરંતુ ગર્ભાવસ્થાના કારણે તેણે પ્રોજેક્ટ છોડ્યો હોવાનો દાવો થયો હતો. તે અહેવાલો અંગે આગળ કોઈ ખાતરી નહોતી થઈ, છતાં હોલિવૂડમાં સ્ટ્રીમિંગ ડેબ્યુ અંગે ભારે ચર્ચા હતી. હવે, સીઝન 4 સાથે તેના કાસ્ટિંગ અંગે ફરી અટકળો શરૂ થઈ છે. 'ધ વ્હાઈટ લોટસ'ના સર્જક માઈક વ્હાઈટ છે. આ સિરીઝ વૈભવી રિસોર્ટ લોકેશનની આસપાસ ફરે છે, જેમાં પૈસો, વૈભવ અને માનવીય સંબંધો પર કટાક્ષ માટે જાણીતી છે. દરેક સીઝનમાં નવા પાત્રો જોડાય છે અને ક્યારેક જાણીતા ચહેરાઓ પણ પાછા ફરતા જોવા મળે છે. સીઝન 1 હવાઈના ટાપુઓ પર આકાર લેતી હતી, સીઝન 2 ઈટાલીમાં અને સીઝન 3ની કથા થાઈલેન્ડમાં દર્શાવાઈ હતી. જોકે એચબીઓએ સીઝન 4 અંગે સત્તાવાર વિગતો જાહેર કરી નથી, અનેક અહેવાલો સૂચવે છે કે વાર્તા સેંટ-ટ્રોપેઝ સ્થિત શેટો દી લા મેસાર્દિયર ખાતે અને ફ્રેન્ચ રિવિયેરા તેમજ પેરિસના ભાગોમાં આકાર થશે. ચોથી સીઝનનું પ્રોડક્શન સ્પ્રિંગ સીઝનમાં શરૂ થવાની અપેક્ષા છે.






# ફેમસ ક્રિકેટરે મને એટલા મેસેજ કર્યા કે બ્લોક કરવો પડ્યો! પૂનમ પાંડેનો ચોંકાવનારો દાવો...

**મુંબઈ, તા.17**

એક્ટ્રેસ પૂનમ પાંડે સતત કોઈને કોઈ વિવાદોના કારણે ચર્ચામાં રહે છે. ક્યારેક તે લવ લાઈફને લઈને ચર્ચામાં હોય છે, તો ક્યારેક મોતની અફવા ફેલાવીને લોકોને ઝટકો આપી દે છે. હવે તેણે ક્રિકેટરોને લઈને વિવાદાસ્પદ નિવેદન કર્યું છે.

પૂનમ પાંડેએ ક્રિકેટર્સ-એક્ટર્સને લઈને ચોંકાવનારો દાવો કર્યો છે. એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું કે, ઘણા એક્ટર્સ અને ક્રિકેટર્સ છે, જે મને મેસેજ કરતા હતા. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, તમને ઘણા બધા DM (ડાયરેક્ટ મેસેજ) આવતા હશે ને? એવા લોકોના પણ જેમનું બ્લુ ટિક હોય છે, જે ફેમસ હોય છે? ત્યારે પૂનમે કહ્યું કે 'હા'.

પૂનમને પૂછવામાં આવ્યું કે, કોઈનું નામ જણાવવા માગશો? ત્યારે પૂનમે કહ્યું કે, 'હું નામ નહીં જણાવી શકું. પરંતુ એવા ઘણાં બધા ખેલાડીઓ અને સ્ટાર્સ છે, જેમણે મને મેસેજ કરતા હતા.' શું તેઓ તમને DM કરતા હતા? એવા સવાલના જવાબમાં પૂનમે જવાબ આપ્યો કે, 'એક ફેમસ ક્રિકેટરે લખ્યું હતું કે, તું ખૂબ ક્યૂટ લાગે છે. તે વારંવાર મેસેજ કરી રહ્યો હતો, તેથી બાદમાં મારે તેને બ્લોક કરવો પડ્યો.' ત્યારબાદ પૂનમને આગળ પૂછવામાં આવ્યું કે, 'જે ક્રિકેટર તમને મેસેજ કરે છે તેઓ સીરિયસ હોય છે કે પછી માત્ર ટાઈમપાસ કરી રહ્યા હોય છે?' આ અંગે પૂનમે જવાબ આપ્યો કે, 'જે પ્રકારના તેમના મેસેજ આવતા હતા તેના પરથી એવું લાગતું નહોતું કે, તેઓ સીરિયસ છે. હું પ્રામાણિકતાથી કહું તો એવું લાગે છે કે તેઓ મારી સાથે માત્ર હેંગઆઉટ કરવા માગે છે. ઘણી વખત તો તેમને ઈગ્નોર કરવા પડે છે કારણ કે, મને એવું લાગે છે કે આ લોકો ખુદને ખબર નહીં શું સમજે છે. મને વિશ્વાસ છે કે તેઓ મારી જેમ બીજી છોકરીઓને પણ મેસેજ કરતા હશે.' જો કે, પૂનમ પાંડેને તેના આ નિવેદન બદલ ખૂબ ટ્રોલ કરવામાં આવી રહી છે. યુઝર્સનું કહેવું છે કે, આ બધુ સ્ક્રિપ્ટેડ છે અને તે અટેન્શન મેળવવા માટે કરી રહી છે. તમને જણાવી દઈએ કે, પૂનમ પાંડે પહેલા એક્ટ્રેસ ખુશી મુખર્જીએ પણ ક્રિકેટર્સ માટે આવા જ દાવા કર્યા હતા. તેણે કહ્યું હતું કે, 'સૂર્યકુમાર યાદવ મને મેસેજ કરતો હતો.' તેના આ નિવેદન બાદ તેની ખૂબ ચર્ચા થવા લાગી હતી.

# રજવાડી ઠાઠમાઠ સાથે ઉદયપુરમાં લગ્ન કરશે રશ્મિકા અને વિજય?



**મુંબઈ, તા.17**

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના લગ્નના તાંતણે બંધાવવા જઈ રહ્યા હોવાની અટકળો ચાલી રહી છે, તેવામાં એક વેડિંગ કાર્ડ(કંકોત્રી) સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ચાહકોની ખુશી બમણી થઈ ગઈ છે. અત્યાર સુધી ફેબ્રુઆરીના અંતમાં બંને લગ્ન કરશે તેવી ચર્ચાઓ હતી, જે પછી હાલ સોશિયલ મીડિયા પર લગ્ન અને રિસેપ્શનની તારીખવાળું કાર્ડ વાઈરલ થયું છે.

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના નામથી જે કાર્ડ વાઈરલ થઈ રહ્યું છે તે મુજબ બંને 26 ફેબ્રુઆરીના રોજ એક ખાનગી સેરેમની યોજી લગ્નના બંધનમાં બંધાશે. તે બાદ 4 માર્ચનો રોજ કપલનું રિસેપ્શન ગોઠવવામાં આવશે. યુગલે લગ્ન કરવા માટે ઉદયપુરમાં એક હેરિટેજ પ્રોપર્ટીનું લોકેશન ફાઈનલ કર્યું છે.

વિજય દેવરકોંડાના નામે વાઈરલ થયેલા આ વેડિંગ કાર્ડમાં તારીખનો ઉલ્લેખ કરી લખવામાં આવ્યું છે કે, 'અમારા પરિવારોના પ્યાર અને આશીર્વાદથી હું અને રશ્મિકા 26.02.26ના રોજ એક નાનકડા અને ખાસ સમારોહમાં લગ્ન કરીશું.

યુગલે 3 ઓક્ટોબરના રોજ હૈદરાબાદમાં સગપણ કર્યું હતું. જોકે તેમણે સગપણની પુષ્ટિ કરી ન હોતી. રશ્મિકા અને વિજયે 2018માં ગીતા ગોવિંદમ ફિલ્મમાં કામ કર્યું હતું આ પછી 2019માં તેમણે ડિયર કોમરેડમાં કામ કર્યું અને ત્યાર પછી તેમના સંબંધોની ચર્ચા થવા લાગી હતી. તેઓ અનેક કાર્યક્રમમાં સાથે જોવા મળ્યા હતા.

જો કે આ વેડિંગ કાર્ડ વાઈરલ છે, બંનેમાંથી કોઈએ પણ સત્તાવાર જાહેરાત કરી નથી, આમાં લખેલી તારીખની પુષ્ટિ ગુજરાત સમાચાર કરતું નથી.

# ઘર ખરીદવાની સરેરાશ ઉંમર 38 થી 34 વર્ષ થઈ: 74% ખરીદદારો 35 વર્ષથી ઓછી ઉંમરના, Gen-Z નોકરી મળતા જ ઘર ખરીદવા માંગે છે

**નવી દિલ્હી, તા.17**

પહેલાં સામાન્ય ભારતીય પરિવારો 'પૈસા જમા કરો, પછી ઘર ખરીદો' ના નિયમને માનતા હતા. હવે એવો ટ્રેન્ડ શરૂ થયો છે કે નોકરી મળતાં જ ઘર ખરીદી લો. દેશમાં વેચાતા 74% ઘર 35 વર્ષથી ઓછી ઉંમરના લોકો ખરીદી રહ્યા છે. તેમાંથી 32% ખરીદદારો 25 વર્ષથી નાના છે.

ઘર ખરીદનારાઓની સરેરાશ ઉંમર 6 વર્ષમાં 38 થી ઘટીને 34 વર્ષ થઈ ગઈ છે. આ વાતો હોમ લોન એગ્રીગેશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્લેટફોર્મ બેઝિક હોમ લોનના સર્વે 'ઘરનું સપનું ભારત કેવી રીતે પૂરું કરે છે' માં સામે આવી.



સર્વે મુજબ, ઉચ્ચ આવક વર્ગના લોકો પોતાના ઘર માટે વાર્ષિક કમાણીના 50% સુધી EMI આપવા તૈયાર છે. ડિજિટલ પ્લેટફોર્મ પર ઝડપી પ્રોસેસિંગ નવી ઉંમરના ખરીદદારોને આકર્ષી રહી છે. જોકે, તેઓ એવી જ નાણાકીય સંસ્થા પાસેથી લોન લેવા પર ભાર મૂકે છે, જે ઓછામાં ઓછી 50 વર્ષ જૂની અને વિશ્વસનીય હોય.

સર્વે અલગ-અલગ ઉંમરના 23 હજાર લોકો પર કરવામાં આવ્યો. તેમાંથી 31%ની વાર્ષિક આવક 50 લાખથી વધુ હતી. આ ઉપરાંત, 5 લાખ સુધીની આવકવાળા 29%, 5 થી 10 લાખના 20%, 11 થી 20 લાખના 7%, 21 થી 35 લાખના 4% અને 36 થી 40 લાખ સુધીની આવકવાળા 9% લોકો શામેલ હતા. તેમાં 91% પુરુષો અને 9% મહિલાઓ હતી. મહિલાઓની ઘર ખરીદવામાં ભાગીદારી સતત વધી રહી છે. મહિલાઓએ 2024માં ટોચના શહેરોમાં 1.29 લાખ રહેણાંક લેણદેણ કર્યા. આ તે શહેરોમાં થયેલા કુલ સોદાના 14% હતો.

વ્યાજ દર: મિલેનિયલ અને Gen-Z માંથી 50% લોકોએ કહ્યું કે હોમ લોનમાં વ્યાજ દરો સૌથી મહત્વપૂર્ણ છે. વ્યાજ દરોમાં નાનો વધઘટ પણ અસર કરે છે.

મંજૂરીનો સમય: Gen-Z અને મિલેનિયલ લોન પ્રોસેસિંગના સમયને મહત્વપૂર્ણ માને છે. તે જ બેંક અથવા પ્લેટફોર્મ પસંદ છે, જે અરજીના 24 અથવા 48 કલાકમાં લોનની પ્રોસેસિંગ કરી દે.

વિશ્વાસ: આ એક મહત્વપૂર્ણ પરિબળ છે. લોન માટે લોકો તે જ સંસ્થામાં જવા માંગે છે, જે ભરોસાપાત્ર હોય. 60 વર્ષથી વધુ ઉંમરના 33% લોકો લોન માટે બેંકની શાખામાં જવાનું પસંદ કરે છે.

પારદર્શિતા: સર્વેમાં લોકોએ કહ્યું કે પ્રક્રિયામાં પારદર્શિતા, શુલ્કમાં સ્પષ્ટતા અને છુપાયેલા ચાર્જ સંસ્થાઓની વિશ્વસનીયતા પર અસર કરે છે.

21-24 વર્ષની ઉંમરના 9% જ મિત્રોના કહેવા પર હોમ લોન લે છે. 50-60 વર્ષની ઉંમરમાં સૌથી વધુ 14% મિત્રોની સલાહ પર મકાન લે છે. 60+ વર્ષની ઉંમરના 11% લોકો ઘર ખરીદવામાં મિત્રો પાસેથી સલાહ લે છે.

5 લાખ સુધીની આવકવાળા આવકનો 25% હિસ્સો EMI માં આપવા તૈયાર છે. 11 થી 40 લાખ સુધીની આવકવાળા 40% EMI માટે તૈયાર હતા. તેનાથી ઉપરના 50% હિસ્સાથી EMI ભરીને ઘર ખરીદવા માંગે છે.

74% હોમ લોનના ગ્રાહકો 11 થી 20 લાખ રૂપિયા સુધીના આવક વર્ગના હતા. 47% ગ્રામીણોએ પેપરવર્કને લોનના માર્ગમાં સમસ્યા ગણી, મેટ્રો શહેરોમાં આ આંકડો 45% રહ્યો. 76% લોકોએ વધુ દસ્તાવેજોની માંગ અને ખોટા વાયદાઓને હોમ લોનના માર્ગમાં મોટી સમસ્યા ગણી.

# સેન્સેક્સ 173 પોઈન્ટ વધીને 83,450 પર બંધ: નિફ્ટીમાં 42 પોઈન્ટનો વધારો, બેંકિંગ અને આઈટી શેરોમાં ખરીદી જોવા મળી

**મુંબઈ, તા.17**




17 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 173 પોઈન્ટ વધીને 83,450 પર બંધ થયો. નિફ્ટી લગભગ 42 પોઈન્ટ વધીને 25,725 પર બંધ થયો. આજે બેંકિંગ અને આઈટી શેરોમાં વધારો થયો હતો, જ્યારે મેટલ અને એનર્જી શેરોમાં ઘટાડો થયો હતો.

શરૂઆતી કારોબાર દરમિયાન કોચીન શિપયાર્ડના શેરમાં 7% થી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. કોચીન શિપયાર્ડને સંરક્ષણ મંત્રાલય તરફથી 5,000 કરોડ રૂપિયાનો ઓર્ડર મળ્યો છે. આ પછી, આ ડિફેન્સ PSU સ્ટોકે BSE પર 7.27% નો ઉછાળો આવ્યો અને 1,575 રૂપિયાના ભાવે પહોંચી ગયો.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.80% ઘટીને 56,354 પર ટ્રેડ થઈ રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી, હોંગકોંગનો હેંગસેંગ અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ આજે બંધ છે.

વિદેશી રોકાણકારો (FII) એ 16 ફેબ્રુઆરીના રોજ 972 કરોડ રૂપિયાના શેર વેચ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 1,667 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 2,346 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 11,443 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

શેરબજારમાં ગઈકાલે એટલે કે 16 ફેબ્રુઆરીએ તેજી રહી. સેન્સેક્સ 650 પોઈન્ટના ઉછાળા સાથે 83,277 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 212 પોઈન્ટનો વધારો રહ્યો, તે 25,683 પર બંધ થયો હતો.

# બિલ ગેટ્સ ઈન્ડિયા AI સમિટમાં સામેલ થશે: ફાઉન્ડેશને કહ્યું- આમંત્રણ રદ કરવાના અહેવાલો ખોટા, કાર્યક્રમ નિર્ધારિત સમય મુજબ યોજાશે

**નવી દિલ્હી, તા.17**

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સની ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં સામેલ થવા અંગેની મૂંઝવણ હવે દૂર થઈ ગઈ છે. ગેટ્સ ફાઉન્ડેશનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સ નિર્ધારિત સમય મુજબ જ સમિટમાં હાજરી આપશે.



અગાઉ આજે, 17 ફેબ્રુઆરીના રોજ વેબસાઈટ પર તેમનું નામ ગેસ્ટ લિસ્ટમાં નહોતું. પરિણામે, એવા અહેવાલો ફરતા થયા કે સરકારે તેમનું આમંત્રણ રદ કર્યું છે. કારણ એ હતું કે બિલ ગેટ્સનું નામ અમેરિકન ગુનેગાર જેફરી એપસ્ટીન સંબંધિત વિવાદાસ્પદ દસ્તાવેજોમાં સામે આવ્યું હતું.

જેફરી એપસ્ટીન એક અમેરિકન ફાઈનાન્સર હતો, જેના પર જાતીય ગુનાઓ અને સગીરાઓનું યૌનશોષણ કરવાના ગંભીર આરોપો હતા. 2019માં જેલમાં તેની આત્મહત્યા પછી, હાલમાં તેની સાથે સંકળાયેલા ઘણા ગુપ્ત દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા છે. જાન્યુઆરીમાં જાહેર થયેલી ફાઈલોમાં બિલ ગેટ્સનું નામ પણ સામે આવ્યું હતું.

આ ફાઈલોમાં દાવો કરવામાં આવ્યો છે કે એપસ્ટીન અને ગેટ્સ વચ્ચે ગાઢ સંબંધો હતા. દસ્તાવેજો અનુસાર, એપસ્ટીને કથિત રીતે ગેટ્સના એક્સ્ટ્રા મેરિટર એફેર અને અન્ય પર્સનલ પ્રવૃત્તિઓમાં મદદ કરી હતી. જોકે, બિલ ગેટ્સે હાલમાં એક ઈન્ટરવ્યુમાં આ મુલાકાતો પર અફસોસ વ્યક્ત કર્યો હતો. ગેટ્સે કહ્યું હતું કે એપસ્ટીન સાથે મુલાકાત એક મોટી ભૂલ હતી.

ઓસ્ટ્રેલિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં બિલ ગેટ્સે આ વિવાદ પર પોતાની સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે મેં એપસ્ટીન સાથે જે પણ સમય વિતાવ્યો, પણ મને તેનો પસ્તાવો છે અને હું તેના માટે માફી માંગુ છું. ગેટ્સ પહેલા પણ કહી ચૂક્યા છે કે તેમણે એપસ્ટીન સાથે ફક્ત ચેરિટી અને ફંડરેઝિંગના સંબંધમાં મુલાકાત કરી હતી, પરંતુ હવે તેઓ તેને એક મોટી ભૂલ માને છે.

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ અને ઓપન-એઆઈના સેમ ઓલ્ટમેન જેવા દિગ્ગજો સામેલ થઈ રહ્યા છે. સરકાર આ ઈવેન્ટ દ્વારા ભારતને ગ્લોબલ AI હબ તરીકે રજૂ કરવા માંગે છે. ગેટ્સના હટ્યા પછી હવે ટેક જગતની અન્ય મોટી હસ્તીઓ પર નજર રહેશે.

# ચાંદીનો ફુગ્ગો ફૂટ્યો, સોનું પણ ધડામ: ચાંદી 4 દિવસમાં 32,000 ઘટી, સોનાનો ભાવ પણ દોઢ લાખે આવ્યો....

**નવી દિલ્હી, તા.17**

17 ફેબ્રુઆરીએ ચાંદીના ભાવમાં સતત ચોથા કારોબારી દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,667 રૂપિયા ઘટીને 2,34,280 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ પહેલાં સોમવારે ચાંદીની કિંમત 2,40,947 રૂપિયા પ્રતિ કિલો હતી.



10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 2,903 રૂપિયા ઘટીને 1,51,195 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલાં સોમવારે એ 1,54,098 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જોકે છેલ્લા ચાર કારોબારી દિવસોમાં ચાંદી 32,169 અને સોનું 6,127 રૂપિયા સસ્તું થયું છે.

સોના-ચાંદી બજારમાં 29 જાન્યુઆરીએ સોનાએ 1,76,121 રૂપિયા અને ચાંદીએ 3,85,933 રૂપિયાનો ઓલટાઈમ હાઈ પર હતી. ત્યારથી અત્યારસુધી સોનું 24,926 રૂપિયા અને ચાંદી 1,51,653 રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી, તેથી શહેરોના ભાવ અલગ- અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયા હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

# ત્રીજા ત્રિમાસિકમાં કંપનીઓના સંયુકત ચોખ્ખા નફામાં 14 ટકાથી વધુ વધારો...

## બેન્કો તથા તેલ કંપનીઓની આવક વધતા કામગીરીમાં સુધારો

**મુંબઈ, તા.17**

વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં કોર્પોરેટના અર્નિંગ્સ આંકડા અપેક્ષા કરતા સારા જોવા મળ્યા છે.




ઓઈલ માર્કેટિંગ કંપનીઓ તથા બેન્કોની સારી કામગીરીને પરિણામે લિસ્ટેડ કંપનીઓના સંયુકત નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૧૪.૭૦ ટકા વધારો થવા પામ્યો છે, જે છેલ્લા આઠ ત્રિમાસિકમાં સૌથી ઝડપી વૃદ્ધિ છે.

૩૩૫૩ જેટલી લિસ્ટેડ કંપનીઓનો સંયુકત નેટ પ્રોફિટ (એડજસ્ટેડ) ત્રીજા ત્રિમાસિકમાં વધી રૂપિયા ૩.૯૭ ટ્રિલિયન રહ્યો છે જે નાણાં વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં રૂપિયા ૩.૪૭ ટ્રિલિયન રહ્યો હતો. નાણાં વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિકમાં આ આંક રૂપિયા ૩.૬૭ ટ્રિલિયન રહ્યો હતો એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું.

ક્રુડ તેલના નીચા ભાવ, રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજ દરમાં ઘટાડો તથા મેટલના ભાવમાં તેજીને કારણે આ ક્ષેત્રની કંપનીઓના નફામાં વધારો થવા પામ્યો છે.

જો કે નવા લેબર કોડને કારણે કંપનીઓએ એક સમય માટેની જોગવાઈ કરવાની ફરજ પડી હતી જેને પરિણામે મોટી કંપનીઓ જેમાં કર્મચારીઓની સંખ્યા ઘણી છે તેમના નફા પર અસર પડી હતી.

દરેક કંપનીઓનું મળી નેટ વેચાણ ત્રીજા ત્રિમાસિકમાં ૮.૯૦ ટકા વધ્યું છે જે ૧૧ ત્રિમાસિકનું સૌથી ઝડપી છે.

સમીક્ષા હેઠળની કંપનીઓનું નેટ વેચાણ રૂપિયા ૪૧.૧૭ ટ્રિલિયન (ધિરાણદારોના કિસ્સામાં વ્યાજ મારફતની આવક)રહ્યું હતું. નાણાં વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં આ આંક રૂપિયા ૩૭.૮૦ ટ્રિલિયન રહ્યું હતું.

# એક્ઝિબિટર્સને તેમના સ્ટોલમાંથી બહાર કાઢી મૂક્યા, સામાન પણ ચોરાયો

## AI સમિટમાં અવ્યવસ્થાથી અશ્વિની વૈષ્ણવે માફી માંગી, કોંગ્રેસે કહ્યું- મોદીની 'રીલ'ના ચક્કરમાં દેશની છબી ખરડાઈ

**નવી દિલ્હી, તા.17**

દિલ્હીના ભારત મંડપમમાં ચાલી રહેલા 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026'ના પહેલા દિવસે થયેલી અવ્યવસ્થા પર કેન્દ્ર સરકારે માફી માંગી છે. કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે 17 ફેબ્રુઆરીએ જણાવ્યું કે સમિટના પહેલા દિવસે અપેક્ષા કરતાં ઘણી વધારે ભીડ એકઠી થઈ, જેના કારણે લોકોને મુશ્કેલી પડી. અમે લોકોને થયેલી મુશ્કેલી માટે માફી માંગીએ છીએ.

સમિટના પહેલા દિવસે સોમવારે હજારોની સંખ્યામાં સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ, ટેક એક્સપર્ટ્સ અને વિદેશી પ્રતિનિધિઓ પહોંચ્યા હતા. ભારે ભીડ અને કડક સુરક્ષાને કારણે એન્ટ્રી પોઈન્ટ્સ પર લાંબી કતારો લાગી ગઈ હતી. ગ્લોબલ ટેક કંપનીઓના પ્રતિનિધિઓ અને ડેલીગેટ્સને કલાકો સુધી રાહ જોવી પડી.

સમિટના બીજા દિવસે પ્રેસ કોન્ફરન્સ કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ દુનિયાનો સૌથી મોટો AI સમિટ છે. ઈવેન્ટના પહેલા દિવસે જ 70 હજારથી વધુ લોકો કાર્યક્રમમાં પહોંચ્યા છે. હવે વ્યવસ્થા બરાબર છે, પરંતુ જો ગઈકાલે કોઈને મુશ્કેલી પડી હોય તો અમે તેના માટે માફી માંગીએ છીએ.

તેમણે કહ્યું કે સરકાર સૂચનો માટે તૈયાર છે અને અનુભવને બહેતર બનાવવા માટે એક 'વોર રૂમ' બનાવવામાં આવ્યો છે જે ચોવીસ કલાક કામ કરી રહ્યો છે. 'વોર રૂમ' એક એવું કંટ્રોલ સેન્ટર હોય છે જ્યાંથી આખા સ્થળની રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવે છે.

ઘણા પ્રદર્શકોએ ફરિયાદ કરી કે વડાપ્રધાનના આગમન પહેલાં સુરક્ષા તપાસના નામે તેમને તેમના જ સ્ટોલમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા.

સ્ટાર્ટઅપ 'નિયો સેપિયન'ના CEO ધનંજય યાદવે આરોપ લગાવ્યો કે સુરક્ષા તપાસ માટે જ્યારે તેમને સ્ટોલમાંથી બહાર મોકલવામાં આવ્યા, ત્યારે તેમના કિંમતી AI વિયરેબલ્સ ગાયબ થઈ ગયા.

રિસ્કિલના સ્થાપક પુનીત જૈન અને ઉદ્યોગસાહસિક પ્રિયાંશુ રત્નાકરે મેનેજમેન્ટ પર સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે વાઈ-ફાઈ, મોબાઈલ નેટવર્કની સમસ્યા અને રજિસ્ટ્રેશનમાં વારંવાર થતી મુશ્કેલીઓએ અનુભવ ખરાબ કર્યો. સ્થાપકોનું કહેવું હતું કે VIP મૂવમેન્ટને કારણે જે લોકો દેશનું AI ભવિષ્ય બનાવી રહ્યા છે, તેમને કલાકો સુધી બહાર ઊભા રાખવામાં આવ્યા.

સમિટમાં થયેલી અવ્યવસ્થા પર કોંગ્રેસે એક પોસ્ટ કરી છે. તેમાં લખ્યું છે- દિલ્હીમાં AI સમિટ થઈ રહી છે, પરંતુ ત્યાંની પરિસ્થિતિ ખૂબ જ ભયાનક છે. સમિટમાં મિસ-મેનેજમેન્ટથી સ્થાપકો અને પ્રદર્શકો ખૂબ જ પરેશાન છે. તેમનું કહેવું છે કે PM મોદીના આગમન માટે મેઈન હોલ ખાલી કરાવી દેવામાં આવ્યો અને પ્રદર્શકોને તેમના જ પેઈડ સ્ટોલમાંથી કાઢી મૂકવામાં આવ્યા.

આ બધું એટલા માટે થયું કારણ કે AI સમિટના પહેલા જ દિવસે નરેન્દ્ર મોદી પોતાના કાફલા સાથે ત્યાં ફોટા પડાવવા અને રીલ બનાવવા પહોંચી ગયા. આ દર્શાવે છે કે નરેન્દ્ર મોદીને ફક્ત પોતાની છબી ચમકાવવામાં રસ છે. વિશ્વ સ્તરે દેશની છબી બરબાદ થવાથી તેમને કોઈ ફરક પડતો નથી.

વિશ્વના સૌથી મોટા ટેક્નોલોજી ઈવેન્ટ્સમાંથી એક 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026'નું ઔપચારિક ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 16 ફેબ્રુઆરીના રોજ કર્યું હતું. આ ઈવેન્ટ 20 ફેબ્રુઆરી સુધી નવી દિલ્હીના ભારત મંડપમમાં ચાલશે. સમિટની સાથે સાથે 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સપો 2026'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.



એક્સપોમાં દુનિયાભરની કંપનીઓએ પોતાના લેટેસ્ટ AI સોલ્યુશન્સ રજૂ કર્યા છે. અહીં સામાન્ય લોકો જોઈ શકશે કે AI વાસ્તવિક જીવનમાં કેવી રીતે કામ કરે છે અને ભવિષ્યમાં AI થી ખેતી, આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં શું ફેરફારો આવવાના છે. સુંદર પિચાઈ, સેમ ઓલ્ટમેન જેવા ટેક દિગ્ગજો પણ ઈવેન્ટમાં સામેલ થઈ રહ્યા છે.

દિલ્હીના ભારત મંડપમમાં 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી 'AI ઈમ્પેક્ટ સમિટ 2026'ની અસર હવે સમગ્ર NCRના હોટલ ભાડા પર દેખાઈ રહી છે. માત્ર દિલ્હી જ નહીં, પરંતુ ગુરુગ્રામ, નોઈડા અને ફરીદાબાદની લક્ઝરી અને બિઝનેસ હોટલોનું ભાડું 3 ગણું વધી ગયું છે.

ગુરુગ્રામની 'ધ લીલા એમ્બિયન્સ'માં એક રાતનું ભાડું 6.15 લાખ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જે સામાન્ય દિવસોની સરખામણીમાં ત્રણ ગણું વધારે છે. આ મેગા ઈવેન્ટમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ અને ઓપન-એઆઈના સેમ ઓલ્ટમેન જેવા દિગ્ગજો ભાગ લઈ રહ્યા છે.

ભારે ડિમાન્ડને કારણે 18 ફેબ્રુઆરી માટે હોટલોએ પોતાના રેટ્સ 50% થી લઈને 300% સુધી વધારી દીધા છે. મેકમાયટ્રિપના ડેટા મુજબ, જે રૂમ માર્ચના પહેલા અઠવાડિયામાં સસ્તા મળી રહ્યા છે, તેમની કિંમત અત્યારે ઘણી વધારે છે.

સાયબર સિટી ગુરુગ્રામમાં વધતી માંગની સૌથી વધુ અસર પ્રીમિયમ હોટલો પર પડી છે. 'ધ લીલા એમ્બિયન્સ'નો પેનોરેમિક સ્યુટ 18 ફેબ્રુઆરી માટે 6.15 લાખ રૂપિયા (ટેક્સ સહિત)માં મળી રહ્યો છે, જ્યારે 9 માર્ચના રોજ આ જ સ્યુટ 1.9 લાખ રૂપિયાનો છે.

આ જ રીતે 'ધ વેસ્ટિન ગુડગાંવ'માં રોયલ સ્યુટનું ભાડું 2.10 લાખ રૂપિયા પહોંચી ગયું છે, જે સામાન્ય રીતે 90 હજાર રૂપિયાની આસપાસ રહે છે. 'લી મેરિડિયન'માં પણ કિંગ બેડ રૂમના ભાવ 25,000 થી વધીને 47,200 રૂપિયા થઈ ગયા છે.

ફક્ત ફાઈવ સ્ટાર જ નહીં, મધ્યમ શ્રેણીની બિઝનેસ હોટલોના ભાવ પણ બમણા થઈ ગયા છે. સેક્ટર 29 સ્થિત 'લેમન ટ્રી પ્રીમિયર'માં ડીલક્સ રૂમનું ભાડું 13,375 થી વધીને 26,563 રૂપિયા થઈ ગયું છે. સોહના રોડ સ્થિત 'રેડિસન હોટેલ'માં પણ રૂમ લેવા માટે હવે 12,951 ને બદલે 22,416 રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે. જાણકારોનું કહેવું છે કે દિલ્હીની હોટલો ફૂલ હોવાને કારણે લોકો ગુરુગ્રામ તરફ વળી રહ્યા છે.

ભાડામાં સૌથી વધુ ટકાવારીનો વધારો નોઈડામાં જોવા મળી રહ્યો છે. નોઈડાના 'સેવોય સ્યુટ્સ'માં ટ્વીન બેડ સ્યુટનું ભાડું 18 ફેબ્રુઆરી માટે 89,208 રૂપિયા છે, જ્યારે 9 માર્ચે તે 13,989 રૂપિયામાં ઉપલબ્ધ છે. એટલે કે અહીં ભાવ 6 ગણાથી પણ વધુ વધી ગયા છે. સેક્ટર 62ના 'બ્લૂમ હોટેલ'માં પણ ભાડું 6,000 થી વધીને 15,000 રૂપિયાને પાર કરી ગયું છે. સેન્ડલ સ્યુટ્સમાં પણ ભાવ બમણા થઈ ગયા છે.

દિલ્હીને અડીને આવેલા ફરીદાબાદમાં પણ હોટલોનું બુકિંગ ઝડપી છે. 'રેડિસન બ્લુ ફરીદાબાદ'માં સુપિરિયર રૂમનું ભાડું 15,611 થી વધીને 25,090 રૂપિયા થઈ ગયું છે. જ્યારે 'તાજ સૂરજકુંડ'માં પણ નજીવો વધારો જોવા મળ્યો છે, જ્યાં ભાડું 18,800 રૂપિયાની આસપાસ જળવાઈ રહ્યું છે. ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી સ્કિલ કાઉન્સિલના ચેરપર્સન જ્યોતિ મયાલનું કહેવું છે કે સમિટના કારણે ઈન્ટરનેશનલ ડેલિગેટ્સની સંખ્યા વધી છે, જેનાથી ઓક્યુપન્સી લેવલ ટોચ પર છે.

આ પહેલા સમાચાર આવ્યા હતા કે દિલ્હીની કેટલીક હોટલોમાં ભાડું 30 લાખ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આના પર ઈન્ફોસિસના પૂર્વ સીએફઓ મોહનદાસ પાઈએ નારાજગી વ્યક્ત કરી છે. તેમણે સોશિયલ મીડિયા (X) પર લખ્યું, '30 લાખનું ભાડું વાહિયાત છે. આ ભારતની છબી ખરાબ કરી રહ્યું છે. એવું લાગે છે કે જાણે આપણે વિદેશી મહેમાનોને લૂંટી રહ્યા છીએ. હોટેલ ચેઈનને એક 'કોડ ઓફ કન્ડક્ટ' બનાવવો જોઈએ.' તેમણે કહ્યું કે ભારતમાં રૂમની સંખ્યા દુબઈ અને ન્યૂયોર્ક જેવા શહેરોની સરખામણીમાં ઘણી ઓછી છે, જેને વધારવાની જરૂર છે.

ફેડરેશન ઓફ એસોસિએશન ઈન ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી (FAITH) ના બોર્ડ મેમ્બર અનિલ કલસીએ જણાવ્યું કે ભારતમાં હોટેલ રૂમની માંગ પુરવઠાની સરખામણીમાં ઘણી વધારે છે. તેમણે જણાવ્યું કે એરોસિટીના બીજા તબક્કામાં નવા રૂમ ઉમેરાઈ રહ્યા છે, પરંતુ તેમાં સમય લાગશે. સરકારે હોટેલ માલિકોને સરળતાથી મૂડી ઉપલબ્ધ કરાવવી જોઈએ અને હોટેલ શરૂ કરવાની મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવવી જોઈએ જેથી ક્ષમતા વધારી શકાય.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**બિન-ભાડા આવક અને પાર્કિંગ કરારો માટે ઈ-હરાજી સૂચના**

અમદાવાદ મંડળના બિન-ભાડા આવક અને પાર્કિંગ કરારો માટે ઈ-હરાજી અંગેની સૂચના. કેટલોગ પહેલેથી જ IREPS પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે, તથા સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

| કેટલોગ નં. | કરાર નો પ્રકાર | શ્રેણી | ઈ - હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-28-25 | પાર્કિંગ | રેડીઓ ટેક્ષી | લોટ્સ માટેની ઈ-હરાજી તારીખ 02.03.2026 ના રોજ 11:00 વાગ્યે શરૂ થશે. |
| | આઉટ ઓફ હોમ | હોર્ડિંગ્સ | |
| | વિવિધ સ્ટેટિક સેવાઓ | બોટલ ક્રશિંગ મશીન<br>કેફેટેરિયા<br>રેલ કોચ રેસ્ટોરન્ટ | |

**નોંધ:** 1. બોલીદાતાઓ નોંધણી અને ભાગીદારી માટે **IREPS (www.ireps.gov.in)** ના ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલ પર જઈ શકે છે. 2. લોટવાર વિગતો આવનારી ઈ - હરાજીઓ (ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: અમદાવાદ મંડળ - વાણિજ્ય) હેઠળ ઉપલબ્ધ છે. 3. પ્રારંભિક ફૂલિંગ-ઓફ પીરીયડ 30 મિનિટ છે. 4. ક્રમિક લોટ સમાપ્તિ અંતર 10 મિનિટ છે. 5. કોઈપણ સ્પષ્ટીકરણ માટે બોલીદાતા srdcm@adi.railnet.gov.in પર અથવા 9724093968 પર સંપર્ક કરી શકે છે.

ADI 276

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# વિધાનસભામાં ગુજરાત દુકાન-સંસ્થા અને જમીન સુધારા વિધાયક સર્વાનુમતે મંજૂર...

## ગુજરાત વિધાનસભાના આંઠમાં સત્રના બીજા દિવસે સુધારા વધાયકો પર પસાર કરવામાં આવ્યા

**ગાંધીનગર, તા.17**

ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.



મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, 2019માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં 365 દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઇ કરવામાં આવી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

આજના આધુનિક સમયની માંગ મુજબ અને ઇઝ ઑફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, 2019માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું છે.

આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ 10 કે તેથી વધારે કામદારોને બદલે હવે 20 કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦થી ઓછા શ્રમયોગીઓ-કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે.

કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં 9 કલાકથી વધીને 10 કલાક કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ 5 કલાકથી વધીને 6 કલાક કરવામાં આવી છે.

ઓવરટાઈમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ 125 કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ 144 કલાક કરવામાં આવી છે, જેનાથી ઉત્પાદકતામાં વધારો થશે. ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થશે.

### મહિલાઓનું યોગ્ય રક્ષણ સલામતી જળવાઇ રહે તેવી કાયદામાં જોગવાઇ

દમહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના 9 કલાકથી સવારના 6 કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.

# સિંગલ યુઝ પ્લાસ્ટિક પકડાશે તો કડક કાર્યવાહી કરાશે, અમદાવાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બનાવનાર ફેક્ટરી 15 દિવસ સીલ કરાશે.....

- રીટેલ વેપારીઓ પાસેથી 100 કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો 10 દિવસ દુકાન સીલ કરવા નિર્ણય

**અમદાવાદ, તા.17**



અમદાવાદમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશને લઈ કડક કાર્યવાહી કરવા નિર્ણય કરાયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બનાવનાર ફેક્ટરી પકડાશે તો ઉત્પાદન કરનારી ફેક્ટરી ૧૫ દિવસ સીલ કરાશે. રીટેલ વેપારી પાસેથી ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો ૧૦ દિવસ દુકાન સીલ કરાશે.હેલ્થ કમિટીએ શહેરને પ્લાસ્ટિક ફ્રી બનાવવા પ્લાસ્ટિકની થેલીઓ વાપરનાર ફેરીયાઓ પાસેથી એકથી પાંચ હજાર રુપિયા સુધીનો દંડ વસૂલવા મંજૂરી આપી છે. પ્રતિબંધિત પ્લાસ્ટિકનુ ઉત્પાદન કરનારા એકમો પાસેથી પેનલ્ટી વસૂલ કરવામા આવશે.

ગુજરાત હાઈકોર્ટના આદેશના પગલે શહેરમાં પર્યાવરણની જાળવણી માટે પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉત્પાદન અને વપરાશ સામે કડક કાર્યવાહી કરવા નિર્ણય લેવામા આવ્યો છે. હેલ્થ કમિટીના ચેરમેન જશુભાઈ ઠાકોરના કહેવા પ્રમાણે, હાઈકોર્ટ દ્વારા આપવામા આવેલા પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગેના સુચનોને ધ્યાનમાં રાખીને ફેરીયાઓ પાસેથી પ્રથમ વખત પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો રુપિયા એક હજાર, બીજી વખત પકડાશે તો રુપિયા ત્રણ હજાર અને ત્રીજી વખત પકડાશે તો રુપિયા પાંચ હજાર દંડ કરવામાં આવશે. હેલ્થ કમિટી સમક્ષ મંજુરી માટે મુકાયેલી દરખાસ્તમાં સુધારો કરી કોર્પોરેશન હદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનુ ઉત્પાદન કરનારા એકમો તથા સો કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો રાખનારા વેપારી પકડાય તો ૧૦ દિવસ દુકાન સીલ કરી પેનલ્ટી કરવા મંજૂરી આપવામા આવી હતી.

પ્લાસ્ટિક રુલ્સ-૨૦૧૬ મુજબ તમામ ધંધાર્થીઓ અને ફેરીયાઓ ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓ કે ૬૦ ગ્રામ પર સ્કવેરમીટરથી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગનો વપરાશ કરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ હોવાથી વાપરી શકાશે નહીં.

# ગુજરાતમાં હવામાનની આગાહી: હજુ 10 દિવસ રહેશે મિશ્ર સિઝન, દિવસ-રાતમાં 18 ડિગ્રીનો તફાવત

**અમદાવાદ, તા.17**



વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરોને લીધે અમદાવાદમાં મિશ્ર ઋતુનો અનુભવ યથાવત્ રહ્યો છે. અમદાવાદમાં ગઈકાલે મહત્તમ તાપમાન 34 ડિગ્રી અને લઘુતમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.


અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં 2.9 ડિગ્રીનો વધારો નોંધાયો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઉત્તર ભારતમાં સતત સર્જાતાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે ત્યાં વરસાદ અને હિમવર્ષા થાય છે, જેના પરિણામે ફૂંકાતા ઠંડા પવનોની અસર છેક ગુજરાત સુધી જોવા મળે છે.

રાત્રિ દરમિયાન ઉત્તર તરફથી ફૂંકાતા પવનોને લીધે ઠંડી અને દિવસે તેજ સૂર્યપ્રકાશ તથા સૂકી હવાને કારણે ગરમીનો અનુભવ થાય છે. આ પલટાતા હવામાનને લીધે દિવસ અને રાત્રિના તાપમાનમાં 15થી 17 ડિગ્રી જેટલો મોટો તફાવત જોવા મળી રહ્યો છે.

જોકે, સત્તાવાર રીતે હજુ શિયાળો પૂર્ણ થયો નથી અને ઉનાળાનું આગમન થવાની તૈયારીમાં છે. હવામાન વિભાગના મતે, આગામી 20 ફેબ્રુઆરી બાદ ઠંડીના પ્રમાણમાં ક્રમશઃ ઘટાડો થવાની શક્યતા છે.

# ક્રિપ્ટો કરન્સીના નામે 100 લોકોને ચૂનો લગાડનાર અમદાવાદથી ઝડપાયો

**અમદાવાદ, તા.17**




ક્રિપ્ટોકરન્સીના નામે રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી આચરનારા તત્વો સામે લાલ આંખ કરતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. મુંબઈના દહિસર વિસ્તારમાં 100થી વધુ રોકાણકારો સાથે છેતરપિંડી કરી રફુચક્કર થઈ ગયેલા વોન્ટેડ આરોપી સુજીત શંકરરાવ જાદવને અમદાવાદ એરપોર્ટ પરથી દબોચી લેવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ધરપકડ કરાયેલ 47 વર્ષીય આરોપી સુજીત જાદવ, જે વ્યવસાયે સોફ્ટવેર પ્રોફેશનલ છે, તે છેલ્લા બે વર્ષથી પોલીસની પકડથી દૂર હતો. તેની સામે મુંબઈના દહિસર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (MPID)એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો. તે મૂળ મહારાષ્ટ્રના સતારાનો વતની છે પરંતુ હાલમાં અમદાવાદના નરોડા વિસ્તારમાં આશ્રય લઈ રહ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું છે કે, વર્ષ 2021માં જાદવે તેના સહયોગીઓ સાથે મળીને દહિસરમાં એક ઓફિસ શરૂ કરી હતી. તે ચલણ રોકાણ પેઢીના નામે લોકોને લાલચ આપતો હતો. આ ઉપરાંત રોકાણ કરેલી રકમ પર ટૂંકા સમયમાં 4 ગણું વળતર આપવાનું વચન. આ માયાજાળમાં ફસાઈને 100થી વધુ લોકોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. ભંડોળ એકઠું થયા બાદ આરોપીઓ ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ટેકનિકલ સર્વેલન્સ અને મુંબઈ પોલીસ સાથેના સંકલનથી બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી એરપોર્ટ પર આવવાનો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને જાદવ જેવો એરપોર્ટ પહોંચ્યો કે તરત જ તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# સરકાર જાહેરનામું બહાર પાડી મહિલાઓને રાતપાળીમાં બોલાવવા પર રોક લગાવી શકશે

## આરામ માટેના રૂમ, શૌચાલય,ઘોડિયાઘરની સુવિધાના આપે તો જ રાતપાળીમાં મહિલાઓને બોલાવવા દેવાશે

**અમદાવાદ, તા.17**

ગુજરાત સરકારને યોગ્ય લાગે તો જાહેરનામું બહાર પાડીને મહિલાઓને રાતના નવ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધીના ગાળામાં એટલ ે કે રાતપાળીમાં નોકરી પર આવવાની ફરજ ન પાડી શકે તેવી જોગવાઈ દાખલ કરી શકશે. તેમ જ મહિલા કામદારોના રોજગાર પર નિયમન કરી શકશે, એમ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે બહાર પાડેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)અધિનિયમ ૨૦૧૯માં સુધારા જાહેર કરતો વટહુકમ બહાર પાડયો છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સહી સાથે આજે આ વટહુકમ બહાર પાડવામાં આવ્યો છે. વટહુકમમાં સમાન કામ માટે સમાન વેતન આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.



જોકે મહિકાલ કર્મચારીઓને નોકરી આપતી દુકાનો, સંસ્થાઓમાં આરામ માટેના રૂમ,રાત્રિ ઘોડિયાઘર, મહિલાઓ માટેના અલગ શૌચાલય તથા તેમના ગૌરવ, સન્માન, અને સલામતીની કાળજી રાખે તેમ જ જાતીય સતામણીથી રક્ષણ આપે તેવી સુવિધાઓ આપતી સંસ્તાઓને રાતપાળીમાં મહિલાઓને બોલાવવાની છૂટ આપવામાં આવશે. આ સંસ્થાઓએ રાતપાળીમાં આવતી મહિલાઓને સંસ્થાની ઈમારતથી માંડીને મહિલના ઘરના બારણાં સુધી મૂકી આવવાની વ્યવસ્થા ઊભી કરવી ફરજિયાત હોવાનું વટહુકમમાં જણાવવામાં આવ્યું છે. ઉપરોક્ત તમામ સુવિધાઓ ધરાવતી સંસ્થાઓ કે દુકાનો જ મહિલાઓને રાત્રિપાળીમાં કામ કરવા માટ મહિલાઓને બોલાવી શકશે.

આ સાથે જ રોજના કામકાજના કલાક નવથી વધારીને દસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહિલાઓ માટે નોકરીની વધુ તક નિર્માણ કરવાના હેતુથી કાયદામાં પ્રસ્તુત સુધારાઓ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વીસથી વધુ કર્મચારીઓ કે કામદારોને રાખતી સંસ્થાઓ માટે આ નિયમ લાગુ કરવામાં આવ્યા છે. તેમ જ કોઈપણ ત્રિમાસિક ગાળામાં કામદાર પાસે કરાવવામાં આવતા ઓવર ટાઈમના કલાક ૧૪૪થી ન વધે તેની તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે. પહેલા આ મર્યાદા ૧૨૫ કલાકની હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર